## સોરઠો.

હલહરથી લે હર્ષ, કીંમત શી કેશરતણી
કરે નહીં જ્યાં સ્પર્શ, વર્ષ વિતે શત તોય પણ !

---

શ્રમ શતગુણુ કરીયે કદી
સત્વર સુફલિત થાય;
જ્ઞાતા ને ગુણુ નિધિ મળે
કો વિદ કીર્તિ કમાય.
પણુ પથ્થર પાસે કહો,
રત્ન શોં રિત પરખાય.
કિરાત કર ચંદન મળે
ઇંધન કરિ હરખાય.

( ૯ )

જય જય ભૂમિ આ લાટ
ગુર્જરોનો લાટ-રાટ તે
ભલી થઈ ગુજરાત.
લાટ-લાડ ને લાડ વણિકો
લાટી રીત ભલિભાત
ઠામ ઠામ સાહિત્ય ક્ષેત્રમાં
ભલી ભૂમિ છે લાટ
જૂઓ ખરેખર જાત
લાટ-લાડ વિખ્યાત-જય જય ભૂમિ
આ લાટ.

શાર્દૂલવિક્રીડિત.

જે બંધુજન આર્યભૂમિ વિષયે જ્ઞાતિ કુલોત્પન્ન છે,
વિદ્યા શૌર્ય સુશીલતાદિ ગુણથી જેઓ સુસંપન્ન છે;
જેઓ જ્ઞાતિતણા પ્રસિદ્ધ નર છે-અગ્રેસરો જે વળી,
તેવા સજ્જન લાડબંધુ વિરને અર્પું છું પુષ્પાંજલી

સદ્ગુણસંપન્ન રાજરત્ન મગનભાઈ પુરૂષોતમભાઈ

હરીભક્તિવાળા નગર શેઠ સાહેબ.



આ નામાંકિત સજ્જનનો પ્રાચીન ઇતિહાસ.

પ્રકરણ-૮માં છે.

The Bombay Art Printing Works, Fort.

# સમર્પણ.

**સકલ સદ્ગુણાલંકૃત રાજ્યરત્ન**

## મગનભાઈ પુરૂષોત્તમભાઇ (હરિભક્તિવાળા)

**નગરશેઠ સાહેબ. શુભ નિવાસ—વડોદરા.**

શ્રીમન્ મહાશય— હરિગીત.

મધમાં ન જે માધુર્ય તે, નિજ વાણિમાં બહુધા દિસે,
ઇક્ષુથી પણ વિશેષ રસ જો, જેની જીહ્વામાં વસે;
દ્રાક્ષાદિ રસ પણ નિરસ છે, જ્યાં આપની વિલસે ગિરા,
છે ધન્ય હરિભક્તિ ! ભલાઈ, લીધી છે સઘળે વીરા. ૧

ઉત્સાહી છો વિશેષ આપે, જ્ઞાતિના ઉત્કર્ષમાં;
રૂડા કરો છો યત્ન હિત, વધારવાના હર્ષમાં;
ઉદાર છો, દિનબંધુ છો, સાહિત્યના શોખીન છો,
વ્યવહાર નીતિનિપુણ છો, ધર્માર્થ કાર્ય વિલીન છો. ૨

સુવર્ણ ને સુગંધ જ્યાં, ઉભય મળ્યાં એકજ સ્થળે,
તે લાભ જે જન લે નહિ, તે મૂર્ખમાં આવી મળે.
છે આપનો લાભો મને, વિદ્વત્ સમાગમ દુર્લભ,
તે લાભ આ સમયે લઈ, કૃત કૃત્ય માનું વલ્લભ. ૩

**શ્રી લાડ જ્ઞાતિ** કેરૂં આ પુસ્તક રચ્યું યત્ને કરી,
તે ધારી ધારી વધારિયું, વિધવિધ સંશોધન કરી.
એ ખાસ આજે આપને, **અર્પણ** કરૂં ઉત્સાહથી,
સ્વીકારશો સદ્ભાવથી, પૂરા પ્રભુત્વ પ્રભાસથી. ૪

સોરઠો.

દિનદિન પ્રત્યે મગ્ન, મગનભાઈ મનમાં રહો;
સદ વિદ્યા શું લગ્ન, રહો રંગથી સર્વદા. ૫

આપશ્રીની લોકોપકૃતિ અદ્વિતીય છે, વ્યવહારિક સર્વસામાન્ય દૃષ્ટિ અપ્રતિમ છે, દેશની, રાજ્યની, જ્ઞાતિની ઉન્નતિ કરવામાં મહત્પરિશ્રમશીલ છો, આવા અનેક અગ્રગણ્ય સદ્ગુણોથી આકર્ષાઇ આ બાલ પુસ્તક આપનાજ કરકમલમાં સમર્પી પરિતોષ પામું છું.

વડોદરા. લાડવાડા.
તા. ૨૭—૬—૧૯૧૧

લી. આજ્ઞાંકિત
નમ્ર સેવક
**પુરૂષોત્તમ લલ્લુભાઈ મહેતા.**

# પૂર્વપીઠિકા.

"विद्या नाम नरस्य रुपमधिकं प्रच्छन्न गुप्तं धनं
विद्या भोगकरी यशः सुखकरी विद्या गुरुणांगुरुः ।
विद्या बंधुजनो विदेशगमने विद्या परं दैवतं
विद्या राजसु पूजिता नतु धनं विद्या विहीनः पशुः"॥

અર્થ—વિધાજ મનુષ્યને મોટું રૂપ છે, અતિ ગુપ્ત ધન છે, વિધા ભોગ આપનારી છે, કીર્ત્તિ અને આનંદ આપનારી છે, વિધા ગુરૂની પણ ગુરૂ છે, વિધાજ પરદેશમાં ભાઈની પેઠે હિતકરનારી છે, અને દૈવત પણ વિધાજ છે, રાજાઓ પણ વિધાનીજ પૂજા કરે છે, પણ ધનની પૂજા કરતા નથી, માટે વિધારહિત પુરૂષ પશુજ છે, એટલા માટે પશુપણુ દૂર કરવા સારૂ વિધાજ અવશ્ય મેળવવી જોઇએ. ભ. ની. શ ૨૦

"Nuptial love maketh mankind, friendly love perfecteth it, but wanton love coraupeth and embaseth it." *Lord Bacon.*

"કોઇ પણ વ્યક્તિ તરફ વિશુદ્ધ અને તીવ્ર સ્નેહથી કોઇ અજબ ભાવના ઉત્પન્ન થાય છે."

"આ જીવનમાં આવતાં દુઃખોથી, જે નિઃસત્વ બની સભય પાછો ફરે છે, જે કંઇ પણ વિરૂદ્ધતા સામે ટકી શકતો નથી, જે વ્યવસાય અથવા પરિશ્રમ સહન કરી શકતો નથી, તે પોતાના ધંધામાં નિષ્ફળ રહે છે; તેમજ મનુષ્ય જાતિના સામાન્ય કલ્યાણમાં સાહાય્યકારી થતો નથી" "સ્લેજલ"

આજકાલ જ્ઞાતિઓનાં મૂળ અને તેમની પ્રાચીન હકીકતની તપાસ કરવાનો શોખ વિદ્વજ્જનોમાં દિનપ્રતિદિન વધતો જતો

જોઇ મારી સ્વજ્ઞાતિની હકીકત ભેગી કરવામાં પ્રવૃત્તિ થઇ અને તેને પરિણામે આ લઘુગ્રંથ લાડ બંધુઓના સમક્ષ મૂકવા શક્તિમાન થયોછું.

લાડ વાણિયાની પ્રાચીન હકીકતની નોંધ બહુજ સંકુચિત હોવાથી શોધખોળથી જેટલી મળી શકી તે ઉપરથી આ પુસ્તક લખવામાં આવ્યું છે. વસ્તુતઃ લાડવણિકની પ્રાચીન સાંસારિક, ધાર્મિક, નૈતિક અને રાજકિય સ્થિતિ-સંબંધનો ચિતાર આ પુસ્તકમાં હોવો આવશ્યક છે, તેમ છતાં બનતા પ્રયાસે હકીકત એકઠી કરી બંધુજન સમક્ષ મૂકવામાં આવી છે. આવાં પુસ્તકોમાં પાઠાંતર અથવા મતભેદ હોય એ સ્વાભાવિક છે, તેથી તેવો પ્રકાર જણાતાં વાંચનાર દરગુજર કરશે અથવા હકીકત લખી જણાવશે તો પુનઃ પ્રસંગ આવતાં યોગ્ય સુધારો કરી લેવામાં આવશે.

પ્રાચીન લાડ સમાજ-સંસ્થામાં વ્યાપારી અને રાજકિય હિલચાલ આગળ પડતી જણાય છે. વિદ્યા કે સાહિત્યનો શોખ તેમને નહિ જેવોજ હતો એમ કહીશું તો અતિશયોક્તિ નથી- એમ છતાં પણ ભૂમિપરત્વે અન્યજ્ઞાતિય પુરૂષો સાહિત્યના શોખીન હોવાથી તેમની ભૂમિ-કહીશું કે આપણી ભૂમિ સાહિત્યમાં એક ખાસ નામ તરીકે પ્રખ્યાત થઈ પડી છે, જે વાંચનારને સહજ જાણવામાં આવશે.

આ પુસ્તકમાં લાડ વણિકની હાલની સ્થિતિ બતાવી પ્રાચીન સ્થિતિ સાથે મુકાબલો કરી તેમાં શું શું સુધારા કરવા એ બાબત સવિસ્તર વર્ણન કરવાનો વિચાર હતો, પરંતુ જ્ઞાતિના જૂદા જૂદા એકડામાં જૂદા જૂદા રીતરિવાજ હોવાથી, તેમ એ પ્રમાણે કરવામાં કેટલીક અડચણો આવી પડવાનો સંભવ જણાયાથી માત્ર ટુંકામાં છેલ્લા પ્રકરણથી સામાન્ય દ્રષ્ટિથી ઈસારો કરવામાં આવ્યો છે.


છેલ્લે આ પુસ્તક લખવામાં મારા પરમ મિત્ર મિ. ભોગીલાલ ભીખાભાઇ ગાંધીએ ઘણી મહેનત લીધી છે. અને પેટલાદ શ્રીયુત રા. રા. હીરાલાલ વ્રિજભુખણદાસ શરાફ સાહેબે-મિ. માણેકલાલ દામોદરદાસ ખાટા શેઠ સા. બે તેમજ વડોદરાના રા. રા. ડાહ્યાભાઇ

મગનભાઇ ( હરીભક્તિવાળા ) શેઠ સા. બે; મેહરબાન જેશંકર પ્રેમાનંદ જોશી. પેટલાદ વિ. ડેપ્યુટી. એ. ઈ. સા. બે તથા રા. રા. રણછોડલાલભાઇ વડોદરા ( ઝવેર લક્ષ્મીચંદની ) મીલના હેડકલાર્ક સાહેબે, આ પુસ્તક સંબંધી કેટલીક હકીકતો મેળવી આપવામાં, તથા પુસ્તક છપાવવા ધૈર્ય અને તન-મનથી મદદ આપી આ લઘુગ્રંથ માટે ઊંચો મત મત દર્શાવ્યો છે, અને એ સિવાય અન્ય, પેટલાદના રા. રા. રણછોડદાસ વરજીવનદાસ શેઠ, સુરતના મે. રા. બા. ઇચ્છારામભાઈ ડેપ્યુટી ત્રીજોરી ઓફીસર સા. રા. રા. બીજભાઇ છગનલાલ શેઠ રા. રા. વનમાળીદાસ નાગરદાસ શેઠ. ઈત્યાદી સાહેબોએ પણ આ લઘુ પુસ્તક માટે ઉત્તમ હેતુ ધરાવી પોતાનો સંતોષ પ્રદર્શીત કર્યો છે. તે સઘળાં અભિપ્રાયો આ સ્થળે પ્રથક પ્રથક જણાવીએ તો વાંચક જનોનો અમુલ્ય ટાઇમ ખોટો થાય. એમ ધારી અંતે તે સર્વે સાહેબોના કરેલા પ્રયત્ન માટે આ સ્થળે આભાર માનવામાં આવે છે. મારા આ પ્રયત્નથી ઈષ્ટ હેતુ સફળ થશે તો તેથીજ મને સંતોષ થશે.

રથયાત્રા તા. ૨૭-૬-૧૧ — લેખક

વડોદરા—લાડવાડા. — પુરૂષોત્તમ લલ્લુભાઇ મહેતા.





અમદાવાદ
નડિયાદ
પેટલાદ
બોરસદ
કાલોલ
ખંભાત
બડોદરા
ડભોઈ
સંખેડા
બહાદરપુર
શુકલતીર્થ
ભરુચ
અંકલેશ્વર
નાંદોદ
રતનપુર
કડોદ
કઠોર
સુરત
કામરેજ
સોનગઢ
સચીન
વ્યારા
બલેશ્વર
નવાપુર
મહુવા
નવસારી
ગણદેવી
બીલીમોરા
વલસાડ
અહમદનગર
મુંબઈ
પુના
મૈસુર
મદ્રાસ
ઉ
ઈ
પૂ
અ
દ
ન
પ
વા
લાડ જ્ઞાતિનો
સ્થળ બોધક
(નકશો.)
રેલવે.
નદી.

# લાડ અવલોકન.

## પ્રકરણ ૧ લું.

### લાટ—લાડ.

**હરિગીત છંદ.**

જો ઉત્તરે સુરાષ્ટ્ર છે, ને દક્ષિણે મહારાષ્ટ્ર છે,
વચ્ચે રહ્યો આ રાષ્ટ્રનો, પ્રદેશ સૌથી શ્રેષ્ઠ છે;
એ રાષ્ટ્ર સંજ્ઞા રાટ કે જે લાટ—લાડ રૂપે થઇ,
વિધ વિધ સમાજ કલા અને સાહિત્યમાં સ્ફુટિત થઈ. ૧

લાટ—લાડ, લાટ દેશની સમૃદ્ધિ-બરીગાઝા, રાટકનેર, ગુજરાતી લાડવાણીઆ; લાટ અને તેના રૂપાંતરો. લાટ એ દેશ તરીકેનું નામ છે. રાષ્ટ્ર—રાટને બદલે લાટ નામ લાડકામ પડયું છે. એ દેશ પવિત્ર નર્મદા નદીની ઉત્તર દક્ષિણે હતો, અને ઠેઠ સુરાષ્ટ્રની હદ ઉપર ખંભાતના અખાતને નાકે પહોંચ્યો હતો. એની મૂળ રાજધાની સિંહપુર-સિહોર હતું. જે સિંહલ રાજાએ વસાવ્યું હતું. સિંહલનો પુત્ર વિ-

જય સિહોરથી ઘોઘા માર્ગે લંકા ગયો. ત્યાંના રાજાએ તેને કન્યા પરણાવી. અને પોતાના બાપ સિંહલના નામ ઉપરથી વિજયે લકાને સિંહલગઢ નામ આપ્યું. લંકાના મહા વંશો નામના પ્રખ્યાત ઇતિહાસમાં આ હકીકત મળતી આવે છે. લંકાની લાડી અને ઘોઘાનો વર એવી પણ કહેવત ચાલે છે. ( ઇ. સ. પૂ. સૈ. ૫–૬. )

લાટનું રૂપાંતર લાર થયું હતું. અને એ શબ્દ અરબી અને મુસલમાન ગ્રંથકારોએ તથા ચીના લેખકોએ સાતમાથી તેરમા સૈકા લગણ ઉપાડી લીધું છે. ઇ. સ. ૧૫૦ માં ટોલેમીના નકશામાં Larike નામ આપ્યું છે તે લાટક ઉપરથી હશે. માર્કોપોલો પણ લાર નામ ઇ. સ. ૧૨૭૦ માં લખે છે. આ પ્રમાણે લાર નામ ટોલેમીના ગ્રીક નામ Larike ઉપરથી ગ્રંથકારોએ ઉપાડી લીધેલું જણાય છે. કર્નલ ટૉડ લાર નામ આપે છે અને તે સ્વતંત્ર રજપુત જાત જણાવે છે અને વળી વધારામાં જણાવે છે કે એ લારજાતને કુમારપાળ રાજાએ રાજ્યમાંથી કાઢી મુકી તેથી તે દક્ષિણમાં ગઇ અને શિલાર–સુલાર તરીકે ઓળખાઇ. આ લારને અને લાડવાણીઆને શો સંબંધ છે તે આગળ જણાવવામાં આવ્યું છે. પરંતુ લાર અને શિલાર–શિલાહારને શો સંબંધ છે તે ચોક્કસ થઇ શકતું નથી. કદાચ એ સ્વતંત્ર જાત હોય.

ઇ. સ. ૩–૪ સૈકા પહેલાં લાટ નામ વપરાએલું નથી. તે પહેલાં એ ભાગ અપરાન્તમાં આવી જતો. ઇ. સ. ૧૨૦૦ સુધી એ નામ બહુ વપરાશમાં આવેલું જણાય છે, સિદ્ધરાજના વખતમાં એ નામ વપરાતું હતું. ત્રીજા સૈકામાં કામસુત્ર નામના ગ્રથમાં કાત્સ્યાયને લાટ નામ વાપર્યું છે. અને એમ જણાવ્યું છે કે તે માળવાની પશ્ચિમે છે.

ઇ. સ. પૂર્વે લાટદેશ નર્મદાને મહીની ઉત્તરે કાઠિયા-ડની સરહદ સુધી હતો. **मही नर्मद्योरन्तर्काले लाट देशे** એમ કેટલાક તામ્રપત્રોમાંથી મળે છે; એટલે મહી નદી અને નર્મદા વચ્ચેનો કાન્હમ્ ( કૃષ્ણમ્ ) જીલ્લો તેટ-લો જ લાટ દેશ. હાઉસન સાહેબ કહે છે કે તે ખાનદે-શનો પણ કંઇક ભાગ છે, પણ મહી નદી નીચેનો છે. પાછળથી વલસાડ ને પારડી સુધી લાટ દેશની સીમા વધીને તાપીને દક્ષિણે જતી ગઇ તેમ તેમ તેની સીમામાં ફેરફાર પડતો ગયો છે. કોંકણની હદ અસલ તાપી નદી સુધી હતી. હાલ પારડી ને દમણ સુધી ગુજરાતની હદ લંબાવવાથી ઉત્તર કોંકણનો આરંભ થાય છે, તો પણ કોંકણ કાંઠાનો દમણથી ચોલરેવદંડા સુધીનો પ્રદેશ અડધો ગુજરાતી જેવો છે. કેટલાક પ્રાચીન તથા અર્વાચીન લખાણોમાં લાટ દેશ અને ગુજરાતની હદ છેક ચોલ લગણ ગણી છે. વળી સોપારા, કલ્યાણ, થાણા, મુંબઇ, અલીબાગ, ચૌલ અને રેવદંડા એ સર્વ ઠેકાણે ગુજરાતની ભાષા બોલનારી પ્રજા-ની હજી મોટી વસ્તી છે.

જેમ જેમ રાજ્યક્રાંતિ થઇ ગઇ તેમ તેમ સીમામાં પણ ફેર પડતો ગયો છે. તોપણ મહી અને નર્મદા નદીની વચ્ચેના મુલકને શુદ્ધ લાટ દેશ કહેતા એમાં જરા પણ સંશય રહ્યો નથી. પછી રાષ્ટ્રિય સીમા પ્રમાણે તેની હદ્દ કેટલેક પ્રસંગે નર્મદાની દક્ષિણે તાપી સુધી પણ જતી અને મહીની પાર હાલના ખેડા જીલ્લા સુધી પણ લંબાતી. આ ઉપરથી કેટલાક ગ્રંથકારોનો મત સાધારણતઃ એવો થાય છે કે લાટ દેશમાં સુરત, ભરૂચ, અને ખેડા જીલ્લાનો તથા વડોદરા પ્રાંતનો થોડોક ભાગ એટલાનો સમાવેશ થાય છે

# લાટ દેશની સમૃદ્ધિ.

## મંદાક્રાંતા.

જોતાં તારાં નયન ઠરશે, દેશ એ રમ્ય સારો;
જાતાં ત્યાંથી અવિરલ સખે, આમ્રનાં વૃક્ષવાળો —૧
ક્ષેત્રે ક્ષેત્રે સ્થિતિ કરી રહી, લીલિ લક્ષ્મી નિહાળી;
**લાટશ્રી**નો સહજ મનમાં, ખ્યાલ લેજે ઉતારી—૨

લાટ દેશનાં મુખ્ય બે શહેર ગણાતાં—ભરૂચ) બરીગાઝા, ભૃગુકચ્છ, ભૃગુપુરી, અથવા પુરી) અને રાંદેર.

ભરૂચમાં બાક્ટ્રિયન ગ્રીક રાજાઓ મિનેન્ડર અને એપોલોડોટસના જુના શિક્કાઓ ચાલતા હતા. તેમનો કાળ ઇ. સ. ૧૫૦ ની આસપાસનો ગણાય છે. આ બેઉ લાટ દેશ અને સુરાષ્ટ્રના રાજાઓ હતા. જુનાગઢમાં પણ એ શિક્કા ઘણા મળી આવે છે. મિનેન્દ્રની રાજધાની જુનાગઢમાં અને અપલદત્તની ભરૂચ હતી. જુનાગઢ અને સિહોર કરતાં પણ ભરૂચ વધારે પ્રાચીન છે. ભૃગુકચ્છ-( ભૃગુમુનિનો કિનારો તે ઉપરથી ભરૂચ નામ પડયું છે ) એ સિવાય ભરૂચનું બીજું નામ ભૃગુપુરી છે. ઇ. સ. પછી ચોથા પાંચમા સૈકામાં ગુજરાતમાં મૌર્ય અને નળ વંશના રાજા રાજ્ય કરતા હતા. તેમાંના મૌર્ય વંશની રાજ્યધાની ભૃગુપુરી હતું. તે એટલું તો પ્રખ્યાત હતું કે ભૃગુપુરીમાંથી ભૃગુ શબ્દ કાઢી નાંખી ફકત પુરી એટલે નગરી એ ભરૂચનું વિશેષ નામ થઇ પડયું હતું. નવમા સૈકામાં શિલાહાર વંશના રાજાઓની ઉત્તરની રાજધાની પુરી અને દક્ષિણની થાણા હતી.

ભૃગુપુર એ જુનું વેપારનું મથક છે. જુના મિસરના

લખનારાઓ તેને Barygaza Emporium કહે છે. આખા હિંદી મહાસાગરનાં ઇરાન, અરબસ્તાન, એડન, રાતો સમુદ્ર મિસર અને છેક યુનાનનાં બંદરો સાથે ઘણો મોટો વેપાર ખેડનારૂં મુખ્ય મથક ભરૂચ હતું. અને તેમાં વેપાર એટલો મોટો હતો કે આયાત અને નિકાસ પદાર્થોની વિગતવાર ટીપ ભરૂચના બંદર માટે જ ખાસ કરી મિસરના લખનારાઓએ ઇ. સ. પછી ૨૪૭ ના પેરિપ્લસના ગ્રંથમાં આપી છે. પેરિપ્લસ વધારામાં જણાવે છે કે "ભરતીનું જોર અચંબા ભરેલું હતું અને તેથી દરેક ખલાસીને અહીં બહુ સાવચેત રહેવું પડયું હતું. ઓટ પછી જમીન તરતજ સુકાઇ જતી. વળી મોઢી નદીનું મોં (નર્મદાનું) કે જ્યાં બરૂગાઝા આવેલું છે તે મુશ્કેલી વગર જડી શકે એમ નથી. કારણ કે તેનો કિનારો પહોળો અને અસંખ્ય ખાડાંવાળો shoals છે. જુલાઇ મહિનામાં ત્યાં મોટો મેળો ભરાતો હોવાથી તે માસમાં આવી પહોંચવાનો વેપારીઓનો વિચાર હતો." ઇ. સ. ૬૪ થી ૨૦૦ સુધી એ પશ્ચિમ એશિયા સાથેનું મોટું વેપારી શહેર ગણાતું; ખુસ્કીને રસ્તે ઉત્તરમાં સિંધ સાથે, પૂર્વમાં ઉજ્જન સાથે, અને દક્ષિણમાં નગર ( દોલતાબાદ ) અને પ્લીથન ( પૈઠણ ) સાથે વેપાર ચાલતો હતો. ગુપ્તના શિલાલેખોમાં ભરૂચનું બંદર તરીકે વર્ણન આપ્યું છે. સેંકડો વહાણોના કાફલાનું નૌકા યુદ્ધ ભરૂચના બારામાં થયું હતું. ભરૂચ એ માળવાનું મોટું બંદર ગણાતું હતું.

## રાંદેર-રાટકનેર.

એ પણ દક્ષિણ ગુજરાત-લાટ દેશનું મોટું નગર ગણાતું. રાટકનેર-રાહન્નેર-રાંદેર. ભરૂચની પેઠે એ પણ જુનુ બંદર છે, અને સૂર્ય પત્નિ રન્નાનું નગર કહેવાય છે.

એ અસલથી બહુ લાંબો વેપાર ખેડનાર બંદર તરીકે પ્રસિદ્ધ છે. જૈન ધર્મ પુસ્તકોમાં પણ રાંદેર પ્રાચીન બંદર તરીકે માલૂમ પડે છે. અને શ્રીપાળ રાજાના રાસ માળવાથી ભરૂચ થઇ રાંદેર બંદર આવતા લખ્યા છે. સંપ્રતિ રાજાના વખતમાં રાંદેરમાં ચાર દેરાં બંધાયા હતાં એમ શેવડાઓના ગ્રંથો ઉપરથી જણાય છે; એ ઉપરથી જોતાં આજથી બાવીસેં વર્ષ ઉપર રાંદેર આબાદ હતું એમ માલૂમ પડે છે. મુસલમાનો ઇ. સ. ૯૦૦ ના અરસામાં સોદાગરને ધંધે રાંદેરમાં આવીને વસ્યા હતા ને તેઓ નવાયતા ( નાયતા ) ને નામે ઓળખાતા હતા.

રાંદેરનું બીજું નામ લદ્દલુર હતું. પણ છેક બારમા તેરમાં સૈકામાં વપરાતું નામ રદ્દનુર અથવા રટનેર–રાંદેર થયું હોય, પરંતુ તે માટે હજી નિશ્ચિત પ્રમાણ મળ્યું નથી. ઇ. સ. ૧૦૩૦ માં આલ્બીરૂની જેવો પ્રખ્યાત લેખક લખે છે કે " લાર દેશની Bahreej ( ભરૂચ ) અને Rahanhour ( રાહન્નેર ) એ બે રાજ્યધાની છે. " પ્રાકૃતમાં ટ નો હ થાય છે. રાટકનેરનું રાટકનેર–રાહન્નેર રૂપ થયું છે. જેમ ખુજ્જુરવાટિકાનું ખુજ્જુરવાહા–ખુજ્જુરાહા–ખજ્જુરાહા.

# પ્રકરણ ૨ જું.

## ગુજરાતી લાડ વાણિયા.

**ઇન્દ્રવજ્રા.**

વ્યાપારમાં અટ્ટલ સાહસિક,
જે લાટ લોકો મૂળથી અધીક;
લંકા અને ચીન જાવા યુનાન,
જાતા સુખે વાહી સમુદ્રયાન. ૧

દરિયાઇ માર્ગમાં ભરૂચ અને સોપારાનાં બંદરો મારફતે ઇ. સ. ના બીજા ત્રીજા સૈકામાં મોટો વેપાર ચાલતો હતો, તથા એ વેપાર છેક લંકા જાવા, ચીન, ઇરાની અખાતમાં અહુરમજ્દ (ઓર્મઝ) મિસર, અને યુનાના તથા રોમ સુધી ચાલતો હતો. એ વેપારની આયાત, નિકાસ, વેપારની મોસમો, વહાણો ને વેપારીઓ, ખારવાઓ, નૌકાશાસ્ત્ર, દરિયામાં કયાં ખડકો તથા વમળો છે અને જવા માટે કયાં ઠેકાણાં જોખમ ભરેલા છે, અને કઇ રીતે સલામતીથી બંદરમાં જઇ શકાય તથા સલામતીથી લઇ જવાને માટે સરકાર તરફથી રખાતા ભોમિયા વગેરે બાબતો ઘણી જાણવાજોગ છે. અને ઇ. સનના આરંભની લગભગમાં લોક સ્થિતિ અને વેપાર કેવી સારી અવસ્થામાં હતા તે ઉપર ઘણું અજવાળું પડે છે. આ પ્રમાણે ભરૂચનો વેપાર દરિયા માર્ગેજ હતો એમ નહોતું, પણ જમીન માર્ગે મોટો વેપાર ચાલતો. પ્રાચિન

કાળમાં વેપાર અને બીજી વપરાશ માટે કેટલાક મોટા રાજમાર્ગ અને જમીનમાર્ગ તથા સમુદ્રમાર્ગ પણ હતા એમ પ્રમાણો ઉપરથી માલૂમ પડે છે. ખુશકીમાં એક મોટો રાજમાર્ગ ભરૂચથી સોપારા ને સોપારાથી શ્રાવસ્તી સુધીનો હતો, બીજો મોટો રસ્તો વંગદેશથી મગધ થઈને લાલ એટલે લાટ–ગુજરાતમાં આવતો હતો. સિહોર વસાવ્યું તે વિજય રાજાની મા કલિંગ રાજાની રાજકુંવરી હતી. તે આ મોટા વેપારને રસ્તે વેપારીઓનો એક મોટો કાફલો જતો હતો તેની જોડે નીકળી ચાલી હતી અને પોતાનાં છોકરાની જોડે લાલ દેશમાં આવી પહોંચી હતી. ત્યાં નહેર કુવા વગેરે મારફતે લાલ રાષ્ટ્રને સિંહલે ફળદ્રુપ કરી સીહોરમાં રાજધાની કરી હતી. આ મોટો વેપાર નર્મદા અને તાપીની ખીણવાળા પ્રદેશમાંથી હશે તેથી આ રસ્તો નાગપુર, બુરાનપુર, ભુસાવળ, થાળનેર, નંદુરબાર, ઇસરબારી, અને નવાપુર થઇ સોનગઢ વ્યારા મારફતે સુરતના બારામાં આવે છે તે હશે. વખતે શાહાડા અને પ્રકાશા આગળથી કુકરમંડાને રસ્તે નાંદોદ, ચાણોદ મારફતે ભરૂચ લગણ એક શાખા હશે અને તે ઉત્તર તરફ ઘોઘા અને સિહોર તરફ ચાલી જતી હશે

ત્રીજો રસ્તો માળવેથી ગુજરાત થઇ મહારાષ્ટ્રમાં ચાલ્યો જતો હતો તે ભરૂચથી જુન્નર જવાનો રસ્તો હતો. જુન્નર ( જીર્ણનગર ) આગળ શિવનેરનો ડુંગર છે કે જ્યાં શિવાજીનો જન્મ થયો હતો તે ડુંગરની ખડકમાંની એક બૌદ્ધધર્મની પ્રાચીન ગુફા ભરૂચના બે ભાઇઓએ બંધાવી છે.

વળી કલિંગ એટલે જગન્નાથવાળા ઓરિસાના પ્રદેશમાંથી લાલ એટલે ગુજરાતમાં આવવાનો એક મોટો રસ્તો બૌદ્ધ પ્રમાણોથી જણાય છે. આ લાલ દેશના વાણિયા છેક

કલિંગ અને ત્યાંથી ઠેઠ જાવા સુધી વેપાર ચલાવતા હતા. ઇ. સ, સૈ. ૨ થી ૧૪ મા પંદરમા સૈકા સુધી એટલે મુસલમાની રાજ્ય ત્યાં થયું ત્યાં સુધી લાલ દેશના વાણિયાઓનો ત્યાં મોટો અવર જવર હતો. બંગાળાની એશિયાટિક સોસાયટીના સ્થાપક, નવાણું ભાષાઓના જ્ઞાની અને કલકત્તાની સદર અદાલતના લૉર્ડ ચિફ જસ્ટિસ સર વિલ્યમ જોન્સનની સાથે મળીને મિ. માર્સ્ડન જણાવે છે કે આખા આર્કિપેલેગોમાં છેક માડાગાસ્કરથી તે ઇસ્ટર આયર્લેન્ડ સુધી સાર્વજનિક રીતે પથરાયલી મલયન ભાષામાંના ઘણાખરા શબ્દો સંસ્કૃત છે. અને હિન્દુઓનો તે અસંખ્ય ટાપુઓ સાથેનો સંબંધ મહોમેદન ધર્મ તે ટાપુવાસીઓમાં દાખલ થવાની પૂર્વે થયો હતો. મિ. માર્સ્ડન ધારે છે કે આ સંબધ ( કે જેથી તેઓની ભાષા પણ સંસ્કૃતમય થઇ રૂપાંતર પામી ) ગુજરાત-લાલ તરફથી થયો હતો અને ટાપુવાસીઓની પુરાણ કથાઓમાં, મહાભારત અને રામાયણ વિષ અનેક ઇસારાઓ છે.

વળી મલયન આર્કિપેલેગોમાં આવેલા જાવાના ટાપુ તરફ તો હજી સુધી આપણા ગુજરાતી લોકો જતા હતા. ગુજરાતમાં એવી લોકવાયકા છે કેઃ—

> જે જાય જાવે, તે ફરી ન આવે,
> આવે તો પરિયાનાં પરિયાં ચાવે,
> એટલુ ધન લાવ....

વળી ઇ. સ. ૬૬૪ માં આરબોએ થાણા લૂંટયું હતું એ વખતે તેની પુરી ચઢતી હતી. ઇ. સ. સૈ. ૩ થી ૧૦ સુધીનાં ૭૦૦ વર્ષ લગી થાણા જીલ્લાનો વેપાર ઘણો સતેજ હતો. ત્યાંના વેપારી ગુજરાતી લાડ વાણિયા હતા, કારણ કે રાજકિય સંબધને લીધે થાણા અને ભરૂચ સાથે સતત વ્યવહાર હતો.

આ ઉપરથી માલૂમ પડશે કે લાટ દેશના વેપારીઓ વૈશ્યો-વણિકો વ્યાપારી બાબતમાં બહુ સાહસિક હતા. તેઓ પોતાનો દેશ છોડી પરદેશ જઇ મોટો વેપાર ખેડતા. આથી પરદેશના લોકો તેમને તેમના દેશના નામ ઉપરથી ઓળખતા; અને લાટ દેશના તે લાટ વાણિયા એ અભિધાનથી સર્વત્ર જાણીતા થયા. કેટલેક કાળે એ નામ એટલું તો પ્રચલિત થયું કે પોતાના પ્રદેશમાં આવ્યા પછી પણ એ નામ જારી રાખ્યું તેથી પરદેશીઓએ આપેલું એ નામ પોતાની વ્યક્તિ તરીકે બહાર પડયું.

લાડ રૂપાંતર લાટ ઉપરથી થયું કે લાલ ઉપરથી તે નક્કી થઇ શકતું નથી, તો પણ લાટ ઉપરથી લાડ થયેલું માનવું વધારે સંભવનીય છે; કારણ કે પ્રાકૃતમાં ટ નો ડ થવો સાધારણ છે, જેમ વટનું વડ, ખેટકનું ખેડ, ઘોટનું ઘોટક-ઘોડો વગેરે વળી લાટ-લલાટ-લાલ એ શબ્દો લાટ સાથે સંબંધ ધરાવનાર જાણવાજોગ છે. લાટનું લાલ થયું અને લાલનું લાર રૂપ થયેલું આપણે ટોલેમીના larike શબ્દમાં અને કર્નલ ટોડની લાર જાતિમાં જોઇએ છીએ. લ ને બદલે ર અને ર ને બદલે લ એ પ્રાકૃતમાં સાધારણ છે. લાલ નામ છેવટે લાટ દેશના વ્યાપારીઓની રિદ્ધિ સમૃદ્ધિને લીધે એટલું બધું લાડકું અને ઘરગયું થઇ જવા પામ્યુ કે હાલ વાણિયાઓનાં નામ લાલના અંત્યવાળાં પાડવામાં આવે છે તે મૂળ તેનું શબ્દને આભારી છે.

છોકરાંઓને લડાવવાં—લાડ કરવાં એમાંનો લાડ શબ્દ પણ લાટ દેશનેજ આભારી છે કારણ કે ખરા લાડ તો સમૃદ્ધિને લીધે લાટ દેશનાજ વેપારીઓજ હતા. વળી બેટીજીના લાલ લાલ-લલના વગેરેમાં લાલ શબ્દ લાલ અથવા લાટ શબ્દનેજ આભારી છે આ ઉપરથી માલમ પડશે કે લાટ અને તે ઉપરથી થયેલાં રૂપાંતરો કેટલાં વિસ્તૃત ભા-

વવાળાં, કેટલાં સુંદર અને કેટલાં હૃદયાકર્ષક છે તે જણાઇ આવશે. આ પ્રમાણે કાળક્રમણ થતાં દેશ તરીકે લાટ નામ ઘસાઇ ગયું અને એક વ્યકિત તરીકે એ શબ્દનું રૂપાંતર લાડ નામ રહ્યું.

ગુજરાતમાં જે જે જ્ઞાતિઓ અને તેમની પેટા જ્ઞાતિઓ છે તે સઘળી કોઇ સ્થળ કે ધંધા ઉપરથી ઓળખાય છે. જેમકે—ઉદિચિમાંથી જે બ્રાહ્મણો આવ્યા તે ઔદિચ્ય, મેવાડથી આવ્યા તે મેવાડા, દ્રાવિડમાંથી આવ્યા હતા તે દ્રાવિડી, મારવાડમાંથી આવ્યા તે મારવાડી વગેરે છે. વળી ગુજરાતમાંથી આવીને મુળ જે સ્થળે રહ્યા, અથવા જે સ્થળથી છુટા પડયા તે સ્થળનાં નામથી પણ ઓળખાય છે. જેમકે ડીસામાં રહ્યા તે ડીસાવાળ, ઝારોળામાં રહ્યા તે ઝારોળા, વાયટમાં રહ્યા તે વાયડા, વાલમમાં રહ્યા તે વાલમ, મોઢેરામાં રહ્યા તે મોઢ વગેરે કહેવાય છે. મોઢેરામાંથી કેટલેક વર્ષે કારણો પરત્વે કેટલાએક જણા છુટા પડી ધોઘવામાં જઇ રહ્યા તે ધોઘવા મોઢ કહેવાયા તેમ અડાલજમાં રહ્યા તે અડાલજા, માંડળમાં રહ્યા તે માંડળીઆ મોઢ કહેવાયા. નગરમાં રહેનારાને નાગર; પછી તે કેટલેક કારણે છુટા પડી જુદે જુદે સ્થળે રહ્યા તે ઉપરથી વડનગરમાં રહ્યા તે વડનગરા, વિસનગરમાં રહ્યા તે વિસનગરા, સાઠોદમાં રહ્યા તે સાઠોદરા, ચિત્રોડમાં રહ્યા તે ચિત્રોડા વગેરે કહેવાયા. + +

આ પ્રમાણે લાટ કે દક્ષિણ ગુજરાતના વાણિયા લાડ કહેવાયા, અને પછી વખત જતાં જેમ જેમ વિખરાયા તેમ તેમ તેઓ પણ લાંબી મુદત સુધી જે સ્થળે રહ્યા તે સ્થળના નામથી હાલ ઓળખાય છે. જેમકે ડભોઇઆ, સુરતી વગેરે વગેરે. × × ×

# પ્રકરણ ૩ જું.

## ભ્રમણકાળ.

### વીસા અને દશા.

શ્રી વૈશ્ય કોમ તણિ જે સંખ્યાત ચોરાશિ છે,
તે સર્વમાં ઘણું ખરૂ વીસા દસા ખાસ છે;
વીસાર્દ્ધ છે દશ અને પાંચા દસાર્દ્ધે કંઇ,
પાંચાર્દ્ધ જાણુ અઢીયા કૈ વૈશ્ય કોમે વળી. ૧.

ઇ. સ. ૧૨૯૮થી ઇ. સ. ૧૪૨૦ સુધી બધી જ્ઞાતિઓ આશ્રય ભંગ થયેથી નીકળી પડી. જે મુસલમાનો પરધર્મ તોડવાને, પરધર્મીને વટાળવાને, ધર્મસ્થાનો નાબુદ કરવાને અને ગમે તેવું પાપ કરવાને પણ તેઓ તૈયાર હતા, તે મુસલમાનો સામા પારસીઓ પણ ટકી નહિ શકવાથી પોતાનો ધર્મ સાચવવાને આર્યાવર્ત્તમાં નાસી આવ્યા હતા. વળી મુસલમાનોના સેંકડો વર્ષ સુધીના જુલમ સામા અને દિલ્લીના જગપ્રસિદ્ધ મહાન્ મુસલમાની રાજ્ય સામા, રજપુતો જેવા એકનશીઆ લોકો સિવાય બીજા કોણ પોતાની રૂઢિયો, સ્વભાવ સુધારો, અને સ્વધર્મ સાચવી શકે ? ઇ. સ. ૧૨૯૭થી બાદશાહી સત્તા ગુજરાત ઉપર જામી રહી હતી. ઇ. સ. ૧૪૦૭ સુધી દિલ્લીથી જુદા જુદા અમલદાર ગુજરાતમાં નીમાઇ આવી અમલ ચલાવતા, તેમાંના કોઇએ પણ એક ચિત્તે આનંદપૂર્વક કારભાર કર્યો નથી. એકને કારભાર મળતો કે બીજો ઉમેદવાર તેનું નામ નાબુદ કરવાને તૈયાર જ રહેતો. મુસલ-

માનમાં માંહોમાંહે દંગા થતા કે હિંદુ સરદારો લાગ જોઇ બંડ ઉઠાવતા. મુસલમાન અને હિંદુ લોક વચ્ચે ધર્મને માટે મારામારી થતી તેમાં કેટલાક સત્તાધારી જબરદસ્તીથી હિંદુઓને વટલાવતા અને દહેરાં તોડી તેજ સ્થળે મસીદો બંધાવતા. હિંદુ લોકો નાસાનાસ કરી જુદા જુદા નાનાં રાજ્ય માંડી રહેલા એવા રાજાઓના મુલકમાં જઇ વસતા. એ ૧૧૦ વર્ષની મુદતમાં ગુજરાતની અને ગુજરાતના લોકોની દશા ઘણીજ ભુંડી હતી. પૂર્વમાં ચાંપાનેરનું રાજ્ય અને પશ્ચિમમાં ચુડાસમાંનું રાજ્ય એ બે માત્ર ક્ષેમ રહ્યાં હતાં.

આ સમયમાં હિંદની બધી જ્ઞાતિઓ આશ્રય ભંગ થયેથી બહાર નીકળી પડી. પ્રથમ ઘણી ખરી જ્ઞાતિઓને રાજ્યાશ્રય મળતો. જેમકે વનરાજ અને ચાલુકય રાજાઓના સમયમાં મોઢજ્ઞાતિનો, ઔદિચ્યોને મૂળરાજનો (કુળ ગુરૂ સંબંધે) પણ રાજ્યાધિકાર મોઢના કે પ્રાગવાટના હાથમાં હતો; નાગરોને વાઘેલાનો, લાટ દેશમાં ભાર્ગવોને રાષ્ટ્રકુટોનો અને લાડને ગુર્જરોનો આશ્રય હતો. આ આશ્રય બંધ થયાથી અને ઉપર પ્રમાણે મુસલમાનોનો ત્રાસ હોવાથી, તે દૂર પ્રદેશ નીકળી પડી હતી. અમદાવાદ એ શતકમાં બંધાયું નહોતું. ચાંપાનેર સુરત, મથુરા, કાશી, વગેરે સ્થાનો સુધી નાસતી ભાગતી જ્ઞાતિઓ પ્રસરી ગઇ. આ યુગ એમને માટે ભ્રમણ યુગ હતો. પણ ગુજરાત કાઠિયાવાડમાં આખરે એ ઠરેલી જણાય છે. રજપુત રાજાઓને આશ્રયે ઉદય પામેલાં ઉદ્યોગ અને વિદ્યાઓમાં વળગેલી આ જ્ઞાતિઓ આશ્રય ભંગ થયે અન્ય આશ્રય શોધવા નીકળી પડેલી દેખાય છે.

દંતકથાઓપરથી જણાય છે કે રાજ્યાશ્રયને લીધે અસલ લાડ

પાટણું તરપ વસતા હતા ત્યાં રાજાની કતરાજીથી તે મુલક છોડી ખંભાતની તે સમયની જાહોજલાલી જોઇ ત્યાં વસ્યા. કેટલાક સમય પછી ખંભાતથી ધંધાની કોટાઇકે રાજ તરફના કોઇ પ્રકારના દુઃખોને લીધે જે લાડો શહેર મુકી ચાલ્યા ગયા તેઓમાંના થોડા જંબુસર, સુરત અને દક્ષિણમાં વધતાં છેક કુકણમાં પેન, બેલાપુર, થાણા, મુંબઇ, વસાઇ, નવસારી વગેરે જ્યાં ધંધો હાથ લાગ્યો ત્યાં વસવા લાગ્યા. આ વાતના પુરાવામાં એટલી સાબીતી મળી આવે છે કે મુંબઇ, થાણા, વસાઇ વગેરે તાલુકા અને દમણના લાડ લોકોના ગોર તરીકે ખંભાતના ટોળકીયા બ્રાહ્મણને હજુ કેટલુંક દાન અપાય છે. કારણકે ખેડાવાળ લોકો પણ ખંભાતની હદપાર કેટલાક સંજોગોને લીધે થયેલા તે પછીથી લાડ લોકોની યજમાનવૃત્તિનું કામ ટોળકીયાઓએ સ્વીકાર્યું છે. આ હકીકતથી જણાય છે કે ખંભાતમાંથી ખેડાવાળ અને લાડ લોકો એકજ સૈકામાં છુટા પડયા હોવા જોઇએ. ખંભાતની ઉપયુકત હકીકત હવેના પ્રકરણ દર્શાવવામાં આવી છે તેથી પૂર્ણ હકીકત સમજાશે.

આ સમયે લાડ લોકો પૈકી કેટલાક સિંધમાં પણ જઇ રહ્યા છે એમ જણાય છે. કારણકે ત્યાં હાલમાં **લાલ વાણીઆ**ની એક જાત છે, તે લાડ પૈકીની છે. તેમનો ધર્મ, સ્થિતિ, આચારવિચાર, વગેરે રીતરીવાજ જાણવા જરૂર છે પરંતુ તે હકીકત સંતોષકારક નહીં મળવાથી આ પુસ્તકમાં લખવામાં આવી નથી.

બીજાપુર, ધારવાડ, કર્ણાટકમાં પણ લાડ લોકો વસેલા છે તે હાલ **લાલ વાણીઆ**ની જાતથી ઓળખાય છે એમ તેમનું મૂળ તપાસતાં જણાય છે. વળી ખાનદેશમાં **સીક્કા લાડ** એક વર્ગ છે તે પણ લાડ વાણુકનો એક ભેદ છે

પણ તેઓ હાલ શ્રાવકધર્મ પાળે છે. સુરતમાં તથા જંબુસરમાં આજે લાડ લોકો છે તેમાં ખંભાતી પક્ષ છે; તેમનામાં "**છ તડ**" છે તેમાંનું એક તડ ખંભાતનું છે. જંબુસરમાં આજે પણ ખંભાતી તથા **તળપદા** એવા પક્ષ છે; કન્યા વ્યવહાર છે પણ ખંભાતી લોકો તળપદાને ચાલતા સુધી કન્યા આપતા નથી; ખંભાતીને કન્યા ઝટ મળી શકે છે. એટલે આ લોકો ખંભાતથીજ આવીને વસેલાનું જણાય છે.

ગુર્જરોનો આશ્રય બંધ પડવાથી તેમ મુસલમાનોના ચાલતા જુલમથી અન્ય જ્ઞાતિઓની પેઠે લાડ જ્ઞાતિની વ્યવસ્થા પણ નિરંકુશ થઇ ગઇ. અને પરિણામે એ થયું કે તેમાં જેમ અન્ય વણિક જ્ઞાતિઓમાં જોવામાં આવે છે તેમ દશા અને વીસા એવા બે ભેદ પડી ગયા. આ ભેદનો સમય તે આપણે મોડામાં મોડો ઇ. સ. ચૌદમા સૈકાની આખરનો ગણીશું.

## દશા લાડ અને વીસા લાડ.

ઘણી ખરી જ્ઞાતિઓમાં દશા અને વીસા એવા બે ભેદ છે. એ ભેદ શી રતે પડયા તે જાણવું અગત્યનું છે, તે જાણવા માટે જોઇએ તેવાં પુરતાં સાધનો નથી. તોપણ એને માટે જુદી જુદી દંતકથા અને વાર્તાઓ ચાલે છે. કેટલાક કહે છે કે દશ વસાનું તે દશા અને વીસ વસાનું તે વીસા. કેટલાક એમ પણ કહે છે કે વહેંચણમાં દશ આ તરફ અને વીસ તે તરફ રહ્યા. વળી કેટલાક એમ માને છે કે કુળદેવીના હાથની જમણી બાજુએથી પ્રગટ થયા તે વીસા અને ડાબી બાજુએ પ્રગટ થયા તે દશા. આ પ્રમાણે મરજી પસંદ જુદી જુદી કહેણી ચાલે છે; એ સઘળી નાપાયાદાર અને ઉપજાવી કાઢેલી છે એટલે ભ-

રોંસાદાર નથી. શબ્દની વ્યુત્પતિ પ્રમાણે જોતાં વિસા તે કદાચ વૈશ્ય શબ્દના **વિશ્** ધાતુ ઉપરથી સિદ્ધ થયો હોય અને દશા શબ્દ **દિશ:** દેખાડવું ઉપરથી થયેલા દષ્ટિ ઉપરથી થયો હોય એમ અનુમાન જાય છે. વૈશ્યમાંથી વિભાગ થતાં એક અમુક જ્ઞાતિ તરીકે ઓળખાતાં તે વિસા કહેવાયા અને તેમાંથી કોઇ કારણે જુદો સમુહ બંધાતાં આંગળીથી દેખાડવાના નમિત્ત રૂપ થયા તેથી દસા કહેવાયા એમ પણ તર્ક પહોંચે છે પરંતુ આ બધી કલ્પનાઓ છે.

દરેક ન્યાતમાં કેટલેક પ્રસંગે જુદા જુદા કારણોને લીધે જુદા જુદા સમુહ થાય છે. હાલ જેને આપણે તડ શબ્દથી ઓળખીએ છીએ તેજ સમુહ. હાલનું તડ તેજ પ્રથમ સમુહ કે શાખા. એક આખી ન્યાતનાં એ પ્રમાણે બે વિભાગ પડતા તે તેની શાખાઓ ગણાતી. જે શાખામાં ઓછાં ઘર હતાં તે લઘુ શાખા અથવા નાનું તડ. મૂળ સમગ્ર ન્યાતમાંથી કોઇ કારણે છૂટા પડી જે થોડા ઘરનો જથો બંધાયો હોય તેને લઘુ શાખા કહેતા. અને લઘુ શાખાનો ફાંટો જે મુખ્ય સમુહમાંથા પડયો હોય તેને જુની અથવા વૃદ્ધ શાખા કહેતા. આગળ જતાં લઘુ શાખાના વંશજો લઘુ શાખા તરીકે ઓળખાયા અને મોટી શાખાવાલા વૃદ્ધ શાખાના નામથી ઓળખાયા. ( વૃદ્ધ શાખા એટલા માટે કે તે જુની કાયમ રહી; અને તેમાંથી નવી લઘુ શાખા જુદી પડી. ) કેટલેક કાળે લઘુ શાખાવાળા દશા કહેવાયા અને વૃદ્ધ શાખાવાળા વીસા કહેવાયા. હાલ જે વીસા અને દશાના ભેદ પ્રચલિત છે તે શબ્દવિશેષ માત્ર બસેં વર્ષ જેટલા જુના છે અર્થાત તે પહેલાં લઘુશાખા વૃદ્ધશાખા એ શબ્દ વિશેષથીજ ભેદ પડેલા પ્રસિદ્ધ હતા. બસેં વર્ષ પહેલાંના લેખ કે દસ્તાવેજોમાં દશા વીસાને બદલે લઘુ શાખા કે વૃદ્ધ શાખા લખવામાં આવતી.

નડીઆદમાં અમદાવાદી દરવાજેથી દાખલ થઇએ તેવા જમણે હાથ આવેલી એક વાવમાં ઉતરતાં ઉપરને થાળેજ ડાબે હાથની ભીંતમાં દેવનાગરી અક્ષરથી કોતરેલો શિલાલેખ છે. એ લેખ તે વાવના બંધાવનાર કોઇ ગુર્જર વાણીઆ જ્ઞાતે વેણીદાસના આશ્રિત એક ઉદિચ્ય બ્રાહ્મણ રામચંદ્રે તે વાવની પ્રતિષ્ટા સમયે રચેલી પ્રશસ્તિનો છે. વાવ બંધાવનાર વેણીદાસનું કુટુંબ તેના દાદાના વખતથી જ સ્તંભ તીર્થથી નટપત્ર (નડિયાદ) આવીને વસ્યું છે. આ લેખમાં વેણીદાસને વૃદ્ધ શાખાનો કહ્યો છે. લેખ સંવત ૧૫૭૨ નો છે. એમાં લખ્યું છે કે:—

(२०) स्वस्त श्री स्तंभतीर्थ वास्तव्य गूर्ज्जर ज्ञातिय वृद्ध शाखायां महं श्री देवसुत महं श्री सा

(२१) महं श्री भीमापुत्रच्यारि (?) महं श्री भाण महं श्री साधु महं श्री धर्मासिंह महं श्री वेणीदासे न श्रीमन्न द (द्रे)

(२२) ज्जितधनेन वापी कारिता ! महं श्री वेणीदास भार्या अमरादे पातिव्रता महं श्री भाणसुतसागरम

(२३) सुत कान्हशीके महं श्री धर्मासिंह सुत लषाविर्णा-महं श्री वेणीदास सुत देसाई. ॥ सीवक ॥

વગેરે —

આ પ્રમાણે વેણીદાસ અને તેની સ્ત્રી અમરાદે વીસા ગુર્જર વાણીઆ હતા અને તેમનો વીસાનો ભેદ ઇ. સ. ૧૫૦૦ પહેલાં ક્યારનો એ પડેલો હતો એ પણ આપણે જાણી શકીશું—

ઊમરેઠના વડી ભાગોળના તળાવ ઉપર એક જુની ગુજરાતીનો ઇ. સ. ૧૬૫૯ નો લેખ આરસપહાણના પથ્થર ઉપર એક દશાખડાયતા વાણીઆએ કોતરાવેલો છે તેમાં દશાને માટે લઘુ શાખા શબ્દ વાપર્યો છે–

**श्री व्यंकटेश ॥ श्री गणेशशाय नमः । संवत् १७१९ वर्षे फालगुन शुद ७ सोमे**

**श्री उमरिठि वास्तव्य षडायता ज्ञाति लघु शाखा वोरा सलतासुत** વિગેરે.

બોરસદમાં કચેરી આગળની વાવ છે તે ઇ. સ. ૧૪૯૭ માં વસુસામે બંધાવી છે. ઇ. સ. ૧૮૭૨ માં એ વાવને એણે ગાળી હતી. આ વાવ મોટી અને ઘણા ખર્ચે બંધાવેલી જણાય છે. એ વાવ પર સંવત ૧૫૫૩ શ્રાવણ વદ ૧૩ નો સંસ્કૃત ભાષામાં પથ્થર પર કોતરેલો લેખ છે તે તપાસતાં જણાઇ આવે છે કે એ વાવ દશા લાડ વાણીઆએ બંધાવી છે. ઉપરના લેખોથી સ્પષ્ટ રીતે જ- ણાઇ આવે છે કે દશા અને વીસા લાડ એ બે ભેદ પંદરમા સૈકામાં મોજુદ હતા.

હિંદુસ્તાનમાં જેમ તુળશીકૃત રામાયણ પુરવીઆમાં તથા સાધુસંત લોકોના મઠમાં આસ્થાથી વંચાય છે તેમ ગીરધર કૃત રામાયણ આપણા અને બ્રાહ્મણોમાં ભણેલી સુશિક્ષણ સ્ત્રી, પુરૂષ વર્ગમાં શ્રદ્ધાપૂર્વક નિયમિતપણે અને પવિત્ર ધર્મ ગ્રંથ તરીકે માની વંચાય છે તેથી એ લોકપ્રિય ગ્રંથ કહેવાય છે. આ ગ્રંથ ગીરધર કવિએ બનાવેલો છે, વળી તેમણે ગુર્જરગિરામાં રચેલુ રામાયણ, [illegible]યજ્ઞ, તુ- ળશીવિવાહ, પ્રલ્હાદચરિત્ર, શામળનો વિવાહ, કૃષ્ણચરિત્ર એ

નામના ગ્રંથો અદ્‌ભુત રીતે લખેલા છે તેમાં કવિની વર્ણન શૈલી રમ્ય, પ્રૌઢ, ભવ્ય અને ધાર્મિક વિષયોની હકીકતો અસરકારક દર્શાવેલી છે. આ વિદ્વાન ધાર્મિક ગિરધર કવિ જ્ઞાતે દશા લાડ વાણિઆ હતા. તેમનો જન્મ સંવત ૧૮૪૩ની સાલમાં જંબુસર તાલુકાના ગામ કાવીમાં ગરબડદાસનાથજીને ત્યાં થયો હતો. આ કવિને માધવદાસ ને પુરૂષોત્તમદાસ નામના બે ભાઇઓ અને બે બેનો હતી. જેમાંની સદાબા નામની વડોદરે પરણાવી હતી અને બીજી બાળવિધવા હતી. આ નામાંકિત કવિએ ગામઠીશાળામાં શિક્ષણ લીધેલું પણ તેમની બુદ્ધિ અને સતત પ્રયાસને આભારી હતી. આ કવિની જન્મોતરી કુરાળના જૈન ગોરજી વલ્લભવિજયે કરેલી જે અક્ષરેઅક્ષર સાચી નીવડેલી કહેવાય છે. આ દૃષ્ટાંત પરથી જણાય છે કે લાડમાં દશા લાડ અને વીસાલાડ એવા બે વિભાગ ઘણા લાંબા કાળથી પડેલા છે. "

## બાજ વાણિયા.

મારે આ સ્થળે જણાવવું જોઇએ કે પ્રથમ તો ચાર વર્ણો હતી, તેમાંની વૈશ્ય કોમમાંથી અનેક વર્ણો ઉભી થવા પામી છે અને તે જ્ઞાતિની સંજ્ઞાથી ઓળખાય છે. એ જ્ઞાતિના પાછા ભાગ પડી તેના વિભાગ થઇ તેના પણ અનેક પેટા વિભાગ સ્થળ અને ધંધા પરત્વે ઓળખાય છે. લાડ કોમ પણ મૂળ વૈશ્ય હોઇ સ્થળ ઉપરથી લાડ નામ પડયું; તેના વીસા અને દશા ભેદ થયા ત્યાર પછી જ્ઞાતિની તકરારને લીધે તેઓને જ્ઞાતિબહાર મુકયા તેથી તેની જુદી જ્ઞાતિ બંધાઇ. આ પ્રમાણે બહાર મુકાયલા લોકો બાહ્ય અથવા બાજ સંજ્ઞાથી ઓળખાયા એમ કહે-

વાય છે. હાલ જે બાજવાણિયાની વસ્તી છે તેની મૂળ ઉત્પત્તિ લાડમાંથી છે. પ્રથમ એમની વસ્તી મિયાંગામ કરજણ પાસે પુષ્કળ હતી. વડોદરામાં પણ પ્રથમ બાજવાણિયાઓની પુષ્કળ વસ્તી હતી, અને તે જે ભાગમાં વસ્તી હતી તે હજી પણ "બાજવાડા" ને નામે ઓળખાય છે.

કાળક્રમણુ થતાં એ પ્રમાણે ઘણા વિભાગ પડી ગયેલા તે બદલ એકંદર જોતાં વણિક જ્ઞાતિની શાખા ઘણી છે. તે પૈકી જેટલી મળી આવી તે આ નીચે નોંધવામાં આવી છે. લાડ વાણીઆ–દશા–વીસા. કપોળ–દશા–વીસા–મોઢ–નાગર–શ્રીમાળી–સોરઠીયા–ખડાયતા-પોરવાળ-ઓસવાળ–દીડુ–પુસ્કરવાળ–દીસાવાળ–સુરાણા-હરસોબા–ભાબુ–મેડતાળ, સુહદવાળ–પલ્લેવાળ, ખંડેર. નાનાવાળા, વેઠુવા, ચીતરવાળ, ચોરવાળ, ચીચા, ગોલવાળ, ગુર્જ્જર–કોટવાળ, શોકતીવાળ, નાગહુરા, અખટ ભટેરા, બર્ગમા, રસીર, સીકલા, વાયડા, બાબરા, પંચોલા, પોંચા, જળહરા, જીનડા, ઉડા, તીસોરા, બહેરા, આન્દોરા, દરેરા, બાજ, સીંગોડ, કુમડ, વાલ્મીક, ધાકડા, માથુ, જેહરા, સાંચોરા, નાદોરા, ભુંગડા, વાગડ, કાકભી, ભાડીઆ, સંડોડા, મીઙડા, ઝારોળા, લંગાયતી, પાસુપતી, બંસીધર, મેશરી, શ્રાવક, લાડવા શ્રીમાળી કચ્છી સોનીવાણીઆ. વગેરે.

# પ્રકરણ ૪ થું

## ખંભાત.

### કલ્યાણરાયનું પરાક્રમ.

### ઉપજાતિ.

છે ધીરને વીર કલ્યાણરાય,
રે ધન્ય છે ધન્ય કલ્યાણરાય;
મારી હઠાવ્યા પટુ પારસીને,
વિખ્યાત તે જ્ઞાતિ કરી કસીને.—૧.

દશમી સદીમાં ખંભાતનું રમણિય શહેર મોટા વેપારનું મથક હતું. એક વખત ત્યાં નાળિયેર, કેરી, લીંબુ ચોખા, અને મધ ઘણાં સારાં થતાં, વળી ચામડાનો પણ અનેક પ્રકારનો સુંદર ઘાટ બનાવવામાં આવતો તેથી ખંભાતના જોડા પણ તે વખતે દેશોદેશ ઘણા પંકાતા. ખંભાતના વેપારીઓ અરબસ્તાનને ઇરાન સુધી વેપાર કરતા. તેઓએ ખંભાતમાં નવી નવી મોટાં ખર્ચો કરી મસીદો બંધાવી હતી આરબી સમુદ્રમાં એ વખતે ચાંચીઆનો ભારે ત્રાસ હતો. આ ચાંચીઆ કચ્છ અને કાઠિયાવાડના હતા. તેઓ જાતે સંધાર, મેર અને કુર્ક હતા. તે લોકો અરબસ્તાન, હિંદુસ્તાન અને ચીન આવવા નીકળેલાં વહાણોને નિડરપણે લૂટતાં અને આફ્રિકા—સોકોત્રો ( સુખતર ) દ્વીપ સુધી દરિયે જતા.

અગીયારમી સદીમાં કચ્છ અને સોમનાથના ચાંચીઆનો ભારે ત્રાસ છતાં ખંભાતનો વેપાર ઘણો સતેજ હતો તેથી ગુજરાત મોટું વેપારનું મથક ગણાતું. આસપાસના મુલકમાંથી સુંઠ, કપાસ, કચ્છથી ગુગળ અને સુગંધી, માળવાથી ખાંડ અને ઉત્તર હિંદુસ્તાનથી બીજો માલ મુલતાન થઇ અહીં આવતો અને તે અહીંથી દેશાવર ચઢતો. સમુદ્ર માર્ગે ખંભાતનો વેપાર પશ્ચિમમાં ઇરાન, અરબસ્તાન, આફ્રિકાના સોફાલા સાથે અને પૂર્વમાં મલબાર, કોરોમંડળ અને ચીન સાથે હતો.

બારમી સદીમાં ખંભાતના આયાત માલમાં મુખ્ય ઘઉં, ચોખા, ગળી, અને તીર બનાવવાની લાકડીઓ હતી. ચાંચીઆઓનો ત્રાસ મટયો નહોતો. અને અણહિલવાડના સોલંકી રાજાઓએ ખંભાતમાં એક કિલ્લો બાંધી તેનું સંરક્ષણ કર્યું હતું.

તેરમી સદીમાં હિંદુસ્તાનનાં બે મોટા બંદરોમાંનું ખંભાત એક હતું; અહીંથી ઘણી ગળી, રૂ, અને બારીક વણાટનું કાપડ દેશાવર ચઢતું. આયાત માલમાં સોનું, રૂપું, ત્રાંબુ તથા સુરમો હતા. વળી રાતા સમુદ્રની આસપાસના મુલકથી અને ઇરાની અખાતના બંદરેથી ઘોડાઓ આવતા. ખંભાતના વેપારીઓ પરદેશી મુસલમાન અને પારસીઓ હતા તેમ ખલાસીઓ કોળી ને રજપુત હતા.

પંદરમાં સૈકામાં ખંભાતમાં પારસીઓનું ઘણું જોર હતું. તેમણે દશમા સૈકાની શરૂઆતથી ખંભાત તરફ પોતાનો ડોળો રાખ્યો હતો, પંદરમાં સૈકામાં તેઓ એટલા બધા શ્રીમંત વેપારી થઇ પડયા હતા કે તેઓએ હિંદુઓ ઉપર ત્રાસ કરવા માંડયો અને સેંકડો હિંદુઓને પારસી ધર્મમાં દાખલ કરી દીધા. હિંદુઓને જરથોસ્તી ધર્મમાં

વટલાવવાનું કામ એક ધાર્મિક તરીકે ગણાતું હતું. જરથોરતી ટોળાંની અસલના વખતથી માન્યતા છે કે જરથોસ્તી ધર્મમાં વટલાવવાનું કામ મોટી અગત્યનું છે. ઇતિહાસ ઉપરથી પણ એ બાબતને ટેકો મળે છે. પારસી ધર્મમાં જુદ્દીનોને વટલાવવાનું કામ ૧૨૦ વર્ષ ઉપર પણ ચાલતું હતું. 'રેવાયત'ના પુસ્તક ઉપરથી માલૂમ પડે છે કે એ વખતે જુદ્દીનોને પારસી ધર્મમાં લેવામાં આવતા હતા. મિ. ફરામજી બનાજી એક ઠેકાણે લખી ગયા છે કે 'જાળ' નામે એક મુસલમાને સદરો પહેર્યો હતો; આ મુસલમાનને એક પારસી સ્ત્રીએ પોતાનો છોકરો કરી લીધો હતો તથા તેને પારસણ સાથે પરણાવ્યો હતો.

જરથોસ્તી પેગંબર પોતે વટલાવવાનું કામ મોટા પાયા ઉપર કરતા હતા તથા તેઓએ ખરૂં જોતાં પોતાની આખી જીંદગી એ કામમાં ગુજારી હતી. દંત કથા એવી છે કે વીસ્તાસ્પ રાજાના માનીતા ઘોડાના ચાર પગ પેટમાં ચાલી ગયા હતા, તે ફતેહમંદીથી કાઢવા માટે જરથોસ્તે વીસ્તાસ્પ પાસે તથા રાણી પાસે જરથોસ્તી ધર્મમાં વટલાવવાનું તથા એ ધર્મમાં ફેલાવો કરવાનું માથે લેવાનું કબૂલાવ્યું હતું. બોમ્બે ગેઝીટીઅરમાં પણ જણાવવામાં આવે છે કે 'પંદરમી સદીની શરૂઆતમાં ગુજરાતમાં પારસીઓની મોટી સંખ્યા વસતી હતી, કારણ કે ઇરાનથી ગુજરાતમાં આવેલા પારસીઓની સંખ્યામાં હિંદુઓ તેઓના ધર્મમાં વટલવાથી મોટો વધારો થયો હતો.' તેમાં વધુ જણાવવામાં આવે છે કે 'ઇ. સ. ૭૦૦થી ૧૩૦૦ના વરસ સુધી સંજાનમાં પારસીઓ આબાદ હતા તે વેળા તેઓએ પોતાના ધર્મમાં ઘણા હિંદુઓને વટલાવ્યા હતા, આ ઉપરથી જણાશે કે હિંદુઓના મોટી સંખ્યા આગલના

વખતમાં પારસી ધર્મમાં વટલી હતી. જે વાત 'પારસી પ્રકાશ' પત્રના અધિપતિ મિ. બમનજી બહેરામજી પટેલ તરફથી પણ જણાવવામાં આવી છે. બીજા એક અસલના વખતના પુસ્તકમાં જણાવવામાં આવે છે કે 'ઉમરે પુગેલાં માણસોને પણ પારસીઓ પોતાના ધર્મમાં વટલાવવાને ના પાડતા નથી. આ પુસ્તક ઇ. સ. ૧૮૦૮માં પ્રગટ થયું છે. તેમાં છોકરાઓના સંબંધમાં જણાવવામાં આવે છે કે પારકા મઝહબનાં છોકરાંઓને પાળક બનાવી પારસી ધર્મમાં વટલાવવાના બનાવ સાધારણ છે. 'અરબસ્તાન મધ્યેના જાયબુની મુસાફરી' નામના પુસ્તકમાં ઇ. સ. અ. ૧૭૬૩-૬૪ના વર્ષમાં ઉપલો મુસાફર હિંદમાં પોતે કરેલા પ્રવાસનો હેવાલ આપતાં જણાવે છે કે એક પારસીને એક કુકર્મ કરવા માટે ફાંસી દેવામાં આવ્યો હતો અને જણાવવામાં આવ્યું હતું કે આ ખરાબ કામ કરનાર પારસી નહી હતો પણ એક જુદીન ગુલામ હતો જેને પારસી ધર્મમાં લેવામાં આવ્યો હતો. 'ઇલિયટની હિંદની તવારીખ' નામનું પુસ્તક ઇ. સ. ૧૮૭૩માં પ્રસિદ્ધ થયું છે તેમાં જણાવવામાં આવ છે કે 'હિંદ તથા સિંધના કેટલાક ભાગોમાં ગબર (પારસી) લોકો વસે છે ત્યાં ઘણા મૂર્તિ પૂજનારા રહે છે. શરફઉદીન તથા બીજી તવારીખો નવસેં ગબર લોકોના સંબંધમાં જણાવ્યું છે કે તેઓ બધા ઇરાનથી નાસી આવેલા હતા, પણ એમ લાગે છે કે હાલમાં તે લોકોની જોવામાં આવતી મોટી સંખ્યા એકલા ઇરાનથી નાશી આવેલા ઇરાનીઓનીજ બનેલી નથી પણ ખુદ જરથોસ્તી ધર્મમાં વટલેલા હિંદના વતનીઓથી તેઓની સંખ્યામાં વધારો થયેલો હોવો જોઇએ.

રેવાયતના પુસ્તકમાં લખવામાં આવે છે કે એકસો બત્રીસ વર્ષ અગાઉ મુલ્લાં ફીરોજને લઇ તેનો પિતા મુલ્લ-

કાઉસ તથા બીજા લોકો ચોક્કસ સવાલોના જવાબ લેવાને ગયા હતા તેમાંનો તેરમો સવાલ એ હતો કે હિંદમાં પારસીઓ હિંદુ છોકરા છોકરીઓને ગુલામ તરીકે ખરીદી સદરા કસ્તી પહેરાવે છે તથા તેઓનાં હાથનું ખાણું ખાય છે પણ તેઓ મરણ પામતાં તેઓની લાસને દોખમામાં નાખવાની ના પાડે છે. એ બરાબર છે? આ સવાલનો જવાબ એવો આપવામાં આવ્યો હતો કે જુદ્દીન છોકરાઓને ગુલામ તરીકે ખરીદ કરતી વખતે પોતાને કાંઇ નુકશાન ન થાય તેની સંભાળ લેઇ તેમને અવસ્તા શીખવી પોતાના ધર્મમાં લેવાં, પણ આવી રીતે ધર્મમાં લીધેલા છોકરાઓના હાથનું ખાણું વગેરે ખાધા પછી તેઓ મરણ પામે ત્યારે દોખમમાં નાખવા સામે હિંદના કેટલાક પારસીઓ વાંધો લેતા જણાય છે.

આ પ્રમાણે પારસીઓનો હિંદુઓ ઉપર ત્રાસ હતો એટલુંજ નહિ પરંતુ તેમની વસ્તી ખંભાતમાં એટલી બધી ભરચક થઇ હતી કે હિંદુઓને ત્યાંથી નાસી છુટવાની જરૂર પડી હતી ને લોકો કંટાળી ગયા હતા. વળી પોતાનાં ઘરબાર પણ ઉપાડી શહેર છોડી ચાલ્યા ગયા હતા. આ વખતે ખંભાતમાં લાડ અને ગુર્જરોની મોટી સંખ્યા હતી, તેમાંથી કેટલાક આ પ્રમાણે નાસી છુટયા હતા. આ અરસામાં ગુર્જર કુટુંબ નડિયાદ (નટપત્ર) જઇને વસ્યું હતું. લાડ વાણીઆમાં પણ બીકના માર્યા કેટલાક ખંભાત છોડી ગયા હતા. પરંતુ આ પ્રમાણે ઘણો જૂલમ થયાથી આખરે લાડ વાણિયામાં એક પરાક્રમી પુરૂષ પ્રકટ થયો તેનું નામ કલ્યાણરાય હતું.

**કલ્યાણરાય** કયારે થઇ ગયો તેનું હજી ચોકસ પ્રમાણ સિદ્ધ થતું નથી તેને માટે જુદા જુદા મત છે. તે તેરમી

સદીમાં થઇ ગયો હોય એમ ગેઝેટીઅર ઉપરથી જણાય છે જુઓ statistical account of Cambay પાન ૪૫ પરંતુ તેના સંબંધમાં History of Gujarat માં કેટલીક હકીકત આપેલી છે, તે ઉપરથી જણાય છે કે તે ત્યાર પછીના સમયમાં થઇ ગયેલો હોવો જોઇએ. તેણે થોડો વખત ખંભાતનું રાજ પણ ભોગવ્યું હતું એમાં લખે છે કે-" ખંભાતમાં થોડો વખત કોઇ કલ્યાણરાય નામના દશા લાડ વાણિયાનું રાજ હતું, વળી એવું પણ જણાય છે કે કેટલાક પારસીઓ જે સંજાનમાં આવી વસ્યા હતા તેમનું ધ્યાન ખંભાત તરફ ઇ. સ. ૯૪૨–૯૯૭ વચ્ચે ખેંચાયું હતું; કારણ કે ત્યાં પુષ્કળ વેપાર ચાલતો હતો. વખત જતાં એ લોકોનું એટલું બધું ભરણું થયું અને આગળ પડતા એવા તો થયા કે તેઓએ હિંદુ રહેવાશીઓને ખંભાતમાંથી ખસવાની ફરજ પાડવાને શક્તિમાન થયા—આ પ્રમાણે પારસીઓના તાબામાં કેટલોક વખત ખંભાત રહ્યું અને કલ્યાણરાય કે જે આવી રીતે બહારગામ ગયેલા હિંદુઓ પૈકી એક હતો. તેણે સુરત જેવા સુંદર દેશમાં જઇ મોતીનો ધંધો કરવા માંડયો. (કેટલાક ગ્રંથકાર કહે છે કે સુરત તે હાલનું સુરત નહિ પરંતુ વ્યાજબી રીતે સોરઠ છે પણ તે બરાબર લાગતું નથી) તેમણે પુષ્કળ ધન એકઠું કર્યું. તે ધનવડે તે રજપુત અને કોળી લોકોનું લશ્કર ઉભું કરવાને શકિતમાન થયો. થોડા સમયમાં આ લશ્કરે પારસીઓ ઉપર રાત્રે હુમલો કર્યો અને ઘણાખરાને તરવારથી કતલ કરી તેમનાં ઘરો બાળી મુકયાં. ત્યાર પછી કલ્યાણરાય કે જે દશા લાડ વાણીયો હતો તેણે ખંભાતનો કબજો પોતાના હાથમાં લીધો અને બહુ નરમાશથી રાજ્ય ચલાવ્યું. તેમણે ખંભાતની આબાદી તથા વેપારને પુષ્કળ ખીલવી વધારી હતી. એવું પણ કહેવામાં આવે

છે કે તેણે શહેરને સાત દરવાજાવાળો અને Solly Ports વાળો કિલ્લો બાંધ્યો. વળી સુંદર મદુલા તળાવ બાંધ્યું. તથા બીજા પણ કેટલાક સારા મકાનો બંધાવ્યા. આ બનાવ માટે કેટલાકોનું ધારવું છે કે એ સોલંકી વંશની પડતીના સમયમાં બન્યો હતો. અને વીરધવળ રજપુત કોળીઓનો સરદાર થયો હશે તેમની મદદથી કલ્યાણરાયે પારસીઓને ખંભાતથી હાંકી કાઢયા હશે. પરંતુ આ મત બરાબર નથી. કારણ કે વીરધવળ તેરમા સૈકામાં થઇ ગયો તે વખતે ગુજરાતની ભાષા સંસ્કારવાળી નહોતી. પરંતુ કલ્યાણરાયના વખતમાં ભાષા સંસ્કારમય થઇ હતી.

વળી મિરાતે અહમદી (બર્ડનું ભાષાંતર પૃ. ૩૬૬) માં સૈયદ–ઊદ–દોલત નામનો એક મુસલમાનનું કલ્યાણરાયના નોકર તરીકે તેણે લસ્કર ભેગું કર્યાનું અને ખંભાત લીધાનું વર્ણન કર્યું છે. તેમાં વળી જણાવ્યું છે કે આ બનાવ "મુઝાફર ત્રીજા ઇ. સ. ૧૫૮૩ ના બંડ પછી જે ગરબડ ઉભી થઇ હતી તે દરમ્યાન બન્યો હતો" આ લખાણમાં પણ પંદરમા સૈકા પછી આ બનાવ બન્યાનું સ્પષ્ટ થાય છે આ પ્રમાણે કલ્યાણરાયના સમયને માટે મતભેદ પડે છે, તોપણ તેને વીરધવલ સમકાલીન માનવો એ વધારે સંભવિત છે.

---

# પ્રકરણ ૫ મું.

## કુળગોર ખેડાવાળ બ્રાહ્મણ.

**દોહરા.**

આ અવનીમાં લાડને, કુળગુરૂ ખેડાવાળ;
દઇ દિક્ષા સદ્ધર્મની, રૂડી લે સંભાળ. ૧
પરંપરાથી જે ઘડયો, ગુરૂ યજમાન પ્રબંધ;
તે પ્રીતે પરિપાલિને, ઘાડો કીધ સબંધ. ૨

લાડ વાણીઆના કુળગોર ખેડાવાળ બ્રાહ્મણ પૂર્વે શ્રીરંગપટ્ટણથી શંકર જોષી ને શોડદેવ એ મુખીની સાથે ખેડે આવી વસ્યા કે જ્યાં ચંદ્રવંશી મોરધ્વજ નામનો રજપુત રાજા હતો. એટલે તે મુળ ખેડાના હોવાથી એવું નામ પડયું છે એવો એકમત પ્રચલિત છે. ખેડાના બ્રાહ્મણોની દંતકથાઓ ઘણી પ્રાચીન છે તેથી તેમનું મૂળ ઘણું પ્રાચીન હોય તેમાં શક જેવું નથી; પરંતુ ખેડાવાળ એવું એ બ્રાહ્મણવર્ગનું નામ પાછળથી પડયું હોય અને તે પહેલાં તે બ્રાહ્મણો કોઇ અન્ય નામથી ઓળખાતા હોય એમ તો અનુમાન કરવાને કારણ મળે છે, કારણ કે હિંદુઓની ઇશ્વરકૃત વર્ણવસ્થામાં મુખ્યત્વે પેટા ભેદ નહોતા. પણ તે પાછળથી દેશકાળ અને સંજોગોને અનુસરીને થએલી છે એ વાત તો સિદ્ધજ છે.

બીજો એકમત એવો ચાલે છે કે ખેડાવાળ બ્રાહ્મણ એ પ્રથમ દ્રાવિડ બ્રાહ્મણ હતા અને દ્રાવિડ દેશમાં તામ્રવર્ણી

નદીના તટપર રહેતા હતા. ત્યાંથી પૂર્વે જાત્રા કરવા નીકળેલા તે કાવેરી, તુંગભદ્રા, કૃષ્ણા, તાપી, સાભ્રમતી વીગેરે તીર્થ સ્નાન કરતાં હિરણ્યા નદીનાં તીર્થને સ્નાન કરવા માટે ચાલ્યા. હિરણ્યા નદીનું તીર્થ બહુ મોટું ને દર્શનીય કહેવાતું હતું ને હાલ પણ કહેવાય છે. તે આબુગઢથી દક્ષિણમાં છે. ત્યાં બ્રહ્મખેડ નામનું પુર હતું. તેનું સત્યયુગનું બ્રહ્મપુર નામ હતું ને ત્રેતાદ્વાપરમાં ત્રંબકપુર નામ હતું. કળિમાં બ્રહ્મખેટ નામ છે ત્યાં હિરણ્યા નામે નદી છે તેથી નજીક ભાગિરથી, સાભ્રમતી બહુ પુણ્યકારક છે; ત્યાં નાગહદ તીર્થ છે. વળી ત્યાં બ્રહ્મખેટ નગરમાં બ્રહ્મા, સાવિત્રી, ગાયત્રી એ ત્રણ દેવતા બીરાજે છે તે મંદિરથી પૂર્વ દિશામાં એક વાવ છે ત્યાં બાજ ખેડાવાળનાં ગોત્ર, પ્રવર, કુળદેવી સ્થાન વિગેરેના શિલા લેખો છે તથા અંબાજીનું મંદિર ને માન સરોવર છે. તે દેશના રાજાનું નામ વેણુંવત્સણું છે તે ઇલ્વદુર્ગ ઉરફે ઇડરમાં પુર્વે રાજ્ય કરતા હતા તે બહુ ધર્મી હતા. તેમને એકે પુત્ર નહોતો. તેવામાં જાત્રા કરવા નીકળેલા ખેડાવાળ પૂર્વજો ફરતા ફરતાં ત્યાં આવી ચડ્યા તો તે વખતે નદી હિરણ્યા ભરપુર હતી; જેથી તેઓએ નાવવાળાઓને કહ્યું કે નદીપાર ઉતાર. આ સાંભળી તેણે પૈસા માગ્યા તે તેઓએ ન આપતાં મંત્રને બળે કરી લુગડાં બિછાવી પોતાની મેળે નદી પાર ઉતર્યા. તે વાત નાવવાળાએ તુરત પોતાના રાજાને જઇ કહી, તે સાંભળી રાજા આશ્ચર્ય પામતાં તુરત તેઓને રહેવા સ્થળ આપી માન સાથે રાખ્યા. થોડા વખત પછી એ બ્રાહ્મણોને રાજાએ કહ્યું કે મને પુત્ર નથી તેનું શું કારણ છે? ત્યારે તેમણે જવાબ દીધો કે તમે પૂર્વે ગાય મારી છે તેથી સોનાની ગાયનું દાન કરો ને યજ્ઞ કરો. તે ઉપરથી રાજાએ તે બ્રાહ્મણો પાસે યજ્ઞનું કામ કરાવી સંતોષ પામી સુવર્ણ

ગાયનું દાન અને "બ્રહ્મખેટક" નામનું એક ગામ આ-પવા માંડયું. પણ તે નહિ સ્વીકારવાની બાબતમાં એકેક સાથે વાદવિવાદ પડયો. આથી એક મોટો ઝઘડો ઉત્પન્ન થવાથી તેનું મોટું નુકશાન થશે એમ જાણી રાજાએ શહેરના દર-વાજા બંધ કરવાને હુકમ આપ્યો તથા સોને કિલ્લામાં પુર્યા તો પણ જે એ દાન લેવાની વિરૂદ્ધ હતા તે લોકો શહે-રનો કિલ્લો ચઢી બહાર નાસી છુટયા તે "બાજ" (બાહ્ય) કહેવાયા. અને જેઓ કોટની ભીતર રહી દાન ગ્રાહ્ય કર્યું તે ભીતરા કહેવાયા. (ભીતર શબ્દ ભીતર ઉપરથી થયો છે એમ લોકો કહે છે પણ તેમ નથી. પરંતુ ભીતર શબ્દ હિંદુસ્તાની છે અને તેમાં ફારસી ભાષાનો અંશ છે. વાસ્તવિક જોતાં એ શબ્દ ભીતર ઉપરથી નહીં પણ आभ्यंतरा ઉપરથી પડેલો હોવો જોઇએ.) પછી કિલ્લાબહાર નાસી ગયેલાને નૈષ્ટિક જાણી ગુપ્તપાનના બીડામાં ગોત્ર દીઠ ગામ આપ્યાં. તે બોલતાં છેવટ "**લી**" આવે એવા નામનાં આપ્યાં તે અદ્યાપિ ત્યાં છે ને ત્યાં જાત્રા કરવા જવાનું પુન્ય છે. વળી ત્યાં કુળદેવી હજી પણ છે. માટે ત્યાં જ-વાથી મહા પાપ મુક્ત થવાય છે. અને મનવાંછના પૂર્ણ થાય છે. આ પ્રમાણે દંત કથાઓ ચાલે છે. વળી વિશેષમાં એવો પણ મત ચાલે છે કે–ખેડાવાળ બ્રાહ્મણોના પૂર્વજો દક્ષિણ હિંદુસ્તાનના મ્હૈસુર નજીકના કોઇ પ્રદેશમાંથી ગુ-જરાતમાં આવલા છે. આના પ્રમાણમાં કોઈ વિશેષ રીતના આધાર હશે તોપણ તેમાંનો એક આધાર કે જે "**તુળ-જા ભવાની**" નામની દેવીના તે ઉપાસકો હોય અને ગુ-જરાતમાં આવ્યા પછી તે સ્થાનક તેમને દૂર પડતું હોવાથી ગુજરાતમાં જંબુસર તરફના "**રણું**" ગામમાં તુળજા ભ-વાનીની સ્થાપના કરી હોય એમ માનવા લાયક હકીકત જણાય છે. આજે પણ આ બ્રાહ્મણો ત્યાં વિશેષ રીતે જાય

છે તે પરથી પણ આ વાતને પુષ્ટિ મળે છે. વળી ગુજરાતમાં તુળજા દેવીના આ સ્થાનકની આજુબાજુના ગામોમાં આ બ્રાહ્મણોની વસ્તી વધારે હતી તે ઉપરથી પણ આ વાત વધારે માનવા લાયક થઇ પડે છે.

ઉપરના મતમાં કયો મત માનવા લાયક છે તે વાતનો નિર્ણય આપવાનું કામ સહેલું નથી તોપણ પહેલા મત સિવાય બીજી હકીકત વધારે સબળ છે એમ ઘણાઓનું ધારવું છે. કારણ કે દક્ષિણનાં પ્રાચીન ચિન્હો જેવાં આ ખેડાવાળ બ્રાહ્મણોનાં કેટલાંક દક્ષિણ રીવાજો માલૂમ પડે છે વિધવા સ્ત્રીઓ ધોળા કપડાં પહેરે છે, આજો વડવો ખાસ દક્ષિણી શબ્દ છે; છતાં આજો પડવો કરવાનો આ બ્રાહ્મણોમાં રીવાજ છે; વળી ચીતાક નામનું સોનાનું ઘરેણું પહેલાંનું મળતું આવે છે; દક્ષિણ હિંદુસ્તાનમાં ખેડાવાળ બ્રાહ્મણનો તૈલંગા વગેરે સાથે જમવાનો રીવાજછે, ને તેઓની સ્ત્રીઓ દક્ષિણિ પહેરવેશ રાખે છે. દક્ષિણમાં એમના કેટલાકનાં ઘર પણ છે ત્યાં ખેડગામ છે તે પરથી તેઓ દક્ષિણના રહેવાશી હોય એમ માલૂમ પડે છે અથવા ગુજરાતની બહારના કોઇ પ્રદેશમાંથી તેઓ ગુજરાતમાં આવી ખેડા પાસેના ગામોમાં વસ્યા હોય અને તેથી ખેડાવાળ એ સંજ્ઞાને પામ્યા હોય એમ માનીએ તોપણ તે આપણી ઉપરની માન્યતા વિરૂદ્ધ જતું નથી.

આ ખેડાવાળ બ્રાહ્મણોમાં બાજ અને ભીતરા એવા બે વિભાગ છે તે પૈકી બાજમાં "**ખેડાવાળબાજ**" અને ભીતરામાં **ખેડાવાળભીતરા** એ નામના બે બ્રાહ્મણ વર્ગો તે તે મૂળ જ્ઞાતિમાંથી છુટા પડેલા હાલ સ્તિત્વમાં છે. ભીતરા ખેડાવાળ બ્રાહ્મણો લાડ વાણીઆના કુળગોર હોયછે. તેઓ તેમની યજમાનવૃત્તિ કરતાં હોવાથી જ્યાં જ્યાં લાડ વાણીઆની વિશેષ વસ્તી હતી તે ભાગમાં તેમની પણ વસાયત ફેલાઇ હતી.

## ખંભાતના ખેડાવાળ તેમનો ત્રાસ અને તેમને થયેલી યોગ્ય શિક્ષા.

ખંભાત તરફ દૃષ્ટિ કરતાં લાડ વાણીઆની વસ્તી પ્રથમથી ચાલી આવ છે ત્યાં તેમના પૂર્વેના ગોર ભીતરા ખેડાવાળ હતાં છતાં કેટલાક સમયથી ત્યાં ટોળકીયા તથા શ્રીગોડ બ્રાહ્મણની વસ્તી છે તેમાંથી પોતપોતાના ગોર તરીકે એ બ્રાહ્મણોને નકી કરી લીધેલા લાગે છે. આ પ્રમાણે થવાનું કારણ કાંઇક એમ જણાય છે કે ખેડાવાળ ગોરોએ આગલા જમાનામાં યજમાનો ઉપર અત્યંત ત્રાસ, કનડગત, યા મરજી પસંદ રીતે તોફાનો યજમાનોની ઇચ્છા વિરૂદ્ધ કરેલાં હોય તેથી ખેડાવાળને હદપાર કર્યા હોય એમ લાગે છે. આ બનાવ મુસલમાની પાદશાહના વખતમાં બન્યો હોય એમ સંભવતું નથી; પણ તેરમી સદીમાં **કલ્યાણરાયે પોતાની હકુમતથી દેશપાર** કાઢયા એ વાત સંજોગો જોતાં વાસ્તવિક લાગવા સરખી છે. તેમના વિષે એક એવી દંતકથા ચાલે છે કે-ખેડાવાળ બ્રાહ્મણોએ એક ગરીબ વિધવા ડોસીની છોકરી પરણતી હતી ત્યારે દાપાં માટે એક ચોકસ રકમ માગી, જે તે બાઇ એ આપવાને અશક્ત હતી તેની તકરાર થતાં ખેડા-વાળ ગોર ગુસ્સો કરી બોલ્યા કે આપવા નથી મળતું તો પરણાવવાને શામાટે આવી છે. **દીકરીને નાતરે દેવી હતી** આ મહેણું પેલી કન્યાની વિધવા ડોશીથી સાંખી શકાયું નહીં તેથી તેણીએ વિમાસણમાં વિચાર કર્યો કે હવે શું કરવું. એમ કરતાં તેણીને યાદ આવ્યું કે **કલ્યાણરાયનું રાજ્ય** છે ને જાતે લાડવાણીઆ છે તો શું એ આ દુઃખનો ઉપાય નહિ કરે ? એમ ધારી બીચારી મુંઝાયલી ડોશી કલ્યાણરાય પાસે ફરીયાદ ગઈ અને પોતાની વીતી વાત કહી. આ સાંભળી કલ્યાણરાયે ડોશીને હિંમત અને કેટલીક

મદદ આપી લગ્ન પ્રસંગની પૂર્તતા કરી. પરંતુ આ સમયનું બ્રાહ્મણોનું ઉદ્ધતાઇ ભરેલું કૃત્ય કલ્યાણરાયના હૃદયમાંથી વિસ્મરણ થયું નહીં, તેથી તેમને બીજો પ્રસંગ એવો આવ્યો કે તુરત બધા ખેડાવાળ બ્રાહ્મણોને સ્ત્રી, પુરૂષો ને કુટુંબ સાથે સર્વેને એક વહાણમાં બેસાડી અને પોતે પણ તેજ વહાણમાં બેસી ભરદરિયે જઇ આખું વહાણ બુડાડવા ખલાસીને હુકમ કર્યો; તે વખત સ્ત્રી, પુરૂષોને છોકરાંઓનું આક્રંદ તથા નમ્રતા જોઇ કલ્યાણરાયને દયા આવવાથી છેવટ તેઓ સર્વને હદપારની શિક્ષા કરી. તે બ્રાહ્મણોએ, હદ છોડતાં એટલું માગી લીધું કે કંઇ પણ અમારૂ ચિન્હ રાખવું જોઇએ ? ત્યાર છેવટે કંઇક મૃત્યુ પ્રસંગે યજમાનો પાસેથી ચોકસ પૈસા (નહીં કે રૂપીઆ) મળે તે પૈસા આપવા દયા કરી. આ બ્રાહ્મણો એક કહેવત એવી કહેતા કે—**ઝાડ લાકડાં ને ખેડાવાળ કુહાડા તે ફાડી ફાડી ખાશે** આવા તેમના ઉન્મત્ત પણાને લીધે કલ્યાણરાયે તેમને હદપારની શિક્ષા કરી એ યોગ્ય ઉમદા કૃત્ય કર્યું જણાય છે. આથી ખંભાતમાં બીજા બ્રાહ્મણો યજમાનવૃત્તિ કરે છે. આ બ્રાહ્મણોને હાંકી કાઢવાથી તેઓ જુદે જુદે સ્થળે જઇ વસ્યા છે. વળી ખંભાતથી નીકળેલા જે જે લાડ લોકો દમણ, વસઇ, થાણા તથા મુંબઇ વસ્યા છે તે સર્વે ઉપર આ ખેડાવાળનો બીલકુલ હક્ક નથી.

સામાન્ય વાત તો એજ કે વણિક ગૃહસ્થ માત્રને બ્રાહ્મણની તો જરૂર શુભાસુભ પ્રસંગે પડેજ, માટે સર્વે કોઇ પોતાની નજીકમાં બ્રાહ્મણોના કુટુંબની વસ્તી હોવાથી ગોર સ્થાપે, કારણ કે આમ થવાથી ગોર યજમાનજ એક બીજાને ઉપયોગી થાય. આથી બ્રાહ્મણે પોતાના જ્ઞાતિના યજમાનોનું દરેક કાર્ય સંભાળવું; તેમ યજમાને

બ્રાહ્મણને પોતાની યથાશક્તિ દ્રવ્ય, અન્નવસ્ત્ર વગેરે આશ્રય દાનરૂપે આપવું એ ખરી રીત છે.

ભીતરા ખેડાવાળના બાવીસ ગામના ચોરા ગણાય છે તેમને ત્યાં જ્યારે શુભાશુભ સમય આવે છે ત્યારે તેઓ બાવીસ ગામોના લોકોને પત્રો લખી બોલાવે છે.

બરાનપુરમાં ખેડાવાળની વસ્તી નહીં હોવાથી લાડ વાણીઆની યજમાનવૃત્તિ માટે ગમે તે ખેડાવાળ જાય છે તો વગર હરકતે કરી શકે છે.

ઉપર પ્રમાણે ખેડાવાળ બ્રાહ્મણોને આખી લાડ વણીક જ્ઞાતિઓએ એકે અવાજે શા કારણથી કબુલ કર્યા તે વાત કંઇ ચોકસ રીતે હાથ આવતી નથી તોપણ એમ તો અનુમાન થાય છે કે આ વણિક જ્ઞાતિને આવેલા કોઇ ખાસ પ્રસંગમાં આ બ્રાહ્મણો પૈકી કોઇએ વિશેષ રીતે મદદ આપી હોય અને તેથી તેમને ગોર તરીકે સ્વીકારવા નિશ્ચય થયો હોય એમ માનવાને આ પુસ્તકના પ્રકરણોનો પૂર્વાપર સંબંધ જોતાં કારણો મળે છે.

વળી ઉપર કહ્યું તેમ સુવર્ણદાન પામનાર બ્રાહ્મણોને દાન કરતા રાજાએ આ વણિક જ્ઞાતિની યજમાનવૃત્તિ સોંપી હોય, અથવા એ રીતે કહેવાય છે તે પ્રમાણે પરાણે આપેલા દાન ઉપર આ બ્રાહ્મણો પ્રત્યે ઉપકાર કર્યો હોય તો તે વાત પણ નહીં માનવા જેવી નથી.

લાડવણિક જ્ઞાતિની યજમાનવૃત્તિનું કામ આ બ્રાહ્મણો ઘણા જુના કાળથી કરે છે એ તો નક્કી છે, તો પણ તેના પુરાવા મળવા સુલભ હોઇ શકે નહિં કેમકે ગોર યજમાનના સંબંધમાં કાંઇક અમુક મોટો બનાવ બન્યો હોયતો જ તે ભવિષ્યના ઇતિહાસમાં દૃષ્ટાંત રૂપ આવી શકે

તો પણ સોલમાં સેકામા ખંભાતમાં આ બ્રાહ્મણો લાડવણિકોની યજમાનવૃત્તિ કરતા એવું ખંભાતને લગતા ઇતિહાસો ઉપરથી જાણવામાં આવે છે. વળી ઈ. સ. ૧૬૭૦ માં **કવિ આધાર ભટ્ટ** નામના ભીતરા ખેડાવાળ બ્રાહ્મણ ભરૂચમાં થઇ ગયા છે. તે લાડના ગોર હતા એમ મળી આવ્યું છે તેમણે બેસતા વર્ષને દહાડે એટલે કારતગ શુદ ૧ ને ભૃગુવારને દિવસે અનુરાધા નક્ષત્રને સિદ્ધિ યોગમાં નરસિંહ મહેતાના દીકરા શામળશાના વિવાહનું કાવ્ય રચ્યું છે. આ કાવ્યનો છેવટનો ભાગ જોતાં કવિની નીચે મુજબ હકીકત મળી આવે છે.

કવિની અવટંક દવેની હતી છતાં કાવ્યોમાં પોતે ભટ્ટ અવટંક લખે છે. તેમનો ધંધો "લાડવાણિઆની યજમાન વૃત્તિ"નો હતો. તેમના દાદાનું નામ દેવનારાયણ, ને પિતાનું નામ કહુજી હતું.

આ ઉપરથી ભીતરા ખેડાવાળ બ્રાહ્મણો લાડવાણિયાની યજમાન વૃત્તિનું કામ જુના વખતથી કરે છે એમ આ નજીકના સમયના દાખલાઓ જોયાં પછી પણ માનવાને કારણ રહે છે. હાલ અમદાવાદ, ખંભાત વગેરે ઠેકાણે લાડવાણિયાની વસ્તી છતાં ખેડાવાળ બ્રાહ્મણોની વસ્તી નથી. અને તેથી તે ગામોમાં ભીતરા ખેડાવાળ સિવાય ઇતર જ્ઞાતિના બ્રાહ્મણો આ વણિકોની યજમાનવૃત્તિ કરતા હોય તે ઉપરથી એવું અનુમાન કાઢવું જોઇએ નહીં કે આ યજમાનવૃત્તિ મૂળ આ બ્રાહ્મણોની નહોતી; કારણ કે આ બ્રાહ્મણોની સંખ્યા દિન પ્રતિદિન ઘટતી જાય છે અને તેથી થોડી સંખ્યામાં રહેલા કોઇ બ્રાહ્મણો પોતાની યજમાન વૃત્તિ ઇતર બ્રાહ્મણોને વેચીને પોતાની વસ્તીવાળાં ગામમાં જઇ વસ્યા હોય એમ બનવા જેવું છે.

આ પ્રમાણે ખેડાવાળ બ્રાહ્મણો લાડવાણીઆની યજમાન વૃત્તિ કરતા આવ્યાનું જણાય છે. એકંદર બ્રાહ્મણોમાં ૮૪ શાખા છે તે પૈકી જે મળી આવી તેટલી નીચે મુજબ છે.

વડનગરા, વિસળનગરા, સાઠોદરા, ચિત્રોડા, પ્રશ્નોતરા, કશ્નોતરા, અવદીચ, ટોળકીયા, ત્રિવેદી, ચાર્તુવેદી, જેઠીમલ તાંદળજા, ધીણોજા, ગીયારસલા, મોઢ, મેવાડા, ખેડાવાળ, ત્રિપાઠી, બાહ્ય, ભીતડા, જાબું, શ્રીગોડ, ભાર્ગવ, જોડતવાળ હરીઆળા, પુષ્કરણા, શ્રીમાળી, ઝારોળા, મોક્તિક, બાલપત્ર, નાંદોરા, અજોદરા, કપિલ, ખોરસદા, સાંચોરા, ઉદુમ્બરા, સોમપરા, ચીરનારા, ગુર્જર, અજોદરા, ચોળીસા, બડાદરા, રાયકવાલ, નાર્મદિક, વાયડા, અનાવળા, રાયગ્રલા, ખેડવા, ખડાયતા, નંદવાળ, પારસાવ, હરસોળા, કરાડા, મરેઠા, દધીચ, રોડવાલર, રવીવાળા, પલ્લીવાળ, ઉનેવાળ, પ્રેમવાળ, દીસાવાળ, કનોજીઆ, સારસ્વત, મીથુરીયા, ગૌડ, સનોડીઆ, દ્રાવિડ, તૈલંગ, મહારાષ્ટ્રિ, કર્નાટકી ગરૂડી, સરવરીયા, ગડુગલીત, નારદા, નાગડા, નડાવળ, નટવર, ગોમીત્રી, ગુગળી, સીળાજીયા, ભારતીયા, વીતપડા, આમોડ, આજાર, કંડોળીયા.

# પ્રકરણ ૬ ઠું.

## ગોત્રનું વિસ્મરણ.

દોહરા.

અવર વૈશ્ય વર્ણે ભલાં, ગોત્ર વિવિધ ગણાય;
પણ નિજ જ્ઞાતિ લાડનાં, ગોત્રો નવ સમજાય. ૧
કાળે કરી વિસ્મૃત થયાં, સંકરતા થઇ જાણ;
કશ્યપ અભિધાને લહ્યું, એકજ ગોત્ર સમાન. ૨

ગોત્ર ઉપરથી મૂળ અને મૂળ ઉપરથી યોગ્યતા જણાયછે. **छान्दोग्य उपनिषद्**માં આપેલી નીચેની કથા મનોહર અને ઉપયોગી છે.

જબાલાના પુત્ર સત્ય કામે બ્રહ્મચારી થવા માટે પોતાના ગોત્રની પોતાની મા મારફતે તપાસ કરી ગૌતમ હરિદ્રુમત પાસે જઇને કહ્યું ' ભગવત્ ! મારે આપની સેવામાં બ્રહ્મચારી તરીકે રહેવાની ઇચ્છા છે તો મને રહેવા દેશો ?

તેમણે પૂછ્યું--ભાઇ તારૂં ગોત્ર કયું છે !

સત્યકામ—મહાત્મન્ ! મારૂં ગોત્ર કયું છે તેની મને ખબર નથી, પણ જ્યારે મારી માતુશ્રીને પૂછ્યું ત્યારે તેણે કહ્યું હતું કે " મારી જુવાનીમાં નોકર તરીકે મારે ઘણે સ્થળે ફરવું પડેલું અને તે વખતે તારો જન્મ થયેલો. તારૂં ગોત્ર કયું છે તે હું બીલકુલ જાણતી નથી; પણ મારૂં નામ જબાલા છે અને તારૂં નામ સત્યકામ છે " એમ કહ્યું હતું. માટે ભગવાન્ ! હું સત્યકામ જબાલો છું !

ગુરૂએ કહ્યું--' બ્રાહ્મણ વગર કોઇની આવી સ્પષ્ટ વાણી હોઇ શકે નહિ. જા, ભાઇ! સમિધ લાવ અને હું તને દિક્ષા આપું છું. તું સત્યથી ચલિત થયો નથી.

સાધારણ રીવાજ એવો છે કે એક ગોત્રમાં લગ્ન થઇ શકે નહિ. સ્મૃતિયોમાં ઘણીજ મજબુતીથી લખ્યું છે કે, એક ગોત્રમાં અથવા પ્રવર મળતાં આવે તેવા ગોત્રમાં પરસ્પર લગ્ન કરવું નહિ.

મિતાક્ષરાના આચારાધ્યાયમાં એવું લખ્યું છે કે, સગોત્રમાં અજાણે લગ્ન થઇ જાય અને તે પછી ખબર પડે ત્યારથી તે સ્ત્રીને માની પેઠે જુદી રાખીને પાળવી. મતલબ કે સગી બ્હેનને પરણવું અને ગોત્રાણ બેનને પરણવું એ બરાબર ગણ્યું છે. જાણી જોઇને સગોત્રમાં પરણે અને તે સ્ત્રીને પેટે જે પુત્ર થાય તો તે પુત્રને ચાંડાળના જેવો ગણવો.

સ્મૃતિમાં કહ્યું છે કે,—

**आमुढ पतिताऽपत्यं ब्राह्मण्यां यश्चशुद्रजः ॥**
**सगोत्रोढा सुतश्चैव चांडाला स्त्रयईरिताः ॥**

અર્થ--પતિત થઇ ગયેલાનો પુત્ર, બ્રાહ્મણીને પેટે શુદ્રથી થયેલો પુત્ર, અને સગોત્રની કન્યા પરણીને તેનાથી થયેલો પુત્ર, એ ત્રણને ચાંડાળ કહ્યા છે-મતલબ કે તેને જનોઇ દેવાય નહિ ઇત્યાદિ-ઘણી મજબુતીથી લખેલું છે. આ પ્રમાણે એક ગોત્રમાં લગ્ન થતું નથી.

કેટલાક કહે છે કે વાણિયામાં ગોત્રજ નથી; પરંતુ એમ કહેવું એ બરાબર નથી. કેટલીક જ્ઞાતિઓમાં વાણીયાનાં ગોત્ર પોતાના કુળ ગુરૂ બ્રાહ્મણના ગોત્ર ઉપરથી નિર્દિષ્ટ

થાય છે અને કેટલીકમાં એ ગોત્ર ઉપરાંત પોતાનાં ખાસ વિશિષ્ટ ગોત્રો હોય છે. એ ગોત્રો કોઇ મૂળ જાત કે તે જાતનું મૂળ સ્થળ બતાવે છે.

ખડાયતા વાણિયાનાં ખાસ બાર ગોત્ર છે. જ્યારે તેમના કુળગુરૂ ખડાયતા બ્રાહ્મણનાં સાત ગોત્ર છે. આ બાર ગોત્રમાં અરસપરસ લગ્ન થાય છે. પરંતુ એકજ ગોત્રમાં નહિ, જો કે હાલમાં કન્યાની ખોટને લીધે એ રિવાજ લુલો થતો જાય છે પણ તે બરાબર નથી.

વળી વડનગરા નાગરો કહે છે કે અમારી ન્યાતમાં પણ આજ સુધી આવો બનાવ બન્યો નથી પણ બીજી કેટલીક ન્યાતોમાં અજાણે એક ગોત્રમાં લગ્ન થયેલાં છે અને કેટલીએક ન્યાતોમાં તો એક ગોત્રના બ્રાહ્મણો હોવાથી હાલ ઘણી અડચણ પડે છે. જેમકે નડિયાદના સાઠોદરા આલંબાણી ગોત્રના ઘણા છે, તેથી તેઓ ઘણા અકળાય છે અને કેટલાએક એવું ધારે છે કે ગોત્ર બંધાયા પછી ઘણી પેઢીઓ થઇ ગઇ છે, માટે એક ગોત્રમાં પરણવાની છુટી થાય અને કેટલીએક પેઢીઓ સુધી હદ બંધાય તો ઘણું સારૂં.

ક્ષત્રિય તથા વૈશ્ય વગેરેને વાસ્તે તો ધર્મશાસ્ત્રમાં સાફ લખેલું છે. તેઓના ગોત્રનો નિશ્ચય નથી. તેમ મુસલમાનો અને પારસીઓના પાછલ કહેલા ત્રાસને લીધે એ જ્ઞાતિની નાસ ભાગ થવાથી એ બદલ કઇ ચોક્કસ પુરાવો પણ મળી આવતો નથી. માટે ધર્મ સંબંધી ક્રિયામાં તેમના ગોરના ગોત્રનો ઉચ્ચાર કરવો અથવા કાસ્યપ ગોત્ર વગેરે કલ્પિત ગોત્ર કહેવું એમ ધર્મશાસ્ત્રમાં સાફ જણાવેલું છે. એ ઉપરથી જણાય છે કે ક્ષત્રિ અને વૈશ્યમાં બ્રાહ્મણ જેટલું સખ્ત બંધન નથી.

દશમા સૈકા સુધી ગોત્રનું બંધન ક્ષત્રીય તેમ વૈશ્યમાં બહુ સખ્ત હતું અને ખાસ ગોત્ર જોઇનેજ લગ્ન થતાં હતાં. નવમા સૈકાની કચ્છની ઉઢાં અને હોથલની વાતમાં ઉઢાની ભાભી મીણાવતી ઉઢાને લપટાવતાં કહે છે કે;—

‘ઉઢા, થી તે તું દુખીયો, મકર મુંકેના;
અજાવ ગોતરની પાણજો, કયાં ફુટીશ તોજી મા!’

અર્થ—હે ઉઢા, તું દુખી થઇશ, માટે મને ના કહે મા. આપણે પરસ્પર ભિન્ન ભિન્ન ગોત્રના (વંશના) છીએ તો પછી હું તારી મા શી રીતે થઇ!

એમ છે તો પણ ક્ષત્રીઓ અને વૈશ્યોને કેટલીક પેઢીઓ થઇ ગયા પછી સગોત્રમાં લગ્ન કરવાની અડચણ નથી. જાડેજા ચૂડાસમા એકજ વંશના છે. તો પણ તેઓને માંહો માંહે કન્યા લેવા દેવાનો વ્યવહાર છે. તેમજ ભાગવત આદિકમાં જોતાં શ્રી કૃષ્ણ સત્રાજીત યાદવની દીકરી સત્યભામા વેરે પરણ્યા હતા, તે સગપણ તેરમી પેઢીએ થયું હતું, તેમજ કૌરવ અને જાદવ એ પણ એકજ વંશની શાખાઓ હતી તો પણ એક બીજામાં ઘણી કન્યા લીધી દીધી હતી. એ દ્રષ્ટાંતો ઉપરથી સિદ્ધ થાય છે કે કેટલીક પેઢીઓ પછી ક્ષત્રિય અને વૈશ્યને સગોત્રમાં લગ્ન કરવા અડચણ જેવું નથી.—

લાડ વાણિયામાં પણ એક બીજાના જુદા જુદા ગોત્રમાં અને ઘણી વખત એકજ ગોત્રમાં લગ્ન ચાલુ થતાં; તેમાં વખતો વખત જુદી જુદી પ્રજાઓએ લાટ દેશમાં કાયમની વસાહત કરી વ્યાપારાદિ ધંધામાં પડયાને લીધે લાટ નામથી ઓળખાતા લાડ કોમની વિશિષ્ટ જ્ઞાતિમાં દાખલ થવાથી ગોત્રનો નિયમ રહ્યો નહીં તેથી મુસલમાન-

ની હુકમીના સમયમાં ગોત્ર સંકર થવાથી તેનો શાસ્ત્રોક્ત નિયમ સાચવી નહિ શકયાને પરિણામે તે ગોત્રોનાં નામાદિ વિસ્મૃત થતાં છેવટ " કશ્યપ " ગોત્રનું નામ શાસ્ત્રાજ્ઞા મુજબ કશ્યપ સૃષ્ટિને અનુસરી ચાલુ કર્યું. આજે આ જ્ઞાતિના ગોત્રો પ્રચલિત નથી, પરંતુ **कश्यप** ગોત્રના નામથીજ બધો વિધ વ્યવહાર ચાલેછે.

કેટલીક જ્ઞાતિમાં વૈશ્ય-વણિકનાં ગોત્ર તેમના કુળગુરૂનાં ગોત્ર કરતાં નિરાળાં હોય છે અને તે તેમનાં ખાસ ગોત્ર તરીકે ગણાય છે. લગ્નાદિ ક્રિયાઓમાં એ ગોત્રોનોજ ઉપયોગ થાય છે. એવાં ખાસ ગોત્રો જે વણિક જ્ઞાતિઓમાં ચાલુ થતાં બંધ પડયાં છે અને જે તદ્દન વિસ્મૃત થયેલાં છે તેમને માટે લગ્નાદિ ક્રિયાઓમાં તેમના જે ગોર હોય છે તેમનાં ગોત્રોનો પણ વખતે ઉપયોગ થાય છે; પરંતુ લાડ કોમમાં એમ થતું નથી માત્ર " **કશ્યપ** " ગોત્રનુંજ ઉચ્ચારણ થાય છે તેનું કારણ ઉપર જણાવ્યું છે તે પ્રમાણે ગોત્રો સંકર થયાં તેજ છે એમ જણાય છે.

# પ્રકરણ ૭ મું.

## લાડ ને તાડ.

**દોહરો.**

લાડ તાડ સરખા હશે, ગૂણ ભાવે નિરધાર;
કે ભાગ્યાં એ ભૂમિથી, મહી નદી ને પાર.

સૃષ્ટિપર દૃષ્ટિ કરતાં જણાય છે કે એકમાંથી અનેકની પ્રાપ્તિ એ કાંઇ ખરેખર ઇશ્વરી રચના છે. પ્રાચીન પુસ્તકો તપાસતાં બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર એ ચાર વર્ણો ઘણાના જાણવામાં પણ છે તેમાંથી સમયાનુસાર જ્ઞાતિના એકમેક ગ્રહસ્થો સાથે અમુક રીતિ જાતિમાં મતભેદ પડવાથી વૈશ્ય જ્ઞાતિમાં ઘણા વિભાગો અને પેટા શાખાઓ થયેલી જણાય છે. વણિકની મોટી જ્ઞાતિમાં લાડ જ્ઞાતિનો પણ સમાસ થાય છે. તેમાં વીસાલાડ અને દશા લાડ એવા ભાગ પડેલા છે. તે મૂળ તો એકજ માબાપના પુત્ર હોઇ એક બીજા સાથે કેટલાંક કારણોને લીધે જુદા પડેલા હોય એમ લાગે છે એમની એક જાણવા લાયક પ્રાચીન હકીકત નીચે મુજબ છે.

ગુજરાતની રાજધાની અણહીલપુર પાટણમાં સુપ્રસિદ્ધ સોલંકી મહારાજા સિદ્ધરાજ જયસિંહ રાજા રાજ્ય કરતો હતો તે વેળા તેનો પિત્રાઇ **કુમારપાળ** રાજાના ભયથી પહાડ પર્વતોમાં રખડતો હતો. કારણ કે રાજા સિદ્ધરાજને કોઇએ ભવિષ્ય કહ્યું હતું કે તારી પાછળ

તારો શત્રુ રાજ્ય ભોગવશે, તેથી કુમારપાળને ગાદી એ નહિ બેસાડવા રાજાએ નિશ્ચય કર્યો હતો. આ કારણથી તેણે કુમારપાળને હરેક પ્રકારે પકડી નાશ કરવાનો પ્રયાસ આદર્યો હતો. આ વાત કુમારપાળે જાણી હતી તેથી તે છુપાવેશમાં રહી સાધુ સંતોની સેવા કરતો અને તેમના આશીર્વાદ મેળવતો એક વેળા કુમાળપાળ ભયનો માર્યો કોઇ નિર્ભય સ્થાનમાં જવા સારૂ પગ પ્યાદળ મુસાફરી વેશમાં જતો હતો. આવી મુસાફરી ઘણુંકરીને તે રાત્રિએ વધારે કરતો હતો. તેથી આખી રાત્રીનો ચાલેલો હોવાથી થાક, ભૂખ, અને ઉંઘના દારૂણ દુઃખનો માર્યો સવારે કોઇ એક અરણ્યમાં વિશ્રાંતિ લેવા લાયક જગ્યામાં તેણે થોડોક વખત ગાળવાનો વિચાર કર્યો અને છેવટ એક ઝાડ તળે બેઠો. ત્યાં આગળ પાણી વગેરેની સારી સોઇ હતી. એટ-લામાં તે રસ્તે કોઇ લાડ વાણીઆની જાન (બરાત) બીજે ગામ જતી હતી; તેણે પણ એ સ્થાન અનુકુળ લા-ગવાથી દાતણ પાણી, ન્હાવા, ધોવાનું અને ખાવા પીવા વિગેરે કામ પુર્ણ કરી આગળ કુચ કરવાનો ઇરાદો રાખી આ સ્થળે મુકામ કર્યો. આ વખતે રાજાને પણ લાગ્યું કે વાણિયા લોકો છે. તે મને મોટો મા-ણુસ જાણી જરૂર મારી ખાવા પીવા વિગેરેની સંભાળ લેશે. આપણે આગળ કહી ગયા છીએ કે રાજા કુમાર-પાળને કેટલાક વખતથી અન્ન અને પાણીનો વિયોગ જ હતો તેથી તેણે આવી આશા રાખી હતી. રાજા કુમાર-પાળ ઘણોજ શ્રમિત થએલો અને ઉજાગરાવાળો હોવાથી એક તાડના વૃક્ષને છાંયડે સૂતો હતો તે ત્યાંજ ઉંઘી ગયો. તેના મનમાં હતું કે આ લોકો જમતી વખતે મને ઉઠા-ડશેજ; હવે પેલા વાણિયા લોકો જેઓ તે પોતાના

કામમાં રોકાયલા હતા તેમાંના ઘણાખરાઓએ રાજા કુમારપાળની આકૃતિ ઉપરથી જાણી લીધું કે ભિખારીના વેશમાં પણ કોઇ મોટો માણસ છે. વળી તેમને એમ પણ લાગ્યું કે તે કુમારપાળ જ હોવો જોઇએ. અને ગુર્જર પતિના ભયથી આવી રીતે ભટકતો હોવો જોઇએ. કદાચ જો આપણે તેને કોઇપણ જાતનો આશ્રય આપીએ અથવા તેના સહવાસમાં રહીએ તો મહારાજા જરૂર ગરદન મા. રશે. આવા ત્રાસથી તેઓ ખાધું ન ખાધું કરી પોતાનો સરસામાન વગર ગરબડે બાંધી છાનામાના ચાલતા થયા. કુમારપાળ થોડીક વારે ઉઠયો ત્યારે ત્યાં તુરત જોયું તો કોઇપણ નહોતું, અને જે ઝાડની છાયાતળે એ સૂતો હતો તે તાડનો છાંયડો ત્યાંથી લગભગ બે ત્રણ વાંસ દૂર જતો રહ્યો હતો. આથી કુમારપાળને ઘણોજ ક્રોધ ચઢયો. અને આ વાણિયાઓને અવિવેક જોઇ તેને ઘણું જ માઠું લાગ્યું. તેથી તેણે પ્રતિજ્ઞા કરીકે જ્યારે હું ગાદીએ બેસું ત્યારે મારા રાજ્યમાંથી લાડ અને તાડને એકદમ દેશ નિકાલ કરૂં. કેટલોક સમય વિત્યાબાદ સિદ્ધ. રાજના મરણ પછી જ્યારે ગુજરાતની ગાદીએ રાજા કુ- મારપાળ બેઠો કે તરતજ તેણે પોતાનું વચન પાળવા માટે પોતાના રાજ્યમાંથી લાડ વાણિયાને શોધી કાઢી દેશપાર કર્યા. તથા તાડના ઝાડોનો પણ નાશ કર્યો. આ ઉપરથી "**લાડ** અને **તાડ**નો વિશ્વાસ નહિ" એવી કહેણી ચાલી આવે છે. લાડ લોકો દેશપાર થવાથી આફતના માર્યા જ્યાં વિશ્રામ સ્થાન મળ્યું ત્યાં પોતાનું ઘર કરી રહ્યા. આ દંત કથા સાચી હોવાના પુરાવામાં આપણે હાલ એટલું તો જોઇ શકીએ છીએ કે ઉત્તર ગુજરાતમાં તાડ અને લાડ વાણિયાઓની વસ્તી નથી. વળી આ ઉપરથી બીજી પણ એવી કહેવત છે કે "**લાડ ને તાડ, મહીની પાર.**"

પરંતુ મહીની આ તરફ કુમારપાળ પછી ખેડા જીલ્લામાં લાડ વાણિયાની વસ્તી છેક અઢારમાં સૈકાસુધી પુષ્કળ હતી. હાલ માત્ર બોરસદ અને તેની નજીક પેટલાદ, ખંભાત, વગેરેમાં તેમની વસ્તી છે. પ્રથમ નડીયાદ અને ઉમરેઠમાં પણ એ લોકોની વસ્તી હતી. હાલ બીલકુલ નથી. આ ઉપરથી જણાય છે કે લાડ લોકોના પાછા હટવા પછી ત્યાં ખડાયતાની વસ્તી થયેલી હોય એમ લાગે છે.

ઉમરેઠની હકીકત ઉપરથી જણાય છે કે ત્યાં પ્રથમ સટાકપોળમાં લાડ વાણિયાની વસ્તી હતી એમ ગોકલ નરસીના દસ્તાવેજ ઉપરથી માલૂમ પડે છે. એ દસ્તાવેજ સંવત ૧૯૭૬ ના પોષ શુદ ૫ ને વાર બુધની મિતિનો છે. અને કુબેર જગજીવન નામના લાડ વાણિયાનું સટાક પોળના લાડવાડામાં પોતાની માલકીનું બાપદાદાના વહિવટનું ઘર હતું તે સુતરીયા જેઠાલાલ ભોગીલાલના વડીલ ગોકળ નરસીએ વેચાણ લીધું તે બાબતનો છે. એ દસ્તાવેજમાં કુબેર જગજીવન, વૃંદાવન ગોકળ અને જગજીવન ગોકળની સહીઓ થયેલી છે. આ કુબેર દસ્તાવેજની મિતિએ વડોદરે રહેતા હતા તેથી વડોદરે દસ્તાવેજ લખવામાં આવ્યો છે. આ ઉપરથી જણાય છે કે ઉમરેઠમાં પણ પ્રથમ લાડ જ્ઞાતિની વસ્તી હતી.

લાડ જ્ઞાતિના લોકોને કુમારપાળ રાજાએ દેશપાર કર્યા પછી એ લોકો છુટા છવાયા થઇ આફતના માર્યા જ્યાં વિશ્રામ સ્થાન મળ્યું ત્યાં પોતપોતાનાં ઘરો કેટલા સમયે કરી રહ્યા હતા. આ પૈકીના ઘણા લોકો ભરૂચ તથા તેને લગતા આસપાસના નાના ગામડાઓમાં પણ આવી વસ્યા હતા. કાળ ક્રમણ થતાં તેમાં દશા અને વીસાના એવા બે ભાગ થયા. તેમાં દશાલાડની વસ્તી લગભગ

ભરૂચમાં એટલી થઇ પડી હતી કે તેમાં ૪૦-૪૨ મણનો આરો શુભાસુભ સમયે વાપરવામાં આવતો. એટલી ભરચક વસ્તી ભરૂચમાં હતી. જેમ હાલનાં યાત્રાના સ્થાનમાં પંડયા અથવા તો ગોર લોકો પોતાની યજમાન વૃતિ ચલાવે છે તેમ આજથી દોઢસો એક વર્ષ ઉપર આ દશા લાડ જ્ઞાતિમાં વહીવંચાઓ તે જ્ઞાતિના લોકોના પુરતા દાખલાઓની નોંધ રાખી વંશાવલીઓ વગેરે યોગ્ય હકીકત દર વર્ષે જે તે ઇસમને વાંચી બતલાવી જે કાંઇ ઇનામ મળતું તેનાપર પોતાનો નિર્વાહ ચલાવતા હતા. તેઓ આ જ્ઞાતિની જાણવા જોગ મુખ્ય અને જ્ઞાતિના લોકોની વંશાવલી વગેરે હકીકતના ચોપડાઓ રાખી તેમાં વખતો વખત લખી નોંધ રાખવા કાળજી રાખતા. આ વહીવંચાઓએ એવો નિયમ કરેલો હતો કે જ્ઞાતિના દરેક ઘરમાંથી અમુક રકમ અને સીધું ખાવાને માટે લેવું જોઇએ. એક પ્રસંગે એવું બન્યું કે આ વહીવંચા પોતે બાંધેલા ક્રમ પ્રમાણે એક રંક વૃદ્ધ ડોશીને ઘેર પોતાના નિયમ મુજબ ધારો લેવા ગયા. આ ગરીબ બાઇને ખાવાને તો પુરૂં મળતું નહોતું અને વળી તેમાં આ મેમાન થયા! મિષ્ટાન જમાડવાનું તો બનેજ ક્યાંથી! આથી તે રંક ડોશીએ કરગરીને કહ્યું કે-ભાઇઓ તમને મિષ્ટાન જમાડવા મારી પાસે સાધન નથી માટે તમે કૃપા કરી મારે ત્યાંથી જાઓ પણ આ પેટભરા નિર્દય વહીવંચાઓએ તે રંક ડોશીને ધમકાવીન કહેવા લાગ્યા કે ગમે તેમ કર પણ અમારૂં દાપું તથા સીધું લાવ. આ પ્રમાણે તેઓ હદ ઉપરાંત તગાદો કરવા લાગ્યા. આ દુઃખ તે રંક ડોશીથી સહન ન થવાથી તે ભરૂચના એક નામાંકિત શેઠ સામભાઇ વણીદાસ પાસે ગઇ અન પોતાની બનેલી સઘળી વાત તેમને કહી. આ શેઠ બહુ દયાળુ હતા

તેથી તેમણે પેલા વહીવંચાઓને બોલાવી તેમને મનપસંદ મિષ્ટાન્ન જમાડયા. અને રાત્રે પોતાને ઘેર તે સઘળાઓને સારી બરદાશ રાખી સુવાડયા. જ્યારે તેઓ ભર ઉંઘમાં સુતા ત્યારે આ શેઠે વિચાર કર્યો કે આ વહીવંચા લોકો આપણી જ્ઞાતિને ધોળા હાથીની માફક બોજારૂપ થઇ પડે એમ છે માટે તેમને દુર કરવાનો પ્રયત્ન કરવો જોઇએ. તે ઉપરથી તેમણે વિચાર કર્યો કે આ ચોપડાજ એમની આ જુલમી વૃત્તિનું સાધન લાગે છે માટે તેમનો ગમે તે પ્રકારે નાશ કરવાની જરૂર છે. આથી શેઠે વહીવંચાઓ રાત્રે ખુબ ઉંઘમાં હતા તે વખતે તેઓ સાથે જેટલા ચોપડા લાવ્યા હતા તે તમામ ચોપડા કુવામાં નંખાવી દીધા. જ્યારે તેઓ જાગ્યા ત્યારે તેમને આ દેખીતા હમેશના થયેલા નુકશાન બદલ શેઠે યોગ્ય રકમનો બદલો આપી વહીવંચાઓને પૂર્ણ રીતે ખુશ કરી વિદાયગીરી આપી હતી. આ જનકથા ભરૂચના દશાલાડોમાં હજી પ્રચલિત છે, આ ચોપડા ગુમ થવાથી વહીવંચાઓનો રોજગાર તદન નાશ પામ્યો અને તે દિવસ પછીથી કોઇ જ્ઞાતિ જને તેમનો ધારો પ્રથમ પ્રમાણે આપ્યો નહિ આ પ્રમાણે કરવાનું કારણ જ્ઞાતિનું દુઃખ નિવારણ હતું. આથી જણાય છે કે પૂર્વે તેમને ઇતિહાસનો બહુ ઓછો શોખ હોવો જોઇએ. પણ ખરેખર એથીજ જ્ઞાતિના ઇતિહાસનું મૂળ નષ્ટ થયું અને તેની સાથે એક જુલમી ધારો નાબુદ થયો. પરંતુ એટલું તો ખરૂં કે દોઢસો વર્ષ ઉપર દશાલાડ હતા અને તેમાં વળી વહીવંચાઓ પણ જ્ઞાતિની વંશાવળી વગેરે મુખ્ય હકિકતની નોંધ રાખતા હતા. માત્ર તેમના જુલમથી તેમનો ધંધો નાબુદ થયો અને જ્ઞાતિને પ્રાચીન ઇતિહાસની ખોટ પડી એ કહેવાની આવસ્યકતા નથી.

જો એ વહીવંચાઓ જ્ઞાતિલા પ્રત્યે વિવેકસાર સ્નેહપૂર્વક ચાલી લોકોને ત્રાસ અને કનડગત ઉપર પ્રમાણે કરી ન હોત તો તે લોકોની આવી શ્રેષ્ટ જ્ઞાતિથી ખરેખરી ચઢતી થઇ પુષ્કળ સુખ મેળવ્યાં કરત એમાં સંશય નથી. " નમ્યો તે સર્વને ગમ્યો "એ કહેવત પ્રમાણે તેઓ નહીં વર્તતાં અભિમાનવાળાં થઇ ગયા તેથી ટુંક સમયમાં નાશ થવાનો પ્રસંગ આવ્યો. પણ આતો મરતાં ગયાં અને મારતા ગયાં એવું થયું ખરૂં ! કેમકે વહીવંચાઓએ ઉન્મત-પણું કર્યું તેના લાભમાં આજ આપણી પૂર્વેની હકીકતની ગળીના સોના માફક જોઇતી પુરતી પણ, પુરતાં નાણાં ખરચ્યાં પણ, શકતી નથી. જો એ વહીવંચાઓ ન્યાતીલા સાથે હળીમળીને ચાલ્યા હોત, અને જ્ઞાતિની પૂર્ણ હકીકત આજસૂધી રાખતા આવ્યા તો તે સોનાં કરતાં પણ વધુ ઉપયોગી થઇ શકત. પણ હવે ગયાંને સંભારવાથી વળે તેવું નથી. તેમ બીજા સોના સરખી નોંધ રાખનારા ઉત્સાહી પુરૂષો પણ ભાગ્યેજ દેખાય છે. એટલે હવે જે થાય તે તમાસો બે આંખે જોયા કરવા જેવું છે. તો પણ હું ધારૂં છું કે ઉત્સાહી, ને પરમાર્થી પુરૂષો જ્ઞાતિ હિતાર્થની એવી નોંધો વ્યસન તરીકે રાખવા પોતાનો વખત જરૂર રોકશે તો ભવિષ્યમાં સારૂં પગ ભગશે ખરૂં એમ ધારણા છે.

# પ્રકરણ ૮ મું.

## નામાંકિત સજ્જન.

### વડોદરાના શેઠ હરિભક્તિના કુટુંબનો ટુંક ઇતિહાસ.

વસંતતિલકા વૃત્ત.

જ્યાં ધર્મ ધ્યાન ધૃતિ, જાગૃતિ દિવ્ય શક્તિ,
જ્યાં સન્નિવૃત્તી પ્રતિ પ્રીતિ, અતિરાજ્ય ભક્તિ;
જ્યાં આત્મ ઉન્નતિ, યશસ્વતિ શુભ્ર કીર્તિ,
ત્યાં રાજ્યરત્ન નરની, થતી સુ પ્રસૂતિ.

વિદ્યા કલા વિનય ચાતુરિ હોય ચારૂ,
સદ્વંશ જન્મ વરવૈભવ સદ્મ સારૂ;
વાણિજ્ય, વાણિ, વળિ લોક હિતાર્થી વૃત્તિ,
તેવા નૃસિંહ તણિ થાય બધે પ્રશસ્તિ.

હરિભક્તિ એ નામ પિતા પુત્ર તરીકે જોડાયલું નથી પણ હરિભાઇ અને ભક્તિભાઇ એ બન્ને ભાઇઓ વીશાલાડ વણીક હતા. ઇ. સ. ૧૭ માં સૈકામાં હરિભક્તિના કુટુંબમાં મુળ પુરૂષ **લક્ષ્મીદાસ શેઠ** હતા. તેમને ત્રણ પુત્રો હતા જેવાં કે **નરસીદાસ ભકિતભાઈ** અને **હરિભાઈ**. અને વળી તે ઉપરાંત તેમને એક કન્યા પણ હતી. જેનું લગ્ન ભુખણદાસ નામના ગૃહસ્થ સાથે કરવામાં આવ્યું હતું. આ બાઇને ત્રણ પુત્રો નામે નંદલાલ, **શામળદાસ**

અને દુલભદાસ હતા. તે સઘળાં તેમના મામા હારભાઇ અને ભક્તિભાઇને ત્યાં ઉછર્યા હતા.

**લક્ષ્મીદાસશેઠ** વડોદરામાં રહેતા અને વ્યાજ વટંતરનો ધંધો કરતા, અને વાઘોડીયા તાલુકામાં માઢોધર ગામ છે ત્યાં એ શેઠ ખાંધા પાંજરાનો પણ વ્યાપાર કરતા તેથી વ્યાપારના અધવારા તરીકે તેમનું માઢોધર ગામે રહેવું થતું હતું. આ વખતે ઇ. સ. ૧૭૩૦ માં વડોદરામાં શ્રીમંત પીલાજીરાવ મહારાજની સત્તાનો પૂર્ણ અમલ હતો.

સમયાનુસાર લક્ષ્મીદાસે પોતાના ત્રણ દીકરાઓને સારી કેળવણી આપી ખાનગી ધંધે વળગાડયા હતા. હરિભાઇ અને ભક્તિભાઇની ખીલતી જુવાનીમાં તેમના તીર્થરૂપ લક્ષ્મીદાસશેઠ સ્વર્ગવાસી થયા. વળી એ ઉપરાંત ટુંક સમયમાં નરસીદાસનો પણ અંત આવ્યો તેથી આ યુવાન હરિભાઇ અને ભક્તિભાઇના પર તમામ પ્રકારનો બોજો આવી પડયો.

**હરિભાઈ** અને **ભક્તિભાઇ**ના મનમાં રાત દિવસ પોતાની ચઢતી દશા થવા માટે અનેક તરંગો ઉત્પન્ન થતા અને તે કેવી રીતે અમલમાં લાવવા તે વિષે ચિંતવન કરતા. અંતે તેમણે વિચાર કર્યો કે અર્થ સિદ્ધયર્થે કોઇ ઉત્તમ સ્થળે જવું જોઇએ. એમ ધારી તેઓ પૂને ગયા. આ વખતે પુનામાં **પેશ્વા સરકારનો** પૂર્ણ ઉદય હોવાથી તેમના તાબાના નાના મોટા રાજા રાણાઓ, જાગીરદારો, એ રાજધાનીમાં વસતા, ત્યાંના લોકોના અવર જવરને લીધે પોતાનો વ્યાપાર ધમધોકાર ચાલશે એવી બંન્ને ભાઇઓની ખાત્રી થવાથી તેઓ ત્યાં રહી ઉમંગભેર વ્યાપાર કરવા લાગ્યા. તેથી તેમની થોડાક વખતમાં સ્થાનીક

શાહુકાર જેવી પ્રતિષ્ટા બંધાઇ. આ કીર્તિ વધવાથી લોકોની ઘણી ઘરાકી જામી રહીને થોડા સમયમાં તેમની ખાસ શ્રીમંત પેશ્વા સરકારના ચતુર પ્રધાન **નાનાફડનવીશ** સાથે મિત્રતા થઇ ગઇ. આથી ધંધામાં અને દુકાનમાં નાણાની છુટ વધી તેથી સારો લાભ મળવા લાગ્યો. આ પ્રસંગે વિશ્વાસુ જનની જરૂર પડવાથી પોતાના ભાણેજ સામળભાઇને પુને બોલાવી મુનીમગીરીનો કારભાર સોંપ્યો. થોડા સમયમાં શ્રી. પેશ્વા સરકારને એક લાયક પારેખની જરૂર પડી તેથી તે વાત નાના-ફડનવીસને કરી. એટલે તેમણે શ્રીમંત હજુર હરિભક્તિ પોતાના મિત્ર હોવાથી રજુ કર્યા કે તુરત વાતચીત થતાં શ્રીમંતે પોતાનો સંતોષ જાહેર કરી હરિભક્તિને પોતાના પારેખ ઠરાવી પોતદારીનું ખાતું બાંધ્યું. તેથી ભંડોળમાં વૃદ્ધિ થઇ. અને સરકારને જોઇતાં નાણાં તુરત પાડવામાં આવતાં. શ્રીમંતના દરબારમાં શેઠજી બહુ માન પામવા લાગ્યા. દુકાનમાં કરોડો રૂપીઆની ઉથલપાથલ થવાથી તેઓ રાજયસ્થંભ તરીકે મનાયા ને તેમનું ચોમેર બહુ માન વધ્યું. સને ૧૭૭૮ માં પુરંદર કિલ્લામાં પેશ્વા સરકારનો મુકામ હતો તે સ્વારીમાં હરિભક્તિ પણ સાથે હતા. શ્રીમંત હજુર એમના ભારે વખાણ થતા તે વખતે ચતુર શેઠે અરજ કરવાથી ઇ. સ. ૧૭૭૮ માં પેશ્વા સરકારે તેમને વંશ પરંપગની સરતે ડભોઇ તાલુકાનું કજાપુર ગામ એનાયત કર્યું. આ વખતે હરિભક્તિની પ્રતિષ્ઠા ઘણી જામી હતી. તે સમયે ગાયકવાડ સરકાર ને શ્રીમંત પેશ્વા સરકાર તરફ રૂપીઆ એક કરોડ અદા કરવાના હતા તેટલી ભારે રકમ તેમના વતી રોકડ અદા કરે તેવો કોઇપણ શેઠ શ્રીમંત ગાયકવાડ સરકારની ધ્યાનમાં નહી આવવાથી માત્ર હરિભક્તિ તરફ

પોતાની દૃષ્ટિ કરી અને તેઓને આ રકમ પોતાના વતી અદા કરવા જણાવ્યું. તે મુજબ એ રકમ ગાયકવાડ સરકાર વતી પેશ્વા સરકારને શેઠજીએ આપી હતી તેના બદલામાં શ્રી. ગાયકવાડે કેટલાક કરાર કર્યા અને પોતાના પારેખ બનાવ્યા. તેમજ ઇ. સ. ૧૭૯૧ માં પાલખીનું બહુ માન બક્ષીસ કર્યું ને તે માટે ૨૨૯૬ ની નીમણોક બાંધી આપી જેને લીધે ભક્તિભાઇ વડોદરાની દુકાન ખાતે અને હરિભાઇ પૂના ખાતે રહેવા લાગ્યા. આ દુકાનોમાં રાજ્યની કુલ ઉપજ ભરાતી હતી; તેથી દુકાનનું નામ **હરિભક્તિની પેઢી** એ નામ આપ્યું હતું જેમ જેમ દુકાનમાં વ્યાપાર વધતો ગયો તેમ તેમણે મુંબાઇ, પુના, સુરત, નાગપુર, ગ્વાલીયર, પેટલાદ, અમદાવાદ, ભાવનગર, ઘોગ્રજી, ગોંડળ, જુનાગઢ, ધારવાડ, અમરેલી વગેરે સ્થળે પોતાની પેઢીની શાખાઓ નવી ઉઘાડી તેમાં ધમધોકાર વ્યાપાર ચાલતો કર્યો હતો.

શ્રીમંત્ માનાજીરાવ મહારાજના મરણ સમયે ગોવીંદરાવ મહારાજ પૂને હતા તેથી રાજકુટુંબમાં ગડબડાટ ઉત્પન્ન થયો હતો તે સમાવવાને અને શ્રીમંત ગોવીંદરાવ મહારાજનો હક્ક જાળવવામાં હરિભાઇએ વડોદરામાં, અને ભક્તિભાઇએ પુનામાં પૂર્ણ મદદ આપી હતી.

આ બંને ભાઇઓ પેશ્વા સરકારના પૂર્ણ વિશ્વાસુ હતા. શ્રી માનાજીરાવનું મરણ થતાં દરબાર ખાતે મુકરર રાજા નિમાતા સુધી રાજ્યનો બંદોબસ્ત રાખવા માટે શ્રીમંત પેશ્વા સરકારે ભક્તિ પારેખ ઉપર પત્ર લખ્યો હતો.

શ્રીમંત ગોવીંદરાવ મહારાજના અધિકારના કામમાં હરિભાઇ અને ભક્તિભાઇ એ ઘણી મદદ આપ્યાથી તે બંને ભાઇઓને "**ચીરંજીવ**"નો ઇલકાબ બક્ષીસ આપ્યો

હતો અને સંખેડા મહાલનો વહીવટ પણ સોપ્યો હતો. શ્રી ગોવીંદરાવ મહારાજ રાજ્યકીય બાબત માટે પુને હતા તે વખતે તેમને પુષ્કળ નાણાંની જરૂર પડતી તે તમામ હરિભાઇ અને ભક્તિભાઇ તુરત વડોદરા અને પુનામાં પૂર્ણ રીતે પુરી કરતા હતા.

શ્રીમંત્ ગોવીંદરાવ મહારાજના વખતમાં દિનપ્રતિદિન પુષ્કળ ઉપાડ થવા લાગ્યો તેથી એ મહારાજાએ હરિભક્તિને પોતદારી પેટે રાજના કેટલાક વિભાગોમાંથી ઘટતી રકમો લેવાને માટે વંશ પરંપરાની સનંદો આપી. અને વળી સુરત અઠાવીસીની પોતદારી પેટે રૂ. ૨૨૫૦) ની નીમણોક કરી સનંદ પણ આપી. જ્યારે ગોવીંદરાવ મહારાજનો મુકામ પુનામાં હતો ત્યારે ત્યાં શેઠજી તરફથી અરજ થતાં વડોદરા તાલુકાનું **મેઘાકુઇ** ગામ વંશ પરંપરાની સરતે ઇનાયત કરેલું પરંતુ તે સારૂ નહીં હોવાથી તેમની અરજથી તેના બદલામાં **ગોરીયાદ** ગામ ઇ. સ. ૧૭૯૫ માં ઉપર પ્રમાણેની સરતથી બક્ષીસ આપવામાં આવ્યું. હરિભક્તિને ત્યાં બહોળા હાથે ખરચ થતો. એવા કુળવાનને ત્યાં હજારો રૂપીઆનો પરદેશી માલ આવતો છતાં તેમની જકાત નહીં લેવા શ્રી ગોવીંદરાવ મહારાજે આજ્ઞા કરી હતી. વળી ઝવેરાતની કીંમતી ચીજોનું હાંસલ પણ નહીં લેવા માશીનો પરવાનો આપ્યો હતો. તેમ લેણદેણ સંબંધે પણ દાવો કર્યા વગર ખાનગી રીતે વસુલ કરી આપતા હતા. કેટલાક સમય પછી ભક્તિભાઇ ઇ. સ. ૧૭૯૫ માં વડોદરામાં સંતાન મુકયા વગર અને પાછળ રતનબાઇ નામની વીધવાને મુકી દેવલોક પામ્યા. ત્યાર પછી બીજેજ વર્ષે **હરિભાઇ** પુના મુકામે ગુજરી ગયા. હરિભાઇને બે સ્ત્રીઓ હતી

જેમાંની એકને એક પુત્રી હતી પણ તે સઘળાં હરિભાઇના મરણ પછી થોડાક સમયમાં દેવલોક પામ્યા.

**શામળભાઇ**—હરિભાઇ અને ભકિતભાઈના ગુજરી ગયા પછી ભક્તિભાઈની વીધવા સ્ત્રીના હાથમાં દુકાનનો કુલ વહીવટ આવ્યો. તેમનો ભાણેજ દુલભદાસ પુનાની દુકાનમાં પૂર્ણ માહીતગાર હોવાને લીધેત્યાંની દુકાનના પ્રતિનીધિ તરીકે વહીવટ કરવાનો અધિકાર કાયમ રાખ્યો. તે તેણે ત્રણ વર્ષ સુધી સંતોષકારક ચલાવ્યો પણ તે પછી પોતે હરિભાઇનો હું વારસ છું એમ જાહેર કરી પુનાની મિલ્કત કબજે કરી. આ ઉપરથી ભકિતભાઇની વિધવા સ્ત્રી **રતનબાઇએ** પોતાના ભાણેજ શામળભાઇને સાથે લેઇ દુલભદાસ પાસેથી પુનાની દુકાનનો હિસાબ લેવા માટે ગયા. તેમાં સારી રીતે ફતેહ પામ્યા ને પોતાની સઘળી મીલકત કબજે લેઇ લીધી. ઇ. સ. ૧૮૦૩ ના ડીસેમ્બર ની તા. ૫ મીએ રતનબાઇએ શ્રીમંત પેશ્વા સરકારની મંજુરી મેળવી પોતાના ભાણેજ શામળભાઇને દત્તક લીધો તેથી હરિભકિતની પેઢીની મીલકતના શામળભાઇ એકલા વારસ થયા. ઇ. સ. ૧૮૦૬ ના માર્ચ મહીનામાં રતનબાઇ વડોદરા ખાતે સંતોષ પામી પાછા ફર્યા.

કેટલોક સમય વિત્યા બાદ શામળભાઇ પુને જઇ શ્રીમંત પેશ્વા સરકારને મળ્યા; તે સમયમાં "ટીપુ સુલતાન" સાથે મોટી લઢાઇ ચાલવાની ગોઠવણ ચાલતી હતી. મ્હૈસુરના ટીપુ સુલતાન સાથે શ્રીમંત પેશ્વા સરકારને તેમજ નામદાર બ્રિટિશ સરકારને, અને દક્ષિણ હૈદ્રાબાદના નીઝામ સરકાર એઓ વચ્ચે મોટુ યુદ્ધ કરવાની તૈયારી હતી તેવામાં તેઓ પેશ્વા સરકાર પાસે આવેલા હોવાથી તેમને આ યુદ્ધમાં પારેખ તરીકે આવવા ફરમાન

થયું એટલે તેઓ પણ ખુશીથી સાથે ગયા. આ લડાઇ કેટલોક વખત ચાલ્યા બાદ પૂર્ણ થએ તેઓ સઘળાં પુને પાછા ફર્યા તે વખતે દરબાર તરફથી એ પારેખને ઘણું સારૂ માન શ્રીમતે એનાયત કર્યું. થોડા વખતમાં શામળભાઇ એ સુરતમાં રહી પોતાની દુકાનમાં લાખો રૂપીઆ એકઠા કર્યા તેથી તે એક પેઢી તરીકે સર્વે સ્થળે મનાતી.

શેઠાણી રતનબાઇને કાશીયાત્રા કરવાની ઇચ્છા થ· વાથી તેઓ પોતાના કુટુંબ સાથે યાત્રા કરવા સારૂ નીકળી ડયા. તેમાં રસ્તામાં હજારો રૂપીઆ પુણ્યદાન કરવાના અર્થે વાપરતા. વળી તેમણે કાશીમાં ગંગા ઉપર એક ઘાટ તથા મંદિર બંધાવ્યા છે અને ત્યાં સદાવ્રત ખોલી જમીનની કાયમ ઉપજ આપી છે તે એકંદર યાત્રા પાછળ તેમણે પંદર લાખ જેટલો મોટો ખર્ચ કર્યો હતો. વિશેષ- માં તેમણે સુરતમાં કતાર ગામે પણ એક ધર્મશાળા બંધાવી છે.

ઇ. સ. ૧૮૦૯ ના આગષ્ટ મહીનાની ૫ મી તારીખે **શામળભાઇ** સંતતી રહિત ગુજરી ગયા.

**બેહેચરભાઈ**—શામળભાઇને સંતતી નહી હોવાથી પોતાના મૃત્યુ પહેલાં પોતાની સ્ત્રી અચરતબાઇને સૂચવ્યા મુજબ અચરતબાઇએ પોતાના એક સગાને સરકારમાં દશ લાખ રૂપીઆ નજરાણો ભરી દત્તક મંજુર કરાવ્યા. અને ઇ. સ. ૧૮૦૯ના ઓગષ્ટ મહીનાની ૨૩ મી તારીખે શ્રીમંત ગાયકવાડ સરકારે **બેહેચરભાઇને** દત્તક મંજુર કર્યાની સનંદ આપી. આ સનંદમાં બહેચરભાઇને માત્ર શામળ- દાસના કુલ વારસ મંજુર રાખ્યા પરંતુ દુકાનનો કુલ અ- ધિકારતો શેઠાણી અચરતબાઇએ પોતાની પાસે રાખ્યો હતો આ બાઇ અને શ્રીમંત ગાયકવાડ સરકાર વચ્ચે ઇ.સ. ૧૮૦૯ના

અકટોબર મહીનાની ૧૮ મી તારીખે કેટલાકએક કરાર થયા હતા. કે જેમાં "દતપત્ર" નો પણ સમાવેશ થયો હતો. આ કરારની સરતોથી તેમને હરિભક્તિની વડોદરાની પેઢીના પ્રતિનિધી તરીકે સંપૂર્ણ, સંરક્ષણ, સરકારની પોતદારીની વ્યવસ્થાનો હક, અને તેમાંથી થતો નફો લેવાનો હક તથા ઇનામી ગામોનો કબજો એ સંબંધી બાંહે ધરી, તમામ શેઠાણી અચરતબાઇ તથા તેમના દત્તકપુત્ર બેહેચરભાઇને આપવામાં આવી હતી. આ કરારને નામદાર સર જે-કારનેક તે સમયના રેસીડેન્ટ સાહેબે પોતાના મુખવચનથી એવી ખાત્રી આપી જણાવ્યું કે "શ્રી. ગાયકવાડ સરકારની હદમાં મૈયત શામળભક્તિના હક દસ્તુરોનું તથા તેમનું સંરક્ષણ તેમના ગુણને પાત્ર રહી કરવામાં આવશે." અને વધુમાં એઓ સા. બે મુંબઇ ગવર્નમેન્ટને એ વિષે રીપોર્ટ કર્યો તે ઇ. સ. ૧૮૨૦ માં ના. મુંબાઇ સરકારે પણ મંજુર રાખ્યો હતો.

આ શેઠને ઇ. સ. ૧૮૩૬માં શ્રી ગાયકવાડ સરકારે ચોરંદા તાલુકાના બે ગામ નામે **સામરા** અને **સામરી** બક્ષીસ આપ્યાં.

કેટલોક સમય બેહેચરભાઇએ પોતાની જીંદગી સુખમાં ગાળી. ત્યાર પછી એક વખત આકસ્માતિક એવો પ્રસંગ બન્યો કે એ શેઠની સુરતમાં મોટી દુકાન ધમધોકાર ચાલતી હતી કે જેમાં પુષ્કળ દ્રવ્ય ભરેલું હતું. તે ઇ. સ. ૧૮૩૭માં જ્યારે સુરતમાં મોટી આગ સતત ત્રણ દિવસ સુધી લાગી હતી, ત્યારે તેમાં એ દુકાનનો પણ સઘળો કીંમતી ભંડાર બળી ભસ્મ થઇ ગયો હતો. તેથી તેમને ઘણું ભારે નુકશાન લાગ્યું હતું. આ વાતની ખબર શ્રીમંત ગાયકવાડ સરકારને થતાં તેઓએ તુર્ત શેઠજીને વડોદરે

રૂબરૂમાં બોલાવી ધૈર્ય આપી યોગ્ય મદદ કરી સંતુષ્ટ કર્યાં હતા.

એ શેઠ ઘણા ધર્મિષ્ટ હોઇ એક મર્યાદી વૈષ્ણવનો ચૂસ્ત ધર્મ પાળતા. ને પોતાના રેહેવાના મકાનમાં ખાસ મર્યાદા સંપ્રદાયનું મંદિર પણ રાખ્યું હતું. એક પ્રસંગે બેચરબાઇ શેઠે શ્રીમદ્ ગોસ્વામી શ્રી **પુરૂષોત્તમજી** માહારાજની પોતાને ઘેર પધરામણી કરી તે વખતે મહારાજશ્રીએ પ્રસન્ન થઇ બેહેચરભાઇને સંતતી નહીં હોવાથી પુત્ર પ્રાપ્તિ થવા આશિંવાદ આપ્યો ! ટુંક સમયમાં મહારાજશ્રીની આજ્ઞા મુજબ બેહેચરભાઇની સ્ત્રી મહાલક્ષ્મી બાઇને એક પુત્ર થયો જેનું નામ **પુરષોત્તમભાઈ** રાખવામાં આવ્યું હતું.

શેઠાણી અચરતબાઇએ ધર્માદાના કાર્યમાં લક્ષ્મીનો ઉપયોગ સારો કર્યો હતો. વળી એમણે પોતે નડીયાદમાં શ્રી નારણદેવનું મંદીર બંધાવ્યું અને તેમાં જોઇતા ખર્ચ માટે કેટલીક જમીનોની આવક આપી પરમાર્થ કાર્ય કર્યું હતું જે અદ્યાપિ પણ ચાલે છે. તથા વડોદરા પાસે રાણેશ્વર શિવાલય, અને ડભોઇમાં વાઘનાથ મહાદેવનું શિવાલય અને ધર્મશાળા પણ પોતાના ખર્ચે બંધાવી છે જે હાલ સ્થિત છે.

કાળક્રમણ થતાં ઇ. સ. ૧૮૪૫ના સપ્ટેમ્બર માસની ૪ થી તારીખે બેહેચરભાઇ શેઠ દેવલોક પામ્યા. તે પહેલાં તેમણે પોતાની પેઢીની સઘળી વ્યવસ્થાનું કામ કારભારી બાબાનાફડેને સોંપ્યું હતું પરંતુ આ માણસ પાછળથી વિશ્વાસને પાત્ર નીવડયો નહીં અને ઘરની અંદર બન્ને શેઠાણીઓને પરસ્પર અનેક ખટપટો રચી કુસંપ કરાવ્યો. તથા અયોગ્ય કર્તવ્યો સિદ્ધ કરવામાં પોતે પ્રયાસ કરતો તેમાં તે ફાવી શકયો નહીં પણ ઉલટું શાસનપાત્ર થવું પડયું. એટલે કે કર્મ કરે તેવાં ફળ મળેજ એ કાંઇ ખોટું નથી.

**પુરૂષોત્તમભાઈ**—બહેચરભાઇ શેઠના મરણ બાદ હરિભક્તિની પેઢીનો કુલ અધિકાર પુરૂષોતમભાઇએ લીધો. પરમકૃપાળુ પરમેશ્વરની બલિહારીજ છે, કારણ કે આવી મોટી પેઢી ઉપર આજ સુધી આવતા દરેક વારસો સંતાન રહીત મરણ પામતા હતા; પરંતુ બહેચરભાઇ શેઠની અનન્ય ભક્તિ અને ધર્મ પરની પૂર્ણ શ્રદ્ધાના પરિણામથી જગદીશ્વરે પૂર્ણ કૃપા પોતાની ફેલાવી હતી કે જે ઉપર લખ્યા મુજબ તેમને પુત્રની સંતતિ થઇ હતી.

પુરૂષોત્તમભાઇ શેઠની બાલ્યાવસ્થા હતી તેથી તેમનાં પુણ્યશાળી માતુશ્રીએ આગળ અનુભવેલી વીટંબણાઓ ધ્યાનમાં લેઇ દુકાનના મુખ્ય મુનીમ નામે પીતામ્બરભાઇ હતા તેમને દુકાનનો કુલ વહીવટ સોંપ્યો હતો. આ શેઠની શરીર સંપતિ જોઇએ તેવી નહોતી તેથી તેઓ અતિશય નાજુક હતા. તો પણ તેઓ પુરતો શ્રમ લેઈ દરેક કાર્ય સંતોષકારક રીતે કરતા હતા. બેહેચરભાઇ શેઠને શ્રી. ગાયકવાડ સરકાર તરફથી જે જે જાગીરો વીગેરે મળતી હતી તે સર્વે પ્રથમની માફક આ શેઠને પણ મળતી અને વખતો વખત માનપાન પણ મળ્યા કરતું હતું તથા તેમને ઇ. સ. ૧૮૫૪ માં વીસ હજારની નીમણોક શ્રી ગણપતરાંમ મહારાજ સાહેબે કરી આપી હતી.

આ શેઠ પોતાનો " નવલખીબાગ " જે અત્યાર સુધી પ્રસિદ્ધ છે કે જેમાં એક મોટી વાવડી છે તેમાં વળી શીલ્પકળાનો સારો ઉપયોગ થયેલો છે, અને જે લાખો રૂપીઆની બંધાવેલી કહેવાય છે, ત્યાં હવા ફેર કરવા માટે જતા હતા; તેઓ પોતાની અલ્પવયે એટલે કે ૨૦ વર્ષમાં સંવત ૧૯૧૮ ના જેઠ વદી ૭ ના રોજ દેવલોક પામ્યા.

**મગનભાઈ** શેઠ—પ્રથમના પુરૂષોત્તમભાઇ શેઠ સંતાન વિના મરણ પામવાથી તેમની શેઠાણી રૂક્ષ્મણીબાઇએ શ્રીમંત ખંડેરાવ મહારાજને વિનંતી કરી પોતાના સગાને દત્તક લેવા માગણી કરી તેથી શ્રીમંત સરકારે મગનભાઇ શેઠને પસંદ કરી ઇ. સ. ૧૮૬૨ માં પેઢીની ગાદીએ બેસાડયા અને આ માટે સરકારમાં પાંચ લાખ રૂપીઆનો નજરાણો પેઢીમાંથી થતાં તેમની પૂર્વે ચાલતી જાગીરો અને રોકડ નિમણોક વગેરે મળતી હતી તે માફક આ શેઠને શ્રી. સરકારે આપવાની ચાલુ રાખી. મગનભાઇ શેઠ બાલ્યાવસ્થામાં હોવાથી સરકાર તરફથી વાલી તરીકે ગીરધરત્રીકમને નીમવામાં આવ્યો હતો. પણ તેનો વહીવટ સંતોષકારક નહીં જણાયાથી અને દાગીના વગેરેનું ભારે નુકશાન પહોચાડયાથી તેમણે સરકારને વિનંતી કરી ગીરધરને દૂર કરાવ્યો.

આ શેઠ બાલ્યાવસ્થામાંથી જ ઘણા ચાલાક અને હોંશીયાર છે. તે પ્રમાણે તેમણે તરૂણાવસ્થામાંથી જ વ્યવહારોપયોગી કેળવણી પ્રાપ્ત કરી પરોપકાર, શાંતતા, નિરાભિમાન, સત્યતા, દયા, ક્ષમા, વગેરે સદ્‌ગુણો ગ્રાહ્ય કરી દીર્ઘદૃષ્ટિ કરનાર સજ્જન નીવડયા છે. વળી તેઓ પોતાનો ધર્મ પાળવામાં, દેશની અને જ્ઞાતિની ઉન્નતિ કરવામાં દિનપ્રતિદિન પ્રયાસ કરતા જાય છે તેથી તેમની પ્રતિષ્ઠા દેશોદેશ વૃદ્ધિ પામતી જાય છે અને રાજ્યદરબારમાં પણ હરહમેશ સારૂં માન મળે છે.

જ્યારે વડોદરામાં શ્રીમંત મલ્હાવરાવ ગાયકવાડને પદભ્રષ્ટ કર્યા તેથી રૈયત વર્ગે મોટી હડતાળ પાડી હતી ત્યારે આ સતપુરૂષ શેઠે રૈયત વર્ગને યોગ્ય સમજુત કરવામાં, અને ગાયકવાડના કુટુંબનાજ પુરૂષને વડોદરાની

ખાલી પડેલી ગાદીપર લાવવા સારૂ ખાસ તન મન ધનથી પ્રયાસ કર્યો હતો તેના પરિણામે આજે વડોદરા રાજ્યની પ્રજા, પ્રૌઢ પ્રતાપી **શ્રીમંત સયાજીરાવ માહારાજ ગાયકવાડ** એમના અમલનું અનુપમ સુખ લેવા ભાગ્યશાળી નિવડી છે.

આ શેઠ વીશાલાડ જ્ઞાતિના પ્રખ્યાત શેઠ તરીકે ઓળખાય છે. તેમણે પોતાની જ્ઞાતિના કેટલાક અસલના કઢંગા અને નુકશાનકારક રીતિ રીવાજો હોય તેનો વિચાર કરી નાબુદ કરવા હરનિશ પ્રયત્ન કરતા જાય છે. રાજ્યદરબારની સભાઓ, મીટીંગો અને ઇતર સભાઓ વગેરે મંડળો થાય છે તેમાં તેઓ પૂર્ણપણે ભાગ લેવા ઉત્સુક રહે છે. આ શેઠજીનો બીજી વખતનો લગ્ન સંબંધ મદ્રાસના નામાંકિત દિ. બા. શેઠ કૃષ્ણદાસ બાળમુકંદદાસની પૌત્રી સાથે થયો છે. કે જેઓ પણ **મદ્રાસમાં** એક સુપ્રસિદ્ધ પુરૂષ ગણાય છે.

મગનભાઇ શેઠ પોતાના પૂર્વજોની ચાલતી આવેલી રૂઢી અનુસાર ધર્મ પર, અને દેશ પરદેશમાં પોતાના પૂર્વજોના કરેલાં મંદિરોમાં સદાવ્રત વગેરે ચલાવવા લક્ષ આપે છે, વળી પોતે પરોપકારાદિ કાર્યો કરવા મદદગાર થવામાં, તથાપોતાનો ધર્મ ચુસ્તપણે પાળી નિત્યકર્મ કરવામાં ઉત્સાહી રહે છે. તેમના વડીલોની પેઠે આ શેઠને પ્રજાજનો તરફથી પણ મહાજનના મુરબ્બી તેમજ નગરશેઠ તરીકે સંપૂર્ણ રીતે માન આપવામાં આવે છે.

હાલમાં એકએક વર્ષપર વડોદરામાં ચાલતી ટ્રામ્વે પ્રત્યે મહાજનને ઘણોજ અણગમો ઉત્પન્ન થયો હતો તેમાં આ શેઠજીએ આગળ પડતો ભાગ લેઇ ઉભય પક્ષો સાથે સમજુત કરી સમાધાન કરાવ્યું છે. આવા દેશનાં કાર્યો તેમજ રાજ્યકાજમાં તેઓ તનમનધનથી મચ્યા

રહે છે તેથી તેમને ઇ. સ. ૧૮૦૮ ના માર્ચ માસમાં શ્રીમંત મહારાજા સાહેબની સીલવર જ્યુબીલીના માંગલીક પ્રસંગે તેઓ નામદાર સાહેબ બહાદુરે આ શેઠજીને "**રાજ્યરત્ન મંડળ**" ના ખિતાબનો સુવર્ણ ચાંદ બક્ષીસ આપી યોગ્ય કદર કરી છે.

હરિભક્તિની પેઢીના પૂર્વજો જોકે વિના સંતતિએ દેવલોક પામેલા જણાય છે પરંતુ આ શેઠજી સંતતિમાં પૂર્ણ ભાગ્યશાળી છે કારણ કે તેમનામાં ધર્મિષ્ટતા, પરોપકાર, દયા વગેરે સદ્‌ગુણોએ વાસ કરેલો હોવાથી જગદીશ્વરે પૂર્ણ કૃપા કરી તેમને સંતતિનું અનુપમ સુખ ત્રણ પુત્રો અને બે કન્યાઓનું હાલમાં આપેલું છે. તેમાં શેઠજીની પ્રથમ પત્નિના પાટવી પુત્ર **ડાહ્યાભાઈ** છે. તેઓએ હાલ જમાનાને અનુસરી યોગ્ય કેળવણી મેળવી અંગ્રેજી મેટ્રીક સુધીનો અભ્યાસ પણ કર્યો છે. અને પોતાના પિતાશ્રીની સુકીર્તિ મુજબ અનુકરણ કરે જાય છે. તેમજ બીજા બે પુત્રો **રતનલાલ** અને **બાપાલાલ** નામના છે તેઓ પણ હાલની છાજતી કેળવણી સારી રીતે લેવા લાગ્યા છે.

**ડાહ્યાભાઇ** શેઠને પણ હાલમાં ત્રણ પુત્રો ને બે કન્યા ઇશ્વર ઇચ્છાએ ચાલુ સમયમાં છે એ ખુશ થવા સરખું છે. એ મુજબ આ ભાગ્યશાળી પરમાર્થી કુટુંબની ઉજવળતા હાલ સારી રીતે ચાલે છે. ખરેખર ! મહેનતુ અને ધીરજવાન પરમાર્થી પુરૂષો નીવડે તો જગનિયંતા તેમના માટે કાળજી રાખી પૂર્ણ કૃપા કરે છે. માટે દરેક મનુષ્યે તેવાં સદ્‌ગૂણો ગ્રાહ્ય કરી પ્રભુ પ્રત્યે હરનિશ હૃદય સમર્પણ કરવું જોઇએ છે.

વાંચક બંધુઓ આ સ્થળે મારે જણાવવું જોઇએ કે પ્રાચીન સમય તપાસતાં વડોદરામાં આ સિવાય બીજા પણ **રતનજી કહાનદાસ** અને પરભુ કાશી વગેરે ઘણા ગૃહસ્થો છે. **પરભુ કાશીના** કુટુંબમાં નામાંકિતને ધર્મિષ્ટ પુરૂષ તરીકે સ્વર્ગવાસી **પુરૂષોત્તમભાઈ** થઇ ગયા છે, તેમના પુત્ર **મગનભાઇ** પણ પોતાના પિતાની પદ્ધતિને અનુસરી ધર્મિષ્ટ પરોપકારી અને શુશીલ ધૈર્યવાન પુરૂષ એવા તો નીવડયા છે કે જેમને ઘેર શ્રી ટીકાટ ગીરધરલાલજી મહારાજ સદા સર્વદા આનંદથી બીરાજતા હતા તેમાં તે હજારો રૂપીઆ ધર્મને માટે ખર્ચ કરતા હતા. વડોદરા, સૂરત, ભરૂચ, મુંબઇ, મદ્રાસ, ડભોઇ, ચાંદોદ વગેરેમાં પણ લાડ જ્ઞાતિના ઘણા નામાંકિત સદ્દગૃસ્થોના અને વિદ્વાન જનોના પ્રાચીન અર્વાચીન ઇતિહાસ જાણવા લાયક છે. પણ તે સઘળાં દાખલ કરવામાં આવે તો વાંચનારને કંટાળો ઉપજે એમ ધારી આ પ્રથમ આવૃતિમાં દાખલ કરવામાં આવ્યા નથી, પરંતુ જો એવા ચરિત્રો પુર્ણપણે જણાવ્યા હોય તો લાડજ્ઞાતિના સજ્જનોને એકેકનું પરસ્પર ઓળખાણ, કાર્યના પ્રસંગે પત્રવ્યવહાર, યા દેશોદેશની માહીતી, પૂર્ણપણે મળી શકે તો જ્ઞાતિનું કાંઇક હિત થવાનો સમય કોઇ કાળે પણ દૃષ્ટિગોચર થઇ શકે ખરો એમ લાગે છે; માટે જો દેશોદેશના લાડ જ્ઞાતિના નામાંકિત સદ્દગૃહસ્થો, વિદ્વાનો અને ન્યાતના અગ્રેસરો પોતાના પ્રાચિન અગર અર્વાચીન જાણવા લાયક ટુંક ઇતિહાસ ઉત્સાહ પૂર્વક વેળાસર લખી મોકલી આ પુસ્તકને ઉત્તેજન આપી આભારી કરશે તો આ પુસ્તકની બીજી આવૃતી ટુંક સમયમાં બહાર પડશે તેમાં તે દાખલ કરી તેઓનાં નામ અમર કરવા ધારણા છે. તો તે બદલની આ પુસ્તકની અંતે જાહેરાત છાપવામાં આવી છે તેમાં દર્શાવ્યા મુજબ તજવીજ કરશો એવી લેખક આશા રાખે છે.

## નામાંકિત સજ્જન

# કહાનદાસ.

**દોહરા.**

વડો વૈષ્ણવી પાટણે, કૃષ્ણ વિષે અધ્યાસ;
જોવો હોય જરૂરતો, જો જો કહાનદાસ. ૧.

લાડ જ્ઞાતિનો વણિક તે, પરોપકારિ સુશીલ;
સદ્ધર્મી સુવિનયી ને, ચંચળ દોલે દીલ. ૨.

પ્રાચીનકાળે થઇ ગયો, જન સંભારે આજ;
સત્પુરૂષો એવા હજો, સમરે લાડ સમાજ. ૩.

---

( સૈ. ૧૩ )

આગળ આપણે જોઇ ગયા છીએ કે, ચાવડા અને સોલંકી રાજાઓના રાજ્ય કાળમાં લાડવાણિયાઓને આશ્રય મળતો હોવાથી કેટલાક લાડ વાણિયાની પાટનગર પાટણમાં વસ્તી થઈ હતી. ઉત્તર ગુજરાતમાં કેટલેક ઠેકાણે કાંતો રાજ્યાશ્રયમાં નોકર તરીકે કે કાંતો વ્યાપારાર્થે તેમની વસ્તીમાં સોલંકી રાજાઓના સમય સુધીમાં સારો વધારો થયો હતો લાડ વાણિયાઓની મૂળ ખાસીયત જન્મથીજ વ્યાપારી શાખા તરફ હોવા છતાં રાજકિય બાબતમાં પણ તેઓ આગળ પડતો ભાગ લેતા હતા એમ આપણે કહાનદાસના ટૂટક હેવાલ ઉપરથી પણ જાણી શકીશું. જેમ ખંભાતના કલ્યાણરાયનું નામ બ્રિટિશ દફતરે

મોજુદ છે તેમ કહાનદાસનું નામ તેટલું બધું પ્રસિદ્ધ નથી. કહાનદાસનું ચરિત્ર જોકે અપ્રસિદ્ધ છે તો પણ તેની જે હકીકત હાથ લાગી છે તે ઉપરથી એ પરમધાર્મિક, પરમ સાત્વિક અને દ્રઢ પરિશીલતાવાળો હતો એમાં શક નથી. કહાનદાસના મૂળ વતનની ચોક્કસ ખબર નથી, પરંતુ તે અકુરેશ્વર જીલ્લાનો મૂળ વતની હોય એમ જણાય છે. અકુરેશ્વર તે હાલનું ભરૂચ જીલ્લાનું અંકલેશ્વર છે. કાન્હડદાસના વડીલો ગુર્જરોની સાથે ચાવડા રાજાઓના સમયમાં આવીને પાટણમાં વસેલા હતા તે ઉત્તરોત્તર લાગવગ વધતાં રાજ્ય કારભારમાં દાખલ થયા આ રીતે કહાનદાસના મિત્ર સોલંકીરાજા સિદ્ધરાજનો એક સામંત હતો, તેના મુઆ પછી કહાનદાસને તે જગોએ નીમવામાં આવ્યો. સોલંકી રાજાઓના વખતમાં મંત્રી આદિક રાજકારભારમાં લાડ ભાઇઓનો હિસ્સો હતો. તે પૈસે ટકે ઇજત આબરૂમાં રાજ્યકાર્યભારમાં આગળ પડતો ભાગ લેતા હતા. એમાં કહાનદાસ કે કૃષ્ણદાસનું નામ પ્રસિદ્ધ છે.

સોલંકી રાજા મૂળરાજ અને સિદ્ધરાજ બ્રાહ્મણ ધર્મને આશ્રય આપનારા હતા. ત્યારે સિદ્ધરાજ પછીનો કુમારપાળ જૈનધર્મનો દ્રઢ આગ્રહી હતો, એ ઐતિહાસિક વિગતોથી પ્રસિદ્ધ છે. આ ધર્મ વૈરને લીધે રાજ્યમાંને રાજ્યમાં અનેક રીતે પડતીના મૂળ રોપાયાં, ધર્મવૈર વધ્યું, જૈનધર્મનો પક્ષપાત થયો અને અનેક મત મત્તાંતર થયાં. કહાનદાસ વિષ્ણુ ધર્મનો પરમભક્ત અને ચુસ્ત વૈષ્ણવ હતો. સાંભળવા પ્રમાણે એમ પણ જણાય છે કે મોઢેરાના દહેરા ઉપર જે કૃષ્ણ ગોપીઓનું કોતરકામ કર્ણ રાજાના વખતમાં થએલું કહેવાય છે; તેને અનુસરીને કહાનદાસે કૃષ્ણ ગોપીઓનાં પથ્થરનાં પુતળાં રચાવી ત્યાં એવું કાંઇ યંત્ર

રાખ્યું હતું કે દોરી ફેરવતાંજ આખું રાસમંડળ રચાઇ રાસ રમવો શરૂ થઇ જાય. કહાનદાસની આવી ભક્તિથી લોકો ચકિત થતા, પરંતુ કુમારપાળના સમયમાં જૈન ધર્મનો દોર ચાલતાં તેનો લાગવગ ઓછો થવા માંડયો અને પરિણામે વૈષ્ણવધર્મનો ત્યાગ કરી જૈનધર્મનો સ્વીકાર કરવાની કેટલાક તરફથી સલાહ મળી. કહાનદાસ અદ્રઢતાવાળો વૈષ્ણવ નહોતો. તે જૈનધર્મનો અંદરખાનેથી તિરસ્કાર કરવા લાગ્યો.

કહાનદાસના પિતાના નામની ખબર નથી પણ તેની ધર્મ પત્નિનું નામ રૂપલદે હતું એમ જણાય છે. રૂપલદે પણ તેના પતિની માફક પરમધાર્મિક હતી, કારણ કે તેનાં પિયેરીયાં જૈન ધર્મનો આશ્રય ધરી બેઠેલાં હતાં. પતિની સાથે તે વૈષ્ણવી ભક્તિમાં જોડાઇ હતી અને આવા ફટા ફટીના પ્રસંગમાં પણ તે જૈન ધર્માવલંબી થવાને જરા પણ અસ્થિરતા ન બતાવતાં એક સરખી રીતે પતિને મદદગાર થતી; એ પણ પરમ સુશિલા ધાર્મિક અને સ્વાભાવલંબી હતી. તેને જો કે ધર્મ દ્વેષ નહોતો તોપણ ધર્મ દ્વેષથી રાજ્યમાં થતો જુલમ તેનાથી સહન થતો નહોતો એક વખત એવું બન્યું કે પોતાના દેશમાંથી લાટી પ્રદેશનો એક કહાનદાસનો સગો પાટણમાં જઇ ચઢયો તેને આ રાજધાનીના નગરમાં કોઇનું ઓળખાણ નહિ તેથી કહાનદાસની શોધ કરવા તે રાજમહેલની દહેરી આગળ આવ્યો અને એક પેહેરેગીરને કહાનદાસની બાતમી પૂછી. પરંતુ કપાળ ઉપર વૈષ્ણવી તિલક કરેલું જોઇ પહેરેગીરે ઠેકાણું બતાવ્યું અને તેને ધમકી આપી ત્યાંથી તુરત જતા રહેવા કહ્યું. રાજ્યમાં ચાલતા મામલા ઉપરથી તે ચેતી ગયો અને કપાળ ઉપરનું ટીલું ભૂસી નાંખી બતાવેલે ઠેકાણે કહાનદાસ કૃષ્ણદાસને ઘેર ગયો. રૂપલદેએ તેને

આવતો જોઇ આદરમાન સાથે બોલાવ્યો. અને " રસોઇ તૈયાર છે. સ્નાન કરો " એમ કહી નોકરને પાણી કાઢવા કહ્યું. આ આવેલો સ્વદેશી સ્નાન કરી રહ્યો કે તરત રૂપલદેએ તિલક કરવાની સામગ્રી આણી મૂકી એટલે તુરત બોલી ઉઠયો કે કેમ તિલક કેવું કરૂં ? આથી રૂપલદે મનમાં સમજી ગઇ કે માનો ન માનો પણ આ કાંઇક ધર્મ દ્વેષથી પછડાયો છે ખરો ! એમ સમજી તેણીએ જવાબ આપ્યો કે આપણો જે ધર્મ છે તે વૈષ્ણવી ધર્મનું તિલક કરો ! એમાં તમને શંકા કેમ આવી ? પછી પહેરેગીરે જણાવેલી તમામ હકીકત કહી. રૂપલદેએ તે સાંભળી સલાહ આપી કે " રાજ્ય મહાલયમાં કે રાજદ્વારી મંડળમાં જવાની જરૂર પડે ત્યારે આ ધર્મની નિશાનીને થોડો વખત રજા આપવી પણ તેનો કેવળ ત્યાગ તો નજ કરવો."

પાટણમાં હેમાચાર્યની એક પોશાળ હતી. ત્યાં આગળ થઇ એક દિવસ કહાનદાસ શહેર બહાર ફરવા જતો હતો તે વખતે હેમાચાર્ય કઠેરામાં બેઠા હતા તેમણે કહાનદાસને જોયા અને બંન્નેની એક આંખ થઇ તેમ છતાં કહાનદાસે તેમને નમન નહીં કરતાં ઘોડો દોડાવતા ચાલતા થયા. આ વાત હેમાચાર્યે કુમારપાળને કરી. કહાનદાસ જાણતો હતો કે આમાંથી કાંઇ વિપરીત જ થશે અને થયું પણ તેમજ, કુમારપાળને એ વાતની ખબર પડતાં બીજે દીવસે કહાનદાસને દરબારમાં બોલાવ્યો અને કહ્યું કે તમે હેમાચાર્યનું અપમાન કર્યું માટે ગુરૂ પાસે જઇ વંદન કરી આવો ને માફી માગો. કહાનદાસે ઠાવકે મોઢે જવાબ આપ્યો કે ગુરૂ તો એક નારાયણાચાર્ય છે. તેમને જ વંદન કરવું ઇષ્ટ છે. કુમારપાળે હુકમ કરી કહ્યું કે " જૈન ધર્મનો સ્વીકાર કરો " કહાનદાસે સમયસૂચકતા વાપરી

જવાબ આપ્યો. "મહારાજ જૈનધર્મ સ્વીકારવાની મને ના નથી; પરંતુ વિષ્ણુ ધર્મને જૈન ધર્મનાં મૂળતત્વોમાં શો તફાવત છે તેનો અભ્યાસ કરવાની મને જરૂર પડશે માટે થોડીક મુદત આપો" કુમારપાળે છ માસની મુદત આપી પણ પછી સદ્દભાગ્યે બનાવ એવો બન્યો કે એ વાત ફરી ઉપડીજ નહિ અને કહાનદાસ સાચો ઠર્યો.

આ બનાવ એવો છે કે કુમારપાળ રાજા મેવાડના સૂર્ય-વંશી રાજાની રાજકુંવરી વેરે પરણ્યા હતા. વળી રાજાને નિયમ એવો હતો કે જે રાણી આવે તે પ્રથમ ગુરૂ હેમા-ચાર્યને વંદન કરી આવે. આ બાઇ પાટણ આવ્યાં ત્યારે તે પ્રમાણે નમન કરી આવવા સૂચવવામાં આવ્યું પણ પોતે વૈષ્ણવી હોવાથી અને મેવાડની અટંકી ગાદીનું લોહી હો-વાથી તે ગયાં નહિ. આથી હેમાચાર્યે નવી રાણી પોતાને વંદન કરવા આવતાં નથી એવી રાજાને રાઢ કરી તે ઉ-પરથી કુમારપાળે મેવાડની કુંવરીને નમન કરવા તાકીદ આપી, પરંતુ રાજાના હુકમની પણ અવગણના કરી તે ગઇ નહિ; તેથી કુમારપાળને ક્રોધ ચઢયો અને તેને અણુ-માનીતી ઠરાવી તેના પર જૂલમ કરવા માંડયો. આ વાતની એક બારોટ મારફતે મેવાડના રાણાને ખબર થઇ, અને બારોટે જણાવ્યું કે હું યુક્તિથી એ કન્યાને અહીં પહોંચાડી શકીશ. આથી રાણાજીએ બારોટને ઇનામ આપવાનું કહી ત્યાંથી વિદાય કર્યો એટલે બારોટે આવી કેટલાક ભાટ લોકોને તથા રજપુતોને ઉશ્કેર્યા. આ કામમાં લાડવાણિયા કહાનદાસની મુખ્ય મદદ હતી. કોઇ કહે છે કે આ બારોટે કહાનદાસની પણ મદદ માગી હતી. અને કેટલાકના મત પ્રમાણે એમ જણાય છે કે ખુદરાણીએજ આ વણિક સામં-તની મદદ માગી હતી એમાં વાસ્તવિક શું હતું તેની ચોક્કસ

માહીતી મળી શકતી નથી પણ એટલું તો ખાત્રીપૂર્વક કહી શકાય છે કે, કહાનદાસે તેમને મદદ આપ્યાથી પાટણના કિલ્લામાં છીંડુ પાડી તે બાઇને મેવાડ મોકલી દેવામાં આવી. હાલ પણ એ જગ્યો **છીંડીયા દરવાજાને** નામે પ્રસિદ્ધ છે. લાખાખાડ ઝામોર ઇ. ઐતિહાસિક શબ્દો આ રાણીના સંબંધના જ છે અને એવી પ્રખ્યાત ઐતિહાસિક હકીકત સાથે આપણા લાડવણિક કહાનદાસ જેવું પાત્ર સંબંધ ધરાવે છે તે આખી સમસ્ત કોમને અભિમાન ધરાવનારૂં છે.

# પ્રકરણ ૯ મું.

## લાડની વસ્તી ને તેનાં સ્થળો.

### સવૈયાની ચાલ.

લાડ બહુ વિસ્તૃત જણાએ, રાજ્ય બડોદામાં વસીયાય;
ખાનદેશ દક્ષિણ ભાગમાં, વળી વિસ્તાર ઘણો કે'વાય.
ભૃગુપુરને સૂર્ય પુરનો, પ્રદેશ જે સુંદર વખણાય;
વસ્તીનો વિસ્તાર જણાશે, જોતાં કોઠા જે આપ્યા.

આ સાથે જોડેલા કોઠાઓ ઉપરથી જણાય છે કે આખા હિંદુસ્તાનમાં લાડબંધુઓની મોટી વસ્તી ગુજરાતમાં જ છે અને તેમાં પણ વિશેષ વડોદરા રાજ્યમાં બહોળી વસ્તી હોવાનું માલૂમ પડે છે. લાટ ભૂમિમાંથી લોકો ઉત્તર ગુજરાત કે કાઠિયાવાડ તરફ ન પ્રસરતાં ખાનદેશ અને દક્ષિણ તરફ ઉતરેલા છે તે ઉપરથી સ્પષ્ટ માલૂમ પડે છે કે કદાચ બહુ પ્રાચીન સમયથી નહિ તો પણ નિદાન મરાઠા રાજ્યના ઉદયકાળમાં તેઓએ દક્ષિણ તરફ પ્રયાણ કરેલું હોવું જોઇએ. મરાઠા રાજ્યના મધ્યસ્થળે—મુખ્ય મથક પુનામાંથી તેઓ વધારે દક્ષિણમાં જઇ બ્રિટિશ કૅમ્પની વધતી જતી સત્તાના આશ્રય તળે જઇ રહ્યા અને કાળે કરી ત્યાંનાજ નિવાસી થઇ રહ્યા.

ગુજરાતમાં પણ વડોદરા રાજ્ય, ભરૂચ જીલ્લો અને સુરત જીલ્લો લાડવાણિઆઓની વસ્તીથી ભરચક છે, અર્થાત્ વડોદરા અને તેની દક્ષિણનો ભાગ લાડ કોમના

પ્રસારનું મૂળ સ્થાન છે. કડી પ્રાંતમાં નહિ જેવી વસ્તી છે અને અમરેલી પ્રાંતમાં બીલકુલ નથી એમ કહીએ તો ચાલે; અને એટલી પણ જે વસ્તી છે તે ઘણું ખરૂં ગાયકવાડી અમલના સમયની જણાય છે.

છેલ્લા નમુનામાં સ્ત્રી પુરૂષોની સંખ્યા આપેલી છે તે ઉપરથી વિવેકી વાંચનાર જાણી શકશે કે કયે સ્થળે સ્ત્રીઓની સંખ્યા ઓછી છે, ને પુરૂષો કયાં વધારે છે, હાલના એકડામાં કાંઇ ફેરફાર કરવો ઇષ્ટ છે કે નહિ. વિધુરો અને વિધવાઓની સંખ્યા મળી શકી નથી તેમ ઉમરવાર કુંવારા પુરૂષોની સંખ્યા પણ મળી નથી, તેથી દાખલ કરવામાં આવી નથી.

દક્ષિણ તથા ખાનદેશમાં વૈષ્ણવ લાડ રહે છે તે ગામની ટીપ ઔરંગાબાદ, કારવાન, શીરાપુર, વાઘાડા, નંદુરબાર, સુલતાનપુર, થારનેર, ચોપડા, બરાનપુર એ મુજબ છે.

## ગુજરાત બહારની વસ્તી.

| | વીશાલાડ. | દશાલાડ. |
|---|---|---|
| ખાનદેશ... ... | ૬૩૬ | ૭૬૦ |
| મધ્ય હિંદ એજંસી... | ૮૭૦ | ૧૨૫ |
| દક્ષિણ. ... ... | ૫૭ | ૦ |
| કુલ... | ૧૫૬૩ | ૮૮૫ |
| | એકંદર. ૨૪૪૮ | |

# સને ૧૯૧૧ ની વડોદરા રાજ્યમાંની વસ્તી.

| | | પુરૂષ. | સ્ત્રી. |
|---|---|---|---|
| વડોદરા શહેર... ... | વીસા લાડ. | ૭૧૪ | ૬૪૫ |
| | દસા લાડ. | ૪૦૨ | ૪૯૧ |
| | કુલ... | ૧૧૧૬ | ૧૧૩૬ |
| વડોદરા પ્રાંત ... ... | વીસા લાડ. | ૬૪૦ | ૭૩૨ |
| | દસા લાડ. | ૧૧૦૪ | ૧૪૩૮ |
| | લાડ શ્રાવક | ૧૩૭ | ૧૧૧ |
| | કુલ... | ૧૮૮૧ | ૨૨૮૧ |
| કડી પ્રાંત... ... ... | વીસા લાડ. | ૨૦૫ | ૧૩૭ |
| | દસા લાડ. | ૫૭ | ૩૭ |
| | લાડ શ્રાવક. | ૬૪ | ૮૬ |
| | કુલ... | ૩૨૬ | ૨૬૦ |
| નવસારી પ્રાંત... ... | વીસા લાડ. | ૫૬૩ | ૫૧૨ |
| | દસા લાડ. | ૨૬૮ | ૨૨૮ |
| | કુલ... | ૮૩૧ | ૭૪૦ |
| અમરેલી પ્રાંત... ... | વીસા લાડ. | ૫ | ૩ |
| | દસા લાડ. | ૮ | ૭ |
| | કુલ... | ૧૩ | ૧૦ |
| કુલ એકંદર... | | ૪૧૬૭ | ૪૪૨૭ |

## સને ૧૯૧૧ની વડોદરા રાજ્યના દસા વીસાલાડની કેળવણી પામેલી સંખ્યાનું પત્રક.

| | પુરૂષો. | | | સ્ત્રીઓ. | | |
|---|---|---|---|---|---|---|
| | ગુ. ભણેલા. | ઇં. ભણેલા. | અભણ. | ગુ. ભણેલી. | ઇં. ભણેલી | અભણ. |
| વડોદરા શહેર ... | ૭૬૦ | ૧૨૬ | ૨૨૬ | ૧૪૬ | ૩ | ૮૮૪ |
| વડોદરા પ્રાંત ... | ૮૪૫ | ૩૯ | ૮૬૦ | ૧૧૯ | ૦ | ૨૦૫૧ |
| કડી પ્રાંત ... ... | ૧૯૯ | ૮ | ૫૫ | ૯ | ૦ | ૧૬૫ |
| નવસારી પ્રાંત ... | ૪૩૯ | ૬૫ | ૩૨૭ | ૯૪ | ૦ | ૬૪૬ |
| અમરેલી પ્રાંત ... | ૯ | ૧ | ૩ | ૦ | ૦ | ૧૦ |
| કુલ એકંદર... | ૨૨૫૨ | ૨૩૯ | ૧૪૭૧ | ૩૬૮ | ૩ | ૩૭૫૬ |

# લાડની એકંદર વસ્તી.

| જીલ્લાનું નામ. | વસ્તીની સંખ્યા. |
|---|---|
| અમદાવાદ જીલ્લો. ... ... | ૨૭૬ |
| ખેડા જીલ્લો. ... ... ... | ૨૧૦ |
| પંચમહાલ. ... ... ... | ૬૯૫ |
| ભરૂચ જીલ્લો. ... ... ... | ૨૮૯૭ |
| સુરત જીલ્લો. ... ... ... | ૨૪૬૩ |
| દેશી રાજ્યો ... ... ... | ૬૦૫ |
| વડોદરા રાજ્ય | ૮૫૯૪ |
| ગુજરાત બહારની વસ્તીનું કુલ... | ૨૪૪૮ |
| કુલ એકંદર. ... ... ... | ૧૮૬૧૮ |

## પ્રકરણ ૧૦ મું.

### પ્રશ્ચાદવલોકન અને તે ઉપરથી ઉઠતા વિચારો.

દોહરા.

પ્રાચીન જ્ઞાતિ આપણી, દોલતથી ભરપુર
સદ્ગુણો બહુ શોભતા, વિદેશમાં મશહુર.
વ્યાપારો બહુ ખંતથી, ખેડે સાગર પાર
લક્ષ્મી તાણી લાવતાં, સદા સુખી સંસાર.
રૂઢી બંધન બહુ નહીં, સ્ત્રીને માન અપાય
**ઉત્તમ રીતરીવાજથી, સુખસાગર છલકાય.**
પલટયો એ વિચાર સઉ, પલટયો સુખનો કાળ
રંક બન્યા બંધુ અરે, દુઃખદાયક છે હાલ.
**પુરૂષોત્તમ** એવું વદે, મમપિતા **લલ્લુભાઇ**
કરજોડી કરૂં યાચના, પ્રભુ રાખ ચરણમાંહીં.

**લા**ડની પ્રાચીન રીતભાત બદ્દલ પહેલા અને બીજા પ્રકરણમાં કેટલીક હકીકત જણાવેલી છે તોપણ તેથી વિશેષ હકીકત જણાવવાની જરૂર હોવાથી તે વિષે આ પ્રકરણ લખવામાં આવ્યું છે.–

લાડ એ **લાટ દેશના** રહેવાશી હતા. એ દેશ નર્મદા અને મહીની ઉત્તરે કાઠીયાવાડની સરહદ સુધી પ્હોંચેલો હતો, તે ઘણોજ પ્રખ્યાત અને વિસ્તારવાળો, શુશોભિત તથા ફળદ્રુપ હતો. નર્મદા જેવી પવિત્ર નદીનું જળ સફેદ સ્ફાટિકના પ્રતિબિંબ માફક દિનપ્રતિદિન જળહળ કરી રહ્યું હતું. સૂર્યનારાયણ તેનું આવું શુશોભિત જળ જોઇ

તેના પર પોતાના સોનેરી રંગબેરંગી કિરણો ફેંકી તે જળને વધુ દેદિપ્યમાન કરતાં. આવી પવિત્ર ભૂમીમાં હજારો સાધુ, સંતો, સદ્‌ગુણસંપન્ન અને ભાગ્યવંત રાજા રાણાઓ, તથા રંકો આવી નર્મદા જેવી પવિત્ર માતુશ્રીનું જળપાન, અને સ્નાન કરી સંતોષ પામતા. કેટલાક પરમાર્થીઓ અસંખ્ય સાધુસંતોને મનગમતા ભાતભાતના ભોજનો આપી અસંખ્ય નાણાં ધર્માદામાં વાપરતા. વળી તે સ્થળે આવેલા અનેક માતા મહાદેવ વગેરે મંદિરોમાં પણ સંસારથી કંટાળી ગયેલા પુરૂષો તપ, દાન, અને યજ્ઞો પણ વારંવાર આનંદથી કરતા અને કહેતા કે "**હે માતુશ્રી નર્મદા તું અમારૂં રક્ષણ કર**" આવી હિકર જોડી ખરા અંતઃકરણપૂર્વક પ્રાર્થના કરી ઉપરની માગણી કરવા તેઓ વારંવાર ઉત્સાહી જણાતા હતા. અહાહા!! વાંચક જન! આવા પ્રાચીન સમયમાં એવા સદ્‌ભાગી પુરૂષો કોણ કોણ હશે તેની ગણુના આજ કરવા બેસીએ તો કાંઇ પાર આવી શકે તેમ નથી.

નર્મદાની આસપાસ અને મહી નદી સુધી એક દૃષ્ટિએ જોતાં તમામ પવિત્ર ભૂમિ અંતઃકરણે નજરે પડતી; જેની અંદર સ્થળે સ્થળે જાતજાતના ચંપા, ચંબેલી, મોગરા, આંબા, નારંગી, કેતકી, દાડમ વિગેરે ફુલફળાદિ અને ભિન્ન ભિન્ન પ્રકારની વૃક્ષ ઘટાઓ જાણે અસંખ્ય, અદ્‌ભુત પુરૂષે નર્મદા જેવી પવિત્ર માતુશ્રીના હુકમથી તે સ્થળને દિપાવવા સારૂ, અગર પવિત્ર જળથી પોતાના પાપ કર્મોમાંથી મુક્ત થવાને, અથવા તો તેમની હદનું રક્ષણ કરવાને, યા, રંક જનોના રક્ષણાર્થે, કિંવા પ્રાણીઓના દુઃખ ટાળી સુખ કરવા માટે, કે કાંતો જનસમુહના લાભાર્થે, અગર નર્મદા અને મહી નદીની વચ્ચેનો લાટ દેશ શોભાવવા, અગાઉથી લાવી તૈયાર કર્યાં ન હોય, અને જાણે તેઓનું સુખ લેવાને પંથીઓને બોલાવતાં ન હોય એવો સાક્ષાત્કાર થતો હતો.

આ સ્થળમાં રહેનાર લોકોને **લાટ** કહેવામાં આવતાં હતાં. તેઓ વ્યાપારના કામમાં રાત્રિદિવસ તનમનથી એવા મચ્યાં રહેતા કે ઠેઠ ઇરાન, અરબસ્તાન, અને હિંદી મહાસાગર સુધી પ્હોંચી ગયા હતા; જેથી તે સઘળા લોકો ઘણાજ દ્રવ્યવાન, સુખસંપત્તિવાળા અને નામાંકિત ગણાતા હતા. આ પ્રમાણે ઉચ્ચ સ્થિતિ પ્રાપ્ત થવાનું કારણ ખાસ પોતાનો ધર્મ સારી રીતે પાળતા તેજ હતું અને તેથીજ ઉપરની સ્થિતિએ પહોંચ્યા હતા. ધર્મ શિવાય પ્રાણી માત્રને સુખ પ્રાપ્ત થતું નથી; સંસાર એ મનુષ્ય જાતિની પરિક્ષાનું સ્થાન છે. જેથી આ ભ્રાંતિ મુલકમાં મનોવિકારને જરા પણ વધવા દેવો નહિ એવો તેમનો જાણે પહેલાંથી નિશ્ચય ન હોય! તેમ મોહ માયા, કામ, ક્રોધ, લોભ એ મનના વિકારો છે અને તેમાં સત્ય જરાએ નથી તે સર્વેને જગતમાં અધમ સ્થિતિમાં આણનાર શત્રુરૂપ છે એમ સમજતા. પ્રેમ એ ઇશ્વર સ્વરૂપ હોવાથી પ્રેમનો અર્થ ધર્મમાં અનુરાગ, શ્રધ્ધા અને સ્વજન ઉપર વિકાર રહિત રહેવું તેમ જાણતા હતા. પણ પ્રેમનો અર્થ હાલની માફક વિષયભોગ તુચ્છ વાંછનાઓને વળગી રહેવું તેમ કરતા ન્હોતા. ચક્ષુએજ અનુભવેલુંજ ફક્ત સાચુ! મુઢ લોકોને મનોવિકારની તૃપ્તિ માટે ઇચ્છા હોય છે પણ એ ક્ષણિક સુખદાયક છે! અને સર્વે જુઠ! સંસાર સ્વપ્ન તુલ્ય છે! એમ તેઓ અંતઃકરણપૂર્વક માનતા હોય એમ જણાતું. ખરેખર! તેમનાં આવા ઉત્તમ વિચારો સ્થાયી હોવાને લીધેજ તેઓ ઉચ્ચ સ્થિતિને પ્રાપ્ત થયા હોય એમાં શંકા નથી.

આ નર્મદા જેવી પવિત્ર નદીના સ્થળમાં અને રમ્યભૂમિમાં જ્યાં ત્યાં તમામ સ્થળે કુદરતે લીલો ગાલીચો

પાથરી તેમાં આમ્ર સરખાં ભાતભાતનાં લીલાં વૃક્ષો આવી રહ્યા હતાં, અને સાથે બાગબગીચા, બંગલાઓ પણ શુશોભિત જણાતા હતાં. એવા રમણિક પ્રદેશમાં રહેનારા લાટ લોક પોતાના કામ ધંધામાં, ધર્મની ઉન્નતિ કરવામાં, અને સ્વદેશને માન આપવા ખાતરજ જાણે સજ્જનતાઇથી વસ્તા ન હોય એમ લાગતું હતું. તેઓ પોતાના માતપિતા, ભાઇભાંડુ વિગેરે કુટુંબના સઘળા માણસો સહ સંપસંપીને એવા તો રહેતા હતા કે ત્યાં કોઇ સ્થળે કુસંપનું બી તો જણાતું જ નહીં; વળી પોતાનો ઘરસંસાર બુજ ખર્ચમાં એવી સરળતાથી અને શાંતિથી ચલાવતા કે જે જોયાથી હરકોઇ વ્યક્તિને સંતોષ પ્રાપ્ત થયા વિના રહેતો જ નહિ. આવી તેમની પ્રશસ્ય રીતભાત અને ધર્મિષ્ટ બુદ્ધિના પ્રભાવે તેમને પુત્ર પરિવારનું પણ સંતોષ કારક સુખ પ્રભુ ઇચ્છાએ મળતું. શુભાશુભ કાર્યો વખતો વખત આવતા તે પ્રસંગે સારાસારનો વિચાર કરી યોગ્યતા મુજબ જમણવાર ઇત્યાદિ કરતા. પણ કાંઇ આજકાલની માફક અયોગ્ય વિચારો કરી પોતાની પાસે કોડી ન હોય તોપણ ઘરબાર, દરદાગીના વચી, કે જાતપર જાતને રોવરાવીને ન્યાત વરામાં મોટા ખર્ચો કરી જીંદગી સુધી જેમ પોતે દુઃખદ સ્થિતિ ભોગવે છે તેમ તેઓ કરવા ઇચ્છતા નહોતા. એટલે કે એ વિચારથી તેઓ તદ્દન વિરૂદ્ધ હતા. એ કરતાં પણ તેઓ એક વિશેષ કામ એવું કરતા કે ધર્મનાં કામમાં તન તોડી આગળ પડીને પોતે ધન ખર્ચીને પણ ખાસ મહેનત કરતા. એવા તેમના સદ્ગુણોથી લાટદેશ આકર્ષિક મહા સ્મૃદ્ધિવાન અને ઉત્તમ પ્રદેશ તરીકે દેશપરદેશમાં વખણાતો હતો. એ લોકો ઘણા મહેનતુ હોવાથી તેમના શરિર હરહમ્મેશ સશક્ત રહેતા તેથી તન મનની સુખાકારી પૂર્ણ રીતે ભોગવતા. આ પ્રમાણે અકલ્લા પુરૂષોનીજ જીંદગી સુખી હતી

એમ ન્હોતું, પણ તે સમયની સ્ત્રીઓ પણ તન મનથી પોતાનો ઘરધંધો રોજગાર કરવા ખાસ મહેનત કરી શરીરને કેળવણી ને કસરત આપતી. તેથી તેઓ પણ મજબૂત, વિચારવાન અને ગૃહિણીઓ તરીકે પ્રખ્યાત હતી. અને તેવી દંપતીથી ઉત્પન્ન થતી પ્રજા પણ ઘણી શસક્ત, નિરોગી, ખુબસુરત અને બુદ્ધિબળવાળી હતી. આ ઉપરથી સ્પષ્ટ રીતે માલુમ પડશે કે લાટ દેશની પ્રજા "વૈશ્યો વણીકો વિગેરે" વ્યાપારના કામમાં બહુ સાહસિક હોઇ પોતાનો દેશ છોડી પરદેશ જઇ મોટા વ્યાપાર ખેડવામાં આગળ પડતી થઇ નામાંકિત ગણાઇ હતી, અને પુષ્કળ દ્રવ્ય મેળવી સુખસંપત્તિમાં રહી વિશેષ પ્રખ્યાતી મેળવતા હતા. આથી પરદેશના લોકો તેમને **લાટ દેશ**ના નામથી ઓળખતાં હતાં. હાલ આપણે જેમ લૉર્ડ યા મ્હોટા યુરોપીયન અમલદાર આવે છે તેને ગામડાના લોકો લાટ આવ્યા છે ઇત્યાદિ વચનોથી ઓળખ કરતા જોઇએ અને સાંભળીએ છીએ તેમ એ પણ વ્યક્તિ તરીકે ઓળખાતા.

આ પ્રમાણે તેમની પૂર્વની વતન તરીકે સંપૂર્ણ સ્થિતિ ખાસ મનન કરવા લાયક જણાય છે. તો તેમાં કાંઇક દિનપ્રતિદિન વૃદ્ધિ થવી જોઇએ, તેને બદલે હાલ સમયાનુસાર તપાસીએ તો ચાલુ જમાનો કાંઇ જુદાજુદા તરંગોમાંજ ઘસડાતો લાગે છે.

## ચાલુ જમાનો.

### મનહર છંદ.

લાડના સંસાર માંહી, રૂઢીનું પ્રબળ બહુ,
કુંભાડી કુચાલ થકી, પાયમાલી થાય છે;
ધન ધાન લોહી ધોઇ, ન્યાત વરા રૂડા કરે,
વાહવા વદાવી ખોટી, ફુલાઇ તો જાય છે;

રિવાજ તે કાઢવાને, પાઠ આ લખાય માટે,
ધ્યાન દઇ ભાન લાવા, લેખકને ન્યાય છે;
જમાનાને અનુસરી, સુખ પુરૂ પામશોને,
પૈસાથી ભરપુર થઇ, શાન્તીમાં રે'વાય છે.

ભારતવર્ષ તરફ ચાલુ જમાનામાં એકી દ્રષ્ટિએ જોતાં બીજી બધી જ્ઞાતિઓ કરતાં લાડ જ્ઞાતિના લાડ વણિકોની પ્રથમ જે સ્થિતિ હતી તે કરતા હાલ ઘણે અંશે તદન પછાત પડેલી જણાય છે. તેમ સંખ્યા પણ કમી થએલી છે. તેનું કારણ તપાસતાં એમ જણાય છે કે હાલમાં દિન પ્રતિદિન ધર્મ અને નીતિ ઉપરથી શ્રધા ઉઠતી જાય છે. અસલ જે પોતાનો ધર્મ અને નીતિ તન મનથી ચુસ્તપણે એ જ્ઞાતિ પાળતી, પરોપકારાદિ કાર્યો કરતી, તેમાં આજકાલ ઘણો ફેરફાર મનેચ્છા પ્રમાણે થઇ ગયોછે. જુઓને પ્રથમતો દરેક મનુષ્યે પ્રાતઃકાળમાં મહાન્ પરાક્રમી સૃષ્ટિપાળક ધન ધાન્ય ઉત્પાદક જે સૂર્યનારાયણ તેના પવિત્ર દર્શન કરવાં અને પછી સ્નાન વિગેરે કરી સ્વચ્છ થઇ પોતાના ધર્મ સંબંધી ક્રિયા કર્મ કરવા તત્પર રહેવું જોઇએ તે રીત આ ભારત ભૂમિમાંથી દિવસે દિવસે લોપ થતી જાય છે. તેમાં એ રીત પુરૂષો કરતાં સ્ત્રીઓમાં ઘણીજ વિરૂદ્ધ કુટેવ રીતે આગળ પડતી જણાય છે. તેનું કારણ ઘણી સ્ત્રીઓ અજ્ઞાન, આળસુ યા તો બેદરકારી હોવાનું લાગે છે.

પ્રાતઃકાળમાં વહેલા ઉઠી દરેક પુરૂષે પોતાના ધર્મ સંબંધી ક્રિયા વગેરે કરી પોતાના ઇષ્ટ દેવનું સ્મરણ કરવું જોઇએ. તેને બદલે હાલની પ્રજા જુદે માર્ગે ચઢી ગયેલ છે. તેથી આ સ્થળે એક દ્રષ્ટાંત આપું છું કે-પ્રાતઃકાળમાં સ્વચ્છ થતાંજ ચાહ પાણીને પરદેશી વાનીઓ ખાવાનો ધર્મ

પ્રથમજ પાળવામાં તત્પર રહેછે, અને કેટલાક તો અણુસમજુ જનો તે સ્વચ્છ કર્યા શિવાય અને સ્નાન કર્યા શિવાય પણુ એ ધર્મ પાળવામાં ઉત્સાહી હોય છે! વાંચકવૃંદ!! તમને ખાત્રી ન જ થાય તો જરા કોઇ ચાહવાળાની દુકાનમાં ચાહ પીનારા સજ્જનો તરફ દ્રષ્ટિ કરો એટલે તરત જણાશે કે; જે પ્યાલામાં કોળી, કાછીઆ, મોચી, ગોલા, ઘાંચી વગેરે હજારો જાતના મનુષ્યો ચાહ પી ગયા હોય તે પ્યાલો તરતજ તે ચાહવાળો પોતાની પાસે પાણીની ભરી રાખેલી પતરાની ડોલમાં ડબક દેતાં બોળી બહાર કાઢે છે કે જાણે **ગંગાજીમાંથી** રકાબી પ્યાલો પવિત્ર થઇને હમણાંજ બહાર ન નીકળ્યો હોય! તેમ તરતજ તેને તેજ પ્યાલામાં, પાછા નવીન આવેલા ઉચ્ચ કોમના વાણીઆ, બ્રાહ્મણ વગેરે ચાહ પી પોતાના પવિત્ર મનને શાંત કરે છે. × ×

વાંચનાર! જુઓ ધર્મ કેવો સારો પળાય છે; ખરેખર! આ દેખાવ કોઇ સુજ્ઞજન જુએ તો તેમને કંપારી નહિ છુટે? કિંવા ધિક્કાર નહીં આવે? બેશક મને તો લાગે છે કે ધર્મિષ્ટ બુદ્ધિવાળાજનોએ દેખાવ જો નજરો નજર જુએ તો તુરત ધિક્કાર સાથે તિવ્ર લાગણી થયા વિના પણુ રહેજ નહિ. પણુ આ માટે વિચારીએ તો એ વર્ત્તન કોઇ ધર્મભ્રષ્ટ કે અભણોનુંજ છે એમ નથી પણુ તે શિવાય ભણી ગણી સુધરેલા વર્ગનું પણુ છે. બીજું પરમાર્થના કાર્યો પણુ હવે પાછળ પડતાં જાય છે એટલે ધર્મની નાસ્તી થતી જાય છે એમ કહેવાને બાધ નથી. પરંતુ આ સંસારની ઘટમાળનો મોટો આધાર ધર્મ ઉપર છે તેથી ધર્મશાસ્ત્રોમાં દરેકે પોતાના ધર્મમાં કેમ પ્રવર્તવું તે વિષે જે તે ધર્મનાં પુસ્તકોથી, અને ધર્મગુરૂઓથી નિયમો બંધાયા છે. વળી તેમની

નીતિ રીતિઓ જણાવેલી છે તે પ્રમાણે એક ચિત્તે વર્ત્તવું જોઇએ. જુઓને ધર્મને માટે **અશોક** જેવા મહાન્ રાજા બૌદ્ધધર્મિ થતાં તેમણે પોતે જીવ હિંસા તજી, પોતાની પ્રજા તે તજે એટલા માટે તેમણે અતિશય મહેનત કરી હતી; વળી જૈનધર્મની પ્રબળતા થતાં **કુમારપાળ** જેવા રાજા તે ધર્મના અનુયાયી થયા અને તે ધર્મને ઘણો આશ્રય આપ્યો છે. વૈષ્ણવમાર્ગ જોતાં, **શ્રીમાન્ વલ્લભાચાર્ય-જી**એ પુષ્ટિમાર્ગનો ફેલાવો કરવા અને અધમ જીવોનો ઉદ્ધાર કરવા માટે પોતે જાતે મહેનત લેઇ દેશાટણે જઇ અનેક જીવોને ધર્મોપદેશ કરી, ધર્મનો ફેલાવો કરવા તન મનથી પ્રયાસ કરી પુર્ણ ફતેહમંદ બન્યા છે, બ્રાહ્મણ ધર્મનું રક્ષણ કરનાર **શ્રીશંકરાચાર્યે** ધર્મ માટે ખાસ મહેનત કરી વિજય કર્યો છે. પાશ્ચાત્ય પ્રજા પણ પોતાના ધર્મના ફેલાવા માટે ખાસ દેશપરદેશ પાદરીઓ મોકલી ઉપદેશો કરાવી ફેલાવો કરી રહ્યા છે. તેમ સનાતન હિન્દુ ધર્મના ધર્મગુરૂઓ પણ દિનપ્રતિદીન હવે ઉપદેશો આપતા જાય છે, અને કદાચ જે ધર્મગુરૂઓ ધર્મોપદે-શનું કર્ત્તવ્ય કરવામાં હજુ પછાત હશે, તેઓ પણ પોતાના ધર્મની જાગૃતિ માટે સારા વિદ્વાનોરાખી પોતા-ની પ્રજાને ધર્મ સંબંધી ઉપદેશો કરાવવા પુરતી ખંત રાખશે એવી લેખક આશા રાખે છે. જ્યારે એક બાજુ ધર્મને માટે તન મનથી પ્રયાસ ચાલતો આવે છે ત્યારે બીજી બાજુ ધર્મની નારતી થવાના પ્રસંગની શરૂઆત થાય એ આપણા વર્ગની પડતીનું માંગલિક (!) ચિન્હ: છે. એટલું તો ખરૂં કે જ્યાં ધર્મ નથી ત્યાં પવિત્રતા, શુદ્ધતા, અને આચાર વિચારોની ઉત્તમતા હોતી નથી કહ્યું છે કે **आचार प्रथमो धर्म, धर्मस्य प्रभू रुच्यते**. કોઇ કહેશે કે "અમે આચાર વિચારો તો પાળીએ છીએ." આ સ્થળે

મારે કહેવું જોઇએ કે જે આચાર વિચાર હાલ પાળવામાં આવે છે તે ટાપટીપના ઘણા ખરા સ્થળે જણાય છે, પણ કાંઇ હૃદયની ખરી શુદ્ધતાના હોતા નથી. કારણકે રસોડામાં કુતરૂ આવી ફરી જાય તો રસોઇ અભડાય, પણ ન્યાતની મોટી રસોઇને કુતરૂ આવી અડે તો તે અભડાય નહીં કારણકે જ્ઞાતિ એ ગંગાનો પ્રવાહ ગણાય છે. ઢેડ ભંગી· આથી અડકાએલી વસ્તુ ધોવી પડે પણ જો તે વસ્તુ ધોવાથી બગડતી હોય અને નુકશાન થતું હોય તો તેના પર એક લીલું તરણું નાંખવાથી અગર મુસલમાનને અડ· કાવવાથી પવિત્ર થઇ જાય છે. વળી તે મુસલમાનને જાતે અડકીએ તો ન્હાવું પડે અને અડકાવેલી ચીજ પવિત્ર ગણાય! કહો એ કયા શાસ્ત્રનો ન્યાય? કેટલાક કૃતઘ્ની·સ્ત્રી પુરૂષો આખો દીવસ પાપ કર્મ કરે તે નિયમ વિરૂદ્ધ કહેવાય નહીં, પણ દેવદર્શન જાય ત્યારે માત્ર રસ્તામાં ભુલથી કુતરૂં અડકે તે નિયમ વિરૂદ્ધ થવાથી લોકોને દેખાડવા સારૂ ઘેર પાછા ન્હાવા આવે; કહો આનું નામશું? **કુતરૂ પળ્યું ને બિલાડુ ન પળ્યું. ખપ તેની છોછ નહિ,** Necessity has no law યા તો **ગરજને અક્કલ નહિ.** આવા વિચારોને આચાર વિચારો કહેવાતા નથી. જ્યાં એ પૂર્ણપણે હોતા નથી ત્યાં શારીરિક, માનસિક તથા નૈતિક બળ અને સુખ સંપત્તિ મળતાં નથી, પણ જ્યાં ધર્મ પાળનાર ચુસ્ત નરો છે, ત્યાં કેળવણીનો ભંડાર ભરેલો છે અને તેથી તેમના શરીરબળ સ્વચ્છતા, આચાર વિચાર, હૃદય બળની દિન પ્રતીદીન વૃદ્ધિ થઇ શરીર સશક્ત અને મજબુત રહે છે, તેથી ગમે તેવા મહત્ કાર્યો ધારેલા વખતમાં પૂર્ણ કરી શકે છે. જે ધર્મની કિમતી ખાણને સાચવી અડગૃદ્રઢતાથી ખોદતાં આગળ વધ્યો જાય છે તેને

તે ખાણમાંથી હીરા રૂપી અલભ્ય લાભો મળે છે. પરંતુ હાલતો ધર્માચરણોનો લોપ થતાં અધર્મતા, વ્યભીચાર, અસત્યતા અદેખાઇ વિગેરે અનેક દુર્ગૂણો આજ કાલ વધી ગયેલા જોવામાં આવે છે; વળી તે કરતાં વિશેષમાં કેટલાંક સ્થળે તો કુસંપનું બી, સુધારાની પૂર્ણ રીતિ સમજ્યા છતાં અને કેળવણી પામ્યા છતાં હજુ દષ્ટિગોચર થાય છે એટલે કે ઐકયતાનું કમીપણું પોતાનાજ ઘરમાં જણાય છે. તેમજ પવિત્ર જીવન તરીકે શારીરિક અને નૈતિક બળની પણ તદ્દન ખામી હોય છતાં કોમળ હૃદયનાં બાળકોને પોતાની પરિપકવ બુદ્ધિથી વિચાર કરવા દીધા શિવાય બાળપણથીજ લગ્ન કરાવી સંસારની બેડીમાં નાખવામાં આવે છે. આથી તેઓ પોતાની જીંદગીમાં કંઇ પણ જાતની સફળતા નહિં મેળવતાં તદ્દન પછાત પડતા જાય છે; આ ઉપરથી પ્રાચીન વર્ગ કરતાં હાલના વર્ગોની સ્થિતિ તદ્દન નબળી થતી જાય છે એ સ્પષ્ટ જણાય છે.

હજુ કેટલાક લોકો તો કેળવણીના અભાવે અજ્ઞાનતાની ઉંઘમાં એવા તો પડી રહેલા છે કે પોતાના પુરતો ખોરાક પણ મેળવી શકતા નથી અને તદ્દન અધમાધમ સ્થિતિ ભોગવ્યાં કરે છે છતાં પણ તેઓ હજુ આપણા ડોશી શાસ્ત્રોના એક મતીલા, જુના વિચારો છોડતાજ નથી; **બાપ વ્યાપારનો ધંધો કરતા હતા ને અમે શું નોકરી કરીશું? બાપ શેઠ હતા અમે શું ગુમાસ્તી કરીશું!** વડીલ વર્ગ **શરાફી કરતા** ને અમે શું **લાચારી કરીશું?** પ્રથમની **સ્ત્રીઓ અકલમંદ હતી** તો તેને અમે **શુંઅકલવાન** કરીશું! અને **કેળવણી આપીશું!** × ×

આવાં આવાં મિથ્યાભિમાની વચનોના પાસમાં તેઓ હજી સપડાઇ રહ્યાં છે તે કેમે કર્યા છુટતાજ નથી. આ

સાંભળી આપણા હિન્દુ સંસારને ખરેખર એકવાર નહિ પણ હજારવાર ધિક્કારવામાં આવે તો હરકત જેવું નથી. હિન્દુસંસાર ! તારા ગુણ ગાન રડતાં હજારો અશ્રુઓની એક સરિતા વહે તો પણ બસ નહી થશે × × ×

રંક લોકોને તેઓનો ખોરાક પણ પુરતો ન મળવાથી તેમનું ગુજરાન ચલાવવા અશક્ત હોય, છતાં તેઓને ઉત્તેજન ન મળવાથી ઘણી દુઃખદ સ્થિતિ ભોગવે છે. આથી તેઓની નવીન થતી પ્રજા પણ નિર્બળ, અજ્ઞાન, અશક્ત, અકલમંદ વગેરે દુર્ગુણોવાળી નીવડે એમાં આશ્ચર્ય શું? અને જો હવે તેઓને ઉત્તેજન ન અપાય તો તેથી પણ વધુ નિર્બળ નીવડશે. આને માટે જેટલી હકીકત લખીએ તેટલી થોડી છે પણ તે સર્વના જાણવામાં હોવાથી વધુ લખવી આવશ્યક ધારતા નથી. માટે જે લોકો જ્ઞાતિના હિતેચ્છુ આગેવાનો ગણાતા હોય અને ગણાવા માગતા હોય એવા સજ્જનોએ આવી પ્રજાઓ સારૂ એકત્ર મળી **એક ફંડ ન્યાત ખાતે** ઉત્પન્ન કરી પોતાના જ્ઞાતિબંધુઓને ઉત્તેજન આપી તેમની સ્થિતિ સુધારવા માટે ખાસ પ્રયાસ કરવો જરૂરી છે.

ઉપર જણાવેલી નિર્માલ્ય રંક પ્રજા તેમની આવી સ્થિતિ થયા છતાં પણ જ્યારે તેઓને ત્યાં કાંઇક શુભાશુભ પ્રસંગ આવે છે ત્યારે તેઓ જ્ઞાતિના કેટલાએક ફરજીયાત થઇ પડેલા રીવાજ પ્રમાણે એવા તો અયોગ્ય વિચારો કરે છે કે **મારા બાપદાદાના વખતના થઇ ગયેલા ન્યાત વરા કેવા સારા હતા, તે શું હવે મારે ન કરવા ? ગમે તેમ કરીને પણ કરવાજ જોઇએ** ! આવા વિચાર કરી બાપદાદાના જુના ઉંડા કુવામાં પડવા તુરત જાય છે. આનું કારણ માત્ર કેળવણીનું અજ્ઞાનપણું છે. વાંચક બંધુઓ! આવા કનિષ્ટ

વિચારોથી કેટલાકજનો અધમ સ્થિતિ ભોગવ્યાં કરે છે તે આપણે નજરેનજર જોઇએ છીએ! ! કોઇ કહેશે કે લોકો પાસે પૈસા તો ઘણા છે, પણ ના! તેમ નથી. જે લોકોએ પૂર્વે ધન મેળવ્યું હોય તેનો બરોબર સંગ્રહ કરી રાખી વિવેકથી ચાલનાર હોય છે તેજ થોડા ઘણા પૈસાદાર હોય છે. બાકી હાલના સમય પ્રમાણે તો પૈસા એકઠા કરી શાહુકાર ગણાતા કોઇક જન નજરે પડે છે, તેમાં જે પૈસાદાર ગણાય છે તે લોકો બનતાં સુધી વસ્તારી! (બચરવાળ) હોય છે તેથી તેમને ન્યાતના સંસારિક રીતરીવાજ મુજબ શુભાશુભ પ્રસંગે યોગ્ય પદ્ધતથી ન્યાતવરા કરવા પડે છેજ. કારણકે લાડ જ્ઞાતિમાં કેટલાક ન્યાતવરા ફરજ તરીકે કરવાના કઢંગા રીવાજો હોય છે, તે કરવાથી લોકો પાયમાલ સ્થિતિને પ્રાપ્ત થાય છે. વળી આવે પ્રસંગે કેટલાક રંક લોકો એવા તો હોય છે કે પાસે એક પાઇ સરખી ન હોય, ખાવાપીવાને પણ મળવું કઠિણ હોય, માથે હજારો રૂપીઆનું દેવું હોય, તો પણ તેવે પ્રસંગે પોતાની હાલત અને નિર્ધનાવસ્થા ભૂલી જઇ વિચારે છે કે મારા બાપદાદાની ઇજત શી! મારા માતપિતાનું ઘર કોણ? તેઓ કેવા કુળવાન હતા? માટે મારે ઘર વેચીને, જાત ઘરેણે મુકી ને પણ ન્યાત વરો કરવો જોઇએ; જો તે પ્રમાણે ફરજ તરીકેનો ન્યાતવરો ન થાય તો લોકો મ્હેણું મારે, તેથી મારા બાપ દાદાની ઇજ્જતપર પાણી ફરીવળે. એમ કનિષ્ટ વિચારો કરી હજારો દહાડાનું એકઠું કરેલું ધન પરમાર્થની બીલકુલ દરકાર રાખ્યા સિવાય પોતાની મરજીથી આ ફરજ તરીકે રીવાજને અનુસરી ઉડાવે છે. અને તે પ્રમાણે તે ન કરે તો તેના નિકટના સ્નેહી સગાં વ્હાલાં તે મુજબ કરવામાં ઘણા સારા મતો આપી મદદ કરી પોતાના એક દિવસના ભોજન ખાતર

તેનું ઘર, જાત, દાગીના અથવા સરસામાન વેચાવીને પણ કરવા અત્યાગ્રહ કરી તેની જીંદગીનું સર્વસ્વ સુખ લુંટી લઇ અધમ સ્થિતિ પ્રાપ્ત કરાવવાને ચુક્તા નથી. કારણ કે જેની પાસે સારો પૈસો છે, તે પોતાની ઇચ્છા મુજબ ખર્ચે તો વાંધો નથી. ક્યાં વડોદરાના દિવાન વેણીરામભાઇએ વડોદરૂ સઘળુ જમાડયું નહોતું ? કે જેમાં ગાય ભેંસો કુતરાં સુદ્ધાંત કંસાર જમ્યા હતા. પરંતુ હરેક વાત મર્યાદાપૂર્વક સારી લાગે છે. આતો **લાંબા સાથે ટુંકો જાય મરે નહીં ને માંદો થાય.** એ કહેવત મુજબ થાય છે. છતાં પોતાની શક્તિ વિરૂદ્ધ પતંગીઆ માફક થઇ પડે એ કેટલું આશ્ચર્ય છે ! ! ! બંધુઓ ! બાપદાદા પાસે ઘણા પૈસા હોવાથી તેમણે પ્રસંગે **ઝાંપે ઝાલકો નાંખી હોય** અથવા તેમણે મોટાં મોટાં ગામો નોતર્યાં હોય, પરંતુ આપણે ત્યાં તો ઘરમાં હાંલ્લાં કુસ્તી કરતાં હોય યા "હનુમાન હડિયો કાઢતા હોય ને ભૂત ભુસ્કા મારતા હોય" તો પછી એ બાપદાદાની આબરૂ શી રીતે જાળવી શકીએ ? અને મોટા વરા કરી ન્યાતના ખોટા શિક્કા યા મ્હોટાઇ શી રીતે લઇ શકાય ! એ કાંઇ બી. એ.ની પરિક્ષા નથી કે જેમાં-થી સોનાનો શિક્કો મળી નહિ શકે ! માટે એવા ફરજ તરીકેનાં કઢંગા જણાદિખર્ચો સારૂ જ્ઞાતિ હિતચિંતક આગેવાનોને વિચારવા અને તેનું શું પરિણામ આવશે તે જાણવા સોપું છું. જ્ઞાતિના રંકજનો અજ્ઞાનતાની ખાતર ઉપરના વિચાર નિર્માલયતા ભરેલા કરી અધમાવસ્થા ભોગવે છે તેથી આવી જીંદગીમાં નવી થનારી પ્રજાને જન્મથી કેળવણી આપી શકાતી નથી, તેમ તેની જીંદગી સફળ કરવાને પુરતાં સાધનો મળતાં નથી, વળી ન્યાતીલા તરફથી કે સગાંવહાલાં કે ભાઇઓ, મિત્રો, તરફથી, આ પ્રજાને કેળવણી આપવા,

કે ઉપયોગી બનાવવાને મદદ અગર ઉત્તેજન પણ મળતું નથી, તેથી તે નવીન પ્રજાને પણ પોતાનો જન્મારો દુઃખી ને નિર્ધનાવસ્થામાં ગાળવો પડે છે. આવી રીતે અજ્ઞાન લોકો જાતે જ પોતાના કુટુંબની પાયમાલી કરી જીંદગીનું સત્યાનાશ વાળે છે. તેથી લાંબો કાળ થતાં જ્ઞાતિ ઘણી જ અધમાવસ્થામાં આવી પડે છે. ખરેખર ! હિંદુ સંસારમાં જ્ઞાતિ વરાના કેવા પૈસા સરસ ખરચાય છે અને તેના પછીથી કેવાં કડવાં ફળ ભોગવવાં પડે છે ! ! !

× × + +

જ્ઞાતિ હિતેચ્છુઓ ! આવા દુઃખો ભોગવવાં કરતાં પ્રથમના એવા કઢંગા ફરજ તરીકેના રીવાજો છોડી દેઇ સમયાનુસાર ફેરફાર કર્યો હોય તો તેથી જ્ઞાતિ બંધુઓને લાભ થાય તેમ લાગે છે, માટે એવા મોટા ખર્ચો કરનાર ગૃહસ્થો વગેરે પાસેથી અમુક રકમ ન્યાતના હિતાર્થે ફરજ તરીકે લેવાનો રીવાજ કરી તેમાં તન મન ધનથી મહેનત કરી **એક ન્યાત ખાતે ફંડ** આશ્રય તરીકે ઉત્પન્ન કરવામાં આવે તો તેથી વધારે સુખી થવાય ખરૂં ! કહ્યું છે કે ટીંપે ટીંપે સરોવર ભરાય અને કાંકરે કાંકરે પાળ બંધાય-એટલે જનસમુહ ન્યાતવરામાં ઓછા ખર્ચો કરી તેમાંની બચત રહેતી રકમમાંથી ન્યાતિહિતાર્થ ફંડમાં અમુક જુજ રકમ આપે તોપણ ઉપરની કહેવત મુજબ એ ફંડ નિરાશ્રિતો માટે ઘણું મ્હોટું થાય; તેમાંથી જે જ્ઞાતિ બંધુઓ દુઃખદ સ્થિતિ ભોગવતાં હોય તેમનાં પોષણુ માટેના પરોપકારાદિ કાર્યો કરવામાં, કે જ્ઞાતિના રંક બાળકોને કેળવણી આપવામાં, ધર્મનું જ્ઞાન વધારવા પાઠશાળાઓ, ચિત્રશાળાઓ, રંગશાળાઓ, કે અનાથ બાળાશ્રમો, ઉદ્યોગશાળાઓ, યા રંક બાળકોને પરદેશ મોકલી હુન્નર

ઉદ્યોગોનું શિક્ષણ લેવામાં, ને તેમની ઉન્નતિ કરવામાં, જો ખાસ તન મનથી મહેનત કરી એ ફંડની રકમ વપરાય તો ખરેખર થોડા વખતમાં જ્ઞાતિજનોની ચઢતી કળા, સુખ શાંતિ દૃષ્ટિગોચર થાય; અને તેથી એવા ઉત્તેજન આપ-નાર ન્યાતના અગ્રેસરો, શેઠ શાહુકારો વીગેરે તમામ મદદ કરનારાઓની જીંદગી સાફલ્ય થઇ તેમને આર્શિવચનો અંતઃકરણપૂર્વક મળે એમાં સંદેહ નથી. આ બદલ ઘણા વિદ્વાનોનો મત એમ થાય છે કે બીજા દાન (પુણ્ય) પર-માર્થ કરવા કરતાં પણ વિદ્યાદાન જ્ઞાતિલાને આપવામાં ને તેમની ચઢતી કરાવવામાં ઉત્તેજન આપવું એ ઉત્તમ કાર્ય પરમાર્થ પુણ્યરૂપ, છે.

આવા જ્ઞાતિહિતના શ્રેષ્ટ કામ માટે અત્યાર સુધી પૂર્ણ પણે એકમત થઈ યોગ્ય વ્યવસ્થાઓ નહીં થતી હોવાથી નિર્ધનાવસ્થાના લોકોની સંખ્યા વધી પડી છે. તેથી તેઓ નાણા વગર લગ્ન રહીત થઇ સંસારમાં એકલા જ ફર્યા કરે છે. અને કેટલાંક બિચારા પોતાનું ગુજરાન નિભાવવા પુરતું સારૂં રળી શકે, તેવાઓ પણ આ શ્રેષ્ટ કોમમાં ધોળાવાળ થાય છે ત્યાં સુધી લગ્નગાંઠથી જોડાએલાં હોતાં નથી, તેથી નાહક જીંદગી લગ્નની આશા-માં નિષ્ફળ ગાળી મરણને શરણ થાય છે. આથી તેઓ સંસારનું ખરૂ સુખ ભોગવી શકતા નથી. આનું કારણ દીર્ઘ દૃષ્ટિથી તપાસીએ તો ઘણાખરા દેશમાં પલ્લું ન પહેરામણી રૂ. ૧૦૦૦ ને તેથી પણ વધારે હોય છે, અને કેટલાકમાં તો એથી પણ વધુ દરદાગીના અગર નાણાની મોટી રકમ આપવી પડે છે તેથી સામાન્ય લોકો તેમાં ફાવી શકતા નથી, કારણ કે એક વર્ષના ચાર જાડા ધોતીજોટા પહેરી ખરી મહેનત કરે તો તોપણ પલ્લા જેટલી રકમ અને પોતાના ગુજરાન

માટેની રકમ મેળવી શકેજ નહીં, તેથી તેઓને કુંવારાની સ્થિતિ ભોગવવી પડે છે. આવી સ્થિતિને લીધે જ્ઞાતિના લોકની સંખ્યા નહિ વધતાં નિર્વંશ જાય છે. અને બીજી બાજુ અજ્ઞાનતાથી લોકો પાયમાલ થઇ જવાથી તેમની પ્રજા રંક નીવડે છે તેમને પુરતી કેળવણી નહીં મળવાથી હિણુકમાઉ થાય છે; તેથી પણ તેમને કન્યા નહીં મળવાથી **કુંવારાની** સ્થિતિ ભોગવે છે. આવાં કારણોથી પણ જ્ઞાતિના કેટલાક ઘરનો વંશ નહીં વધતાં નિર્વંશ થઇ જવાથી દિન પ્રતિદિન લાડકોમની સંખ્યા ઓછી થઇ પાયમાલી થાય છે. આનેમાટે કોઇ એમ કહેશે કે એ પલ્લાની રકમ તો સ્ત્રી વિધવા થાય અને તેને પોતાનું ગુજરાન ચલાવવા સાધન ન મળે તો પછી તે કરે શું! આના જવાબમાં એટલું બસ છે કે મોટી મોટી પલ્લાની રકમો લેઇ "લાહીલોહીને વરને વરઘોડે ચઢાવવા," તેના કરતાં વરકન્યાના ઉતમ સુખ ખાતર ઓછું પલ્લું લેઇ તેમને ખાવાપીવાનાં સાધનનો માટે ઉત્તમ વિચાર કરી રાખવામાં આવે તો એ નાણું કંઇ પછીથી પાંખો કરી ઉડી જવાનું નથી! પણ વરકન્યાને ઉલટું લાભકર્તા થઇ પડશે. માટે તેમાં સમય પ્રમાણે યોગ્ય કમીપણુ કરવાનો વિચાર થવાની જરૂર છે.

લાડ કોમ પૈકીના કેટલાક નિર્ધનાવસ્થાએ પહોંચવાનું કારણ મેં જરૂર પુરતુ ઉપર બતાવ્યું છે–તેમાં આટલું પણ જણાવવું પડે છે કે દુનિયામાં લાડ કોમ બીજી વણિક જ્ઞાતિઓ કરતાં શ્રેષ્ટ નંબરે ગણાય છે, છતાં આવી ઉતમ કોમમાં સમયાનુસાર રૂઢી, રીતરીવાજોનો હજુ ફેરફાર નહીં થતાં ડોશીશાસ્ત્રો ચાલે છે એ શોચનિયછે. જો કે કેટલાક સુધરેલા દેશોમાં એ બાબત વિચારો થતાં હશે તોપણ હજુ તે માટે ઘણો વિચાર થવા જમાને અનુસરીને જરૂર

છે, કારણ કે બીજી ઘણીખરી ન્યાતોમાં સમયાનુસાર સુજ્ઞ આગેવાનોએ દીવસે દીવસે એકમતે એક જથે થઇ રીત રૂઢીઓમાં સુધારા કરી કેળવણીનો ઘણો સારોલાભ મેળવતાં, અને ધર્મ સંબંધે પણ આગળ પડતાં, તેમજ પરમાર્થ કાર્યો કરતાં આપણે જોઇએ છીએ. વળી કેટલીક જ્ઞાતોમાં જુના ફરજ તરીકેના કઢંગા ન્યાતવરાના બોજારૂપ થઇ પડતાં ખર્ચો બંધ કરી તેમાંથી બચત રહેતી રકમો એકઠી કરી જ્ઞાતીહિતાર્થે મોટું ફંડ જ્ઞાત ખાતે ઉત્પન્ન કરી પોતાના જ્ઞાતિભાઇઓને ઉત્તેજન આપવા, બોર્ડીન્ગો, સ્કુલો, હાઇસ્કુલો, ચિત્રશાળાઓ, રંગશાળાઓ, પાઠશાળાઓ, આશ્રમો વગેરે × × જ્ઞાતિબંધુઓની ઉન્નતિ કરવામાં ઘણા નાણાં ખરચે છે. તેવા સજ્જનોને હજારો મુખેથી ધન્યવાદના આશિર્વચનો મળતા હાલ સંભળાય છે. ખરેખર ! એવા સજ્જનોનું જીવન સફળ થયું છે, એમ કહેવાને બાધ નથી. જ્યારે બીજી કોમ આ પ્રમાણે કરે છે તો આપણી શ્રેષ્ટ કોમ છે તેને શું એ પ્રમાણે કાંઇ કરવાની જરૂર નથી ? યા તેની ચઢતી કળા, વસ્તીનો બહોળો ફેલાવો જોવા કોઇ ઇચ્છતા નથી ? નાના, તેમ તો હોયજ નહીં; આજ નહિ તો કાલે, વર્ષે બે વર્ષે પણ વિચાર થશેજ! અને કદાચ તે પ્રમાણે થવામાં આળસ, અને કચાસ રહે તો પછી આ જીવન નકામું છે એમ વિચાર કરતાં જણાય છે. સૂર્યનું બંધારણ જુદા જુદા કિરણોમાં રહેલું છે; કારણકે કિરણોથી પ્રકાશ થાય તોજ સૂર્ય પ્રકાશીત રહે છે નહિ તો ખરેખર ઝાંખો એટલે નિસ્તેજ દેખાય છે, તેજ પ્રમાણે આપણે સુમાર્ગો ગ્રાહ્ય કરીશું તો જ્ઞાતિની ઉન્નતિ પ્રત્યક્ષ દેખાશે. જો તેમાંના ખરાબ કચરારૂપ હાનિકારક રીતિ રિવાજોમાં સુધારો નહીં

થાય તો પછી જ્ઞાતિની જે હાલની સ્થિતિ છે તેવી પણ રહેવી દુર્લભ છે અને તેમાંથી મુક્ત થવાને પછી ઘણી હરકત પડશે. સૂર્યે જેમ કિરણોને જન્મ આપ્યો છે તેમ જ્ઞાતિદેવીએ આપણ સઘળાને જન્મ આપ્યો છે તેથી જ્ઞાતિ આપણી દરેક જણની **એક દેવી**, તથા **જનની** તરીકે છે એમ માનવું જોઇએ. જ્ઞાતિનાં રીતરીવાજોનો સમયાનુસાર ફેરફાર કરી ચાલવું જોઇએ અને તેની તન મન ધનથી ઉન્નતિ કરવીજ જોઇએ. આવી શ્રેષ્ઠ જ્ઞાતિમાં જે મનુષ્યે જન્મ લીધો છે તે ખરેખર પુણ્યશાળી છે. તથા તેમાં જે લોકો અગ્રેસર તરીકે મનાય છે તેઓ પણ પૂર્ણ ભાગ્યશાળી છે. તો પછી આવી ઉત્તમ જ્ઞાતિમાં અવતાર લેઇ તેનું કાંઇક હિતાર્થ થાય તો તેવાં સજ્જનોપર જ્ઞાતિરૂપી દેવી પ્રસન્ન થાય. જ્ઞાતિના હિતકાર્યો, અને નિયમો તેમના અગ્રેસરો, યા પંચથી થનારા છે, માટે તેઓ વિદ્વાન અને મોટા મનના માણસો હોવા જોઇએ. હાથીને જેમ અંકુશથી વશ રાખવામાં આવે છે, તેમ ન્યાતના અગ્રેસરો ન્યાતીલા સજ્જનોના મત લેઇ સારાસારનો દીર્ઘદૃષ્ટિથી વિચાર કરે તો જ્ઞાતિની આબાદી થાય, જ્ઞાતિ નાહક ખર્ચના બોજામાં ન ઉતરે, શાસ્ત્ર વિરૂદ્ધ થતા કામોનો અટકાવ થાય, તથા જ્ઞાતિમાં કલેશ ઉત્પન્ન ન થાય, એવા સુજ્ઞ રીતરીવાજોના નિયમો ઘડી અમલમાં મુકવા જોઇએ, કે જેથી તે પ્રમાણે વર્તવા, ને વશ થવા જ્ઞાતિનો કોઇપણ ઇસમ પાછી પાની કરે નહીં ને તેમાં કલેશ ઉત્પન્ન થાય નહીં. જ્ઞાતિના અગ્રેસરો એ પંચ સમાન છે અને પંચ એ પરમેશ્વરરૂપ છે એટલે તેના કરેલા ધારાને દરેક જણ માન આપે એમાં નવાઇ જેવું નથી. જેમ દેશની ઉન્નતિનો આધાર કેળવણી કળાકૌશલ્ય વિદ્યા હુન્નરોની વૃદ્ધિપર છે તેમ જ્ઞાતિની ઉન્નતિનો આધાર જ્ઞાતિના સારા

બંધારણ, નિયમો, અને અગ્રેસરોની વિદ્વતાપર છે. માટે તે જો સત્યતાથી નિઃસ્વાર્થપણે કરવામાં આવે તો ઐક્યતા, સંતોષ ને જ્ઞાતિની ઉન્નતિ મજબૂત રીતે થાય. અને પછી તમાં ગમે તેવો જબરો વિરોધી પ્રવાહ આવે તોપણ તેને કોઇ તોડી શકવા સમર્થ થઇ શકે નહી. કોઇ જન આ વખતે એમ કહેશે કે મારી પાસે ઘણા પૈસા છે, હું વિદ્વાન છું, એટલે મારે જ્ઞાતિના થયેલા નિયમો માનવા નથી અને મને તેની દરકાર પણ નથી. તેને માત્ર એટલોજ જવાબ આપવાની જરૂર છે કે, ઇશ્વર સર્વશક્તિમાન છે. છતાં તેમણે આ જ્ઞાતિમાં તમને કેમ જન્મ આપ્યો! કેમ બીજી ન્યાતિમાં જન્મ આપ્યો નહી. ખરેખર! તમારા ભવિષ્યનાં સંચિત પ્રમાણે તમને આ જ્ઞાતિમાં જન્મ આપ્યો છે— એટલે તેના નિયમોને આધિન થવું જોઇએ. કારણ કે એ જ્ઞાતિના નિયમો નથી, પણ ઇશ્વરી રચનાના નિયમો છે, માટે તે આજ્ઞાનો અનાદર કરવાથી મનુષ્ય જન્મ પશુતુલ્ય જાય છે. જ્ઞાતિનો અનાદર શ્રી વિષ્ણુ ભગવાનના વાહન ખાસ ગરૂડ જેવા ભક્તે કરવા ધારેલો પણ તેમાં તે ફળીભુત થઇ શક્યા નથી.

વાંચનાર! આ સ્થળે તે ઉદાહરણ આપવાની ખાસ જરૂર જણાય છે. તેથી લખવું પડે છે કે,—એક પ્રસંગે શ્રી કૃષ્ણ ભગવાનની સ્વારીના ખાસ વાહન ગરૂડજી પોતાની જ્ઞાતિમાં મુખ્ય અગ્રેસર તરીકે મનાતા હતા. તેમની ન્યાત એક વખતે એકઠી મળી ત્યારે તેમને બોલાવ્યા, છતાં તે ત્યાં ગયા નહીં તેથી તેમની સમસ્ત ન્યાતે એવું ઠરાવ્યું કે—ગરૂડજીએ ન્યાતનું અપમાન કર્યું છે, માટે તેમને ન્યાત બ્હાર મુકવામાં આવે છે. આ વાતની ખબર શ્રી કૃષ્ણને થતાં ગરૂડની સ્વારીનો અંગીકાર નહિ કરતાં ગરૂડજીને પોતે

જણાવ્યું કે–ન્યાતનું તમે અપમાન કરેલું છે, અને તેમાં કલેશ ઉત્પન્ન કર્યો છે માટે હું તમારો સ્વીકાર કરીશ નહીં કારણ કે ન્યાતના પંચ એજ મારૂ સ્વરૂપ છે, તેથી તમે મારા પોતાના થઇ અભિમાન ધરી ત્યાં ગયા નહીં તે બરાબર નથી. માટે તમો ન્યાતના પંચનું સમાધાન કરી ન્યાતમાં દાખલ થાઓ તો તમને અંગીકાર કરવામાં આવશે. એ ઉપરથી ગરૂડજી ન્યાતમાં તુરત જઇ માફી માગી ન્યાતમાં દાખલ થયા. જ્ઞાતિબંધુઓને આ દૃષ્ટાંત પરથી સ્પષ્ટ સમજાશે કે જ્ઞાતિ એ શું ચીજ છે ! અને તે શું કરી શકે છે. તથા તેનામાં કેટલી શક્તિ રહેલી છે. તેનો ખ્યાલ જનસમુહના હૃદયમાં સહજ આવી શકશે. એટલે એવી જ્ઞાતિના અગ્રેસરોએ પણ એવાજ દીર્ઘદૃષ્ટિ વાળા થવાની જરૂર છે. કારણ કે મોર પીંછે રળીઆમણો છે, તો પછી જ્ઞાતિના અગ્રેસરો ન્યાતના પીંછ રૂપ સમુહથી મોર માફક રમણીય જણાય એવા નિસ્વાર્થી, વિદ્વાન, નિરાભીમાન જ્ઞાતિહિતચિંતકો હોવા જોઇએ. અને તેમને દરેક જ્ઞાતિલાપર સમાન ભ્રાતૃભાવની દૃષ્ટિ રાખી પોતાનું જીવન યથાર્થ કરવું જોઇએ. નહિ તો પછી લશ્કરનો આગેવાન સારો ન હોય તો પછી લશ્કરની દશા માઠી થવા જેવું થાય. એટલે વિજયની આશામાં જતાં સંપ અને શક્તિવિના ફોકટ ફેરો થયા જેવું થાય કે નહીં તેનો વિચાર વાંચનારને સોપું તો કાંઇ ખોટું નથી.

**પ્રાચીનકાળની સ્ત્રીઓ** ઘણુંખરૂં **અભણ હતી.** કારણ કે **તેમને** કેળવણી આપવાના સાધનો પુરતાં મળી શકતા નહોતાં. પણ તેઓ ઘરકામ એટલું લક્ષ રાખી કરતાં કે તેમને અંગ કસરતનો અને શિક્ષણનો ઘણો સારો લાભ તેમાંથી મળતો હતો. આથી તેઓ પોતાના શરીરે સશક્ત

થતાં તેથી પ્રજા પણ મજબુત બાંધાની નિવડતી. વળી એ સાથે દયા ક્ષમા અને સત્યતા એ સદ્‌ગુણોનું વર્તન કરવા લક્ષ આપતી એટલે તેઓ કદી, વ્યભિચાર વગેરે દુર્ગુણને નહિ ઓળખતાં પ્રભુપદ પામવામાં વધુ ચિત્ત રાખતી અને પોતાનો ધર્મ ઉત્સાહીપણે સંતોષ રાખી પાળતી હતી. આથી તેઓ સુખી રહેતાં હતાં. જ્યારે પૂર્વે એ પ્રમાણે ચાલતું હતું ત્યારે હાલ તેમાં દિનપ્રતિદિન કાંઇક વૃદ્ધિ થવી જોઇએ. કારણ કે સુર્ય જેમ ક્ષણે ક્ષણે પોતાનો પ્રકાશ વધારતો જાય છે, મનુષ્યો દિવસે દિવસે ઉમરમાં વૃદ્ધિ પામતા જાય છે, તપસ્વીઓ પોતાનું તપ વધારી ઇશ્વરપ્રીતિ સંપાદન કરતા જાય છે, સત્સંગી સત્સંગ વધારતા જાય છે, તેમ કાળક્રમણ કરતાં દિનપ્રતિદિન, ધર્મ દયા, ક્ષમા, સત્યતા વિગેરે સદ્‌ગુણો હાલની પ્રજામાં વૃદ્ધિ પામવા જોઇએ; તેને બદલે હાલ સમયાનુસાર દૃષ્ટિ કરતાં એ પ્રમાણે થયેલું જોવામાં આવતું નથી. પરંતુ એથી ઉલટુંજ કેટલેક સ્થળે જણાય છે. વળી તેમાં પુરૂષો કરતાં સ્ત્રીઓના વર્ત્તન તરફ દૃષ્ટિ કરતાં તો કંપારી છુટે છે. કારણ કે હજુ કેટલીક બાળાઓ આપણા ડોશી શાસ્ત્રોનાં કઢંગા રિવાજ મુજબ **બાળલગ્નના** કેદખાનામાં પડી સડયાં કરે છે છતાં તેમનાં માતપિતા રંક બાળકીઓ માટે કાંઇ પણ વિચાર કરતાજ નથી. અને કહે છે કે-"જયારે અમારૂ છોકરૂં ઘોડીયામાંથી ન ઝડપાય ત્યારે અમે કુળવાન કહેવાઇએ નહીં, એટલે અમારૂ નાનુંજ બાળક ઘોડીઆમાં રમતું હોય તે સ્થિતિમાં તેનું સગપણ થવું જોઇએ. જો તે પ્રમાણે ન થાય તો અમે અપ્રતિષ્ટિત, હીણકમાઉ, અકુળવાન, અને ગેરઆબરૂદાર, જ્ઞાતિમાં ગણાઇ જઇએ. માટે બાળલગ્ન કરવું એ તો અમારા પરાપૂર્વેનો રિવાજ છે! બાળલગ્નથી સારા ફળ થાય છે! છોકરાને ઝટપટ પરણાવી દેવામાં આબરૂ છે! એ લ્હાવો

સંસારમાં ઉત્તમ પ્રકારે મેળવવો કઠિણ છે ! માટે તમે આજકાલના યુવકો એમાં શું સમજો ! તમે અમને ગમે તેટલા સુધારાના શિક્ષણના વચનોના પ્રહાર કરો પણ અમે સુધરવાનાજ નથી '! બંધુઓ ! કેવા ઉત્તમ વાક્યો ઉચરાય છે. બાળપણમાં કુમળા હૃદયની બાળકીઓના સ્વભાવ વગેરે જાણ્યા સિવાય, તે ઉત્તમ કુળમાં અને જ્ઞાતિમાં પ્રગટ થયા છતાં લગ્ન જેવું આખી જીંદગીનું સુખ નહિ જોતાં એક પળમાં મોગરાના ફુલને મચડી નાંખી અણુસમજુપણે નાશ કરવા રૂપ કાર્ય કરવામાં આવે અથવા તો નાજુક હૃદયની બાળાઓને ઝાલી ઝાલીને આવા ભયંકર સુખને બદલે દુઃખ રૂપ કુવામાં નાંખવામાં આવે, "યા લાકડે માકડું વ. ળગાડી" ખોટી રીતે માતપિતાના ધર્મમાંથી છુટા થવા મહેનત કરે, એને આબરૂ, પ્રતિષ્ટા, કુળવાનપણુ માને; એ કાર્યને અને તેવા સજ્જનોને આપણે ઉત્તમ આબરૂદાર ગણવા કે નહી ? તે વાંચકજનના વિચારમાં સોપવું યોગ્ય ધારૂ છું. ઘણુંખરૂ જુના માણસોની પ્રકૃતી એવી હોય છે કે જેમ બને તેમ છોકરાંઓને પરણાવી ઘર ભેગાં કરી દેવાં, અને તેમના લગ્નનો લ્હાવો લેવો, એટલે સર્વ સંસાર સફળ થયો. કારણ કે વખતે છોકરો કુંવારો રહી જાય અથવા પોતાનું મરણ જલ્દી થાય તો પછી જાણે આપણે લગ્નના લ્હાવાવિના ભાગ્યહિન રહી જઇએ એમ ધારી તેઓ એ કાર્ય કરવા તલપી રહેલા હોય છે. વાંચકો ! લગ્ન એ કાંઇ એક જાતની નાનાં બાળકની રમત નથી કે જેથી તે ગમે તેમ રીતે વેઠ કાઢવી જોઇએ. મનુષ્યની આખી જીદંગીનો આધાર લગ્નપરજ છે અને તેમાં તેનું સઘળું ભવિષ્ય રહેલું છે. માટે જે લોકો પોતાના બાળકોનું શુભ ઇચ્છતા હોય તેવા માબાપે આ કામ સાહસ કરવાનું નથી, પણ શાન્તિ સાથે ધીરજથી પૂર્ણ વિચાર

કરી કરવું ઉત્તમ છે. જો તે વિરૂદ્ધ આવા મહત્વના કામમાં સહસા વિચાર કરવામાં આવે તો તેથી ઘણા લગ્નો, અયોગ્ય, કજોડાવાળાં, અને આખો ભવ દુ:ખ ભોગવનારાં થાય છે. વળી પરણ્યાં પછી કજોડું થાય, વીર્ય રહિત થાય. શક્તિ, તંદુરસ્તી નાબુદ થાય, જીંદગી ટુંકી થાય તથા નવીન થનારી પ્રજા કૌવત હિન થાય, કુટુંબવાર ક્લેશ ઉત્પન્ન થાય. તથા બાળક ચંચળ બુદ્ધિશાળી હોય તેને પોતાનો અભ્યાસ છોડી સંસારમાં પડવું પડે તેથી જીંદગી પશુતુલ્ય નાહક વહી જાય, ને દેશની પણ પાયમાલી થઇ જાય. આથી અંતે તેવાં બાળકો નાહક શ્રવણ ન થઇ શકે તેવી ગાળો આપી ધિક્કાર આપે, એ સિવાય બીજા મિષ્ટ (કડવાં) ફળ મળી શકે નહીં; માટે એવાં કડવાં ફળોને છોડી દઇ શાસ્ત્રકારો અને મોટા વિદ્વાનોએ રચેલા નિયમો પ્રમાણે લગ્ન સરખાં મહત્કાર્યને નાટક તુલ્ય નહી ભજવતાં તથા ખોટી મશ્કરી રૂપ કાર્ય નહીં કરતાં, પૂર્ણ રીતે ધર્મશાસ્ત્રો વગેરેથી માહિતી મેળવી લગ્ન કરવાં ખંત રાખવામાં આવે તો પોતાનું અને બાળકોનું ભવિષ્ય સારૂ નીવડશે.

મિ. પાધ્યેએ સાંસારિક દશમા મહામંડળમાં બોલતી વખતે જણાવ્યું હતું કે બાળલગ્નના નિષેધ સંબધની દરખાસ્ત મે. બોયલ ચંદ્રસેન જેવા પ્રખ્યાત દાક્તર મુકે છે ને જણાવે છે કે–બાળલગ્નથી લોકોની તંદુરસ્તી અને શક્તિને અત્યંત નુકશાન થતું હોવાથી તેને પાશ્ચાત્ય વૈદ્યક વિદ્યા ધિક્કારે છે.

સુશ્રુત અને વાગ્ભટ એ વૈદિકવિદ્યાના જાણીતા ગ્રંથોપરથી કન્યાને ૧૬ મે વર્ષે પરણવાનું ને સંસાર માંડવાનું કહે છે.

બાળલગ્નો કરવાથી જીદંગી ટૂંકી થઇ જાય છે અથવા

તો એવાં થયેલા લગ્નોના જોડામાંથી પુરૂપ અગર સ્ત્રીઓ નાની વયો વગેરેમાં મૃત્યુ પામે, અગર લંગડા, લૂલાં, આંધળાં બ્હેરાં થાય છે તેથી દરેકને મહા દુ:ખ ભોગવવું પડે, અને પોતાનું પોપણ કરવું પણ મુસ્કેલ થઇ પડે એમાં નવાઇ નથી. આવા કારણોથી પછી રંડાપાનો પગ પેસારો થાય અને તેથી વિધવાઓને ઘણું ખમવું પડે, તેથી માત્ર નામનુંજ "વિધવા" પણું દેખાડી વિધાવા સ્ત્રીઓના પાળવાના મુખ્યો ધર્મો તરફ દીર્ઘદૃષ્ટિ નહી કરતાં અણગમો બતાવી મનેચ્છા પ્રમાણે વર્ત્તવા પ્રયત્ન કરે છે. આથી વ્યભિચાર રૂપી દુર્ગણોનો વધારો એટલો બધો થાય છે કે તે કાને શ્રવણુ પણ થઇ શકે નહી. વધુમાં આ વિપય માટે ઘણા પુસ્તકો સારા વિદ્વાનોએ લખ્યા છે તે જોવાથી ખાત્રી થશે.

આ લોકપ્રિય થઇ પડેલો બાળલગ્નનો રિવાજ અને તેથી થતાં ગેરફાયદાઓનો ખ્યાલ પૂર્ણ રીતે **વડોદરા રાજ્યના નામદાર શ્રીમંત સરકાર ગાયકવાડ સેના ખાસ ખેલ શમશેર બહાદુર સાહેબના ધ્યાનમાં** આવવાથી પ્રજાને થતું નુકશાન અટકાવવા માટે તેઓ નામદાર સાહેબે પૂર્ણ કૃપા દૃષ્ટિ કરી પોતાના રાજ્યમાંની પ્રજાને બાળલગ્ન નહી કરવા માટે **"બાળલગ્ન પ્રતિબંધ"** નો કાયદો પોતાની રૈયતને સુખી કરવા માટે ખાસ પ્રસાર કર્યો છે તે યોગ્ય છે. તેથી આ સ્થળે તેઓ નામદાર સાહેબનો અંતઃકરણપૂર્વક આભાર પૂર્ણ રીતે માનવામાં આવે છે.

**કન્યાવિક્રયનો** પણ એક કુચાલ વધુ આગળ પડતો થઇ પડયો છે કે જે બાળકોની જીંદગીનું સત્યાનાશ વાળે છે. કેટલાક અજ્ઞાન માબાપો પોતાની ઉછરતી કુમળી બાળકીઓને સુખ આપવાને બદલે તેને જન્મારા સુધી

દુ:ખમાં નાંખે છે પણ તેઓ વિચાર કરતા નથી કે મારી બાળકીની કેટલી ઉમ્મર છે! તેની ઇચ્છા કોના તરફ છે તેના લાયક પતિ કોણ પસંદ કરવા જેવો છે! તે શી રીતે સુખી થશે અને તે સુખી થયાથી મને ધન્યવાદ શી રીતે આપશે! આવા સુવિચારો તો સ્વપ્ને પણ કરતાં નથી. માત્ર અજ્ઞાનતાના અંધારામાં રહેલાં ભિણકમાઉ માફક પોતાનાં સ્વાર્થ ખાતર સારાસારના વિચારો એક બાજુ મુકી "વૃદ્ધને જવાનનું" યા આંધળે બહેરૂં જોડું ઠોકી બેસાડી પુરતાં નાણાં મેળવવાની ખાતર, ઘરડાં, આંધળાં, અગર મરજીરૂપ પુરૂષો સાથે બાળકીઓની મરજી વિરૂદ્ધ લગ્ન કરવાનો અધમ પ્રયત્ન કરે છે તેથી તે જોડું સુખી ન થતાં દુ:ખી થઇ માતપિતાને હડહડતી કાને શ્રવણ ન થઇ શકે તેવી ગાળોના શ્રાપ દે છે! આવાં લગ્નોથી બા. ળકીઓના સૌભાગ્યનો ટુંક સમયમાં અંત આવે છે. અને તેથી અનાચારના દુષ્ટ કૃત્યો ઘણા દૃષ્ટિગોચર થાય છે આથી આબરૂદારો, કુળવાનો વગેરે હોય છે તેમને છેવટ નીચું જોવાનો પ્રસંગ આવે એ દેખીતું છે. જ્યારે આ પ્રમાણે તેના ફળ મળે છે ત્યારે એવા બાળલગ્ન અને કન્યાવિક્રય કરનારાઓને શી ઉપમાં આ સ્થળે આપવી તે સમજી શકાતું નથી.

કેટલાક માબાપો તો પોતાની બાળકીઓને ઘણી મ્હોટી કરે છે અને પછી "એઠી છાશ ઉકરડે ઢોળી દેવા" જેવું કરી પોતાનો સ્વાર્થ સાધી કન્યાનો ભવ બાળી સુખનું સત્યાનાશ વાળે છે. ખરેખર! નાણાં ન હોય તો "કંકુને કન્યા આપવી" એ સમાન બીજું એક પણ ઉત્તમ નથી, છતાં તે વિચારને અલગ કરી આવા કન્યાવિક્રયમાં પૈસા મેળવવા એ કન્યાને વેચવા સમાન છે; વળી એવાં

મેળવેલા નાણાં વિષ્ટા સમાન ગણવા શાસ્ત્રાકારો અને વિદ્વાનો પોતાની કલમોથી ઘણું લખી રહ્યા છે. તોપણ હજુ તેમાં પુરતો સુધારો થયેલો જણાતો નથી. આવાં નાણા મેળવવા કરતાં ભુખ્યા રહી જીંદગી ગાળવી એ સારી પણ પોતાનીજ બાળકીને એ પ્રમાણે પોતે વેચવી એ કાર્ય અધમ છે. અને તે વળી પોતાના ભાઇભાંડું, સગાવહાલાં, વગેરે લોકોની સમક્ષ ધોળા સફેદ સ્વચ્છ સુશોભિત વસ્ત્રો પહેરી, ખોટી રીતે ટુંક સમય માટે ખુશ થઇ એ કાર્ય કરવા મશ્ગુલ બની રહેવું, અને તે માટે ઇશ્વરનો ડર નહી રાખતાં તેનાં નિયમોને તોડી પોતાના અઘટિત સ્વાર્થ માટે પ્રયત્ન કરવો એ અજ્ઞાનતા ભરેલું છે. ખરેખર! એવા જન્નોને આ સ્થળે આપણે શી ઉપમા આપી કહેવું જોઇએ તે વાંચક વીચારશે. + +

આવાં કાર્યો થવાથી કન્યાની મોટી અછત થઇ જાય છે તેથી કદાચ પછી પૈસાદારો તો પૈસા આપીને પણ પરણે છે, પણ સામાન્ય પંક્તિના, અને રંકજનોને આથી કુંવારા રહેવાનો વધુ પ્રસંગ આવે છે. એટલે કન્યાના બાપને મોં માગ્યા પૈસા આપવા પડે છે. પરંતુ આ બે વર્ગના માણસો પાસે પુરતા પૈસા ન હોય તેથી તેઓ કરજ કરીને, ઘરબાર વેચીને પણ પરણવાની લાલસા, આબરૂની ખાતર કદાપી પુરી કરે છે. એટલે " લાહી લોહીને વરઘોડે ચઢયા " જેવું થાય છે. પછી ભાઇ પરણ્યા તો ખરા પણ એ જોડાંને પોતાનું પોષણ કરવું મુસ્કેલ થઇ પડે છે, ને તેથી જીંદગી દુઃખમય કાઢવી પડે છે. નાણાંનો સવડ જેનાથી થઇ શકે તેવાજ માણસો ઉપર મુજબ પરણે છે પણ કાંઇ બધા પરણતા નથી; તેથી કુંવારાની સંખ્યા વધતી જાય છે. આથી કેટલાક ઘરોના માણસો નિર્વંશ મૃત્યુને સ્વાધીન થઇ જાય

છે તેથી જ્ઞાતિમાં સંખ્યા દિવસે દિવસે ઓછી થતી જાય છે. એટલે જ્ઞાતિના લોકોમાં નાસભાગ થવાનો પ્રસંગ આવે એ દેખીતું છે. આ સિવાય કન્યાવિક્રયને માટે જેટલું લખીએ તેટલું ઓછું છે. પરંતુ તેમાં વધુ વખત ગત નહી કરતાં છેવટ એટલું જણાવવું પડે છે કે વિવાહ આઠ પ્રકારના છે. તેમાંના ત્રણ જાતના વિવાહિ ધર્મ અથવા શાસ્ત્રપૂર્વક મનુએ ગણ્યા છે. • પ્રાજાપ્રત્ય, ગાંધર્વ અને રાક્ષસ જાતના વિવાહ. ધર્મ, વિવાહ સામાન્ય રીતે ચારે વર્ણને યોગ્ય માન્યા છે. આસુર અને પૈશાચ વિવાહને અધર્મ્ય ગણી તે કોઇ વખત કરવા નહીં જોઇએ એમ મનુ કહે છે. ધર્મ વિવાહ એ પ્રાજાપત્ય મુખ્ય અને ઉત્તમ વિવાહ છે, એમાં "બંને જણાં તમે તમારો ધર્મ પાળો" એવું એક વચન કહી વરકન્યાની પૂજા કરી વરને કન્યા આ- પવાની છે. સાધારણ રીતે આપણે વહીવટ પ્રમાણે કંકુ ને કન્યા આપીએ છીએ તે આ વિવાહ છે. કન્યાના પૈસા લેવાનું માત્ર આસુર વિવાહ, જે અધર્મ ગણાય છે તેમાં કહ્યું છે કે કન્યાના પૈસા લેવા એ અધર્મ વિવાહ ગણ્યો છે.

મુંબઇ, સુરત, ભરૂચ, દમણ તરફ જોતાં કાંઇક કેળવણીનો પ્રચાર વધવાથી આ લગ્નો પ્રથમ કરતાં કાંઇક અંશે કદાચ કમી થયાં હશે એમ કેટલાકનું માનવું છે પરંતુ ખરી રીતે જોતાં તો કેળવણીનો બહોળો ફેલાવો થયા છતાં પણ હજુ એ રિવાજને પૂર્ણરીતે બંધ થયા નથી એમ દૃષ્ટિ કરતાં જણાય છે. હું ધારૂં છું કે ગુજરાતના ઘણા ભાગોમાં ઘણા લોકો સારા સુધર્યા હશે એમ કદાચ માનીએ તોપણ હજી તેના પચાસ ટકા કન્યાઓની અછતના પ્રમાણમાં સુજ્ઞ વિચાર કરી તે રીવાજને બંધ કરવા માટે એકમત થયેલા નથી એમ અનુમાન

થાય છે. ઉપરના બનાવો બનવાનું કારણ **સ્ત્રીઓનું કેળવણીમાં પછાતપણું** છે. જ્યાં કેળવણી નથી, ત્યાં ધર્મ આચાર વિચાર નથી, તેમ સુખશાંતિ કે સંતોષ નથી. કેટલાક કહે છે કે સ્ત્રીઓને કેળવણી આપવાની જરૂર નથી. કારણ કે તેઓને ક્યાં રળવા જવું છે ? એના જવાબમાં કહેવાનું એજ કે સંસારનો સઘળો આધાર સ્ત્રી ઉપર છે અને તે સંસારરૂપી નાટકની નટી તરીકે છે. સંસાર સુખરૂપ કે દુઃખ રૂપ સ્ત્રીઓવડે નીવડે છે. એક કવિ લખે છે કે–"આ સાર વગરના સંસારમાં **સારી સ્ત્રી** એજ સાર છે" માટે આર્ય લોકોમાં **સ્ત્રીઓની પ્રતિષ્ટા** પરાપૂર્વથી ચાલી આવે છે. તે વિષે દત્ત સાહેબ પ્રાચીન ભરત નામના પુસ્તકમાં લખે છે કે, સુશિક્ષીત સ્ત્રીઓનાં ચિત્ર આપણને વધારે સુખકર લાગે છે એ સ્ત્રીઓ પોતેજ ઋષી હતી અને પુરૂષવર્ગની માફક યજ્ઞક્રિયાઓ કરતી. વળી હજારો વર્ષોથી ચાલતું આવતું સુશિક્ષિત સ્ત્રી વિશ્વાધારાનું ચિત્ર, કે જે જોવાથી હજુ આપણે આનંદ પામીએ છીએ. બીજી તરફ દૃષ્ટિ કરીએ તો સાવધાન ઉદ્યોગીશીલ ગૃહપત્નીઓ ગૃહવ્યવસ્થાની સંભાળ રાખતી, ઊષાની માફક સર્વને જાગ્રત કરતી, વગેરે સદ્‌ગુણોમાં હિંદુ પત્નિઓ પ્રાચીનના વખતથી આજ સુધી વખણાએલી છે. પ્રાચીન સમયમાં પિતાઓ પોતાની દીકરીઓને માટે સ્વામી પસંદ કરવામાં પોતાનો ડહાપણ ભરેલો અધિકાર રાખતા. અને સાંપ્રત કાળની માફક પોતાની કન્યાઓને સુંદર રીતે અલંકૃત કરી, અને સુવર્ણાલંકારથી વિભુષિત કરી તેનું દાન કરતાં એથી સ્ત્રીઓ માનવંત દશા ભોગવતી ન તેઓ મોટીમોટી સભાઓમાં જતી ત્યાં તેમને અતિ માન મળતું. જુઓને–**ગાર્ગી** અને **મૈત્રેયી** જેવી સ્ત્રીઓ ગુહ્યજ્ઞાન ગ્રહણ કરી પ્રતિષ્ટા પામીઓ છે. વળી સીતાજી અને દમયંતી જેવી

સ્ત્રીઓને મહા દુઃખ પડયા છતાં તેઓ પોતાના પાતિવ્રત્ય, ધૈર્ય પ્યાર, ચતુરાઇ જેવા સદ્દગૂણોને ધારણ કરી રહ્યાં હતાં એ કાંઇ ઓછું નથી. તો પછી સ્ત્રી પુરૂષનો આ સંસારપર એક સરખોજ હક્ક છે. એમ કહેવાને બાધ નથી.

સંસાર સ્ત્રી ને પુરૂષ બંન્નેથીજ ચાલે છે એક જણથી તેમાં ફાવી શકાતું નથી માટે સ્ત્રી અને પુરૂષ વચ્ચે જે હાલ ઉચ્ચ અને નીચ ભેદ છે તે તોડવો એ આપણી પ્રથમ ફરજ છે. કહેવત છે કે **ગોળ વીનાનો કંસાર નહી અને સ્ત્રી વીનાનો સંસાર નહી.** એ મુજબ છે. વળી સ્ત્રી અને પુરૂષ એકજ સ્થળેથી એકનીજ આજ્ઞાથી આ પૃથ્વીપર જન્મેલા છે તે બન્નેને અંતે જવાનો રસ્તો, તથા સ્થળ એકજ છે. તેથી એમાં ઉપરનો ભેદ સમજવો એ શિક્ષણતાનું ભૂષણ નથી. કારણકે શાસ્ત્રકારો કહે છે કે દરેક જીવે ( સ્ત્રી કે પુરૂષે ) ક્ષણેક્ષણે પોતાનું ચિત્ત મહાન્ પરમાત્માના ચર્ણાવિંદમાં લગાડવું જોઇએ. આ મનુષ્ય દેહની ઇંદ્રિઓ ભગવાનમાં વિનીયોગ ન થાય તો એ દેહ વૃથા જાય છે. આવી અનુપમ દુર્લભ દેહ ઉત્તમ ભગવદ્દકાર્યમાં સનિધાન થવા માટે શ્રીમદ્દભાગવતના એકાદશમા સ્કંધમાં રાજા જનક વિદેહી પ્રત્યે કહ્યું છે કે—

**दुर्लभो मानुषो देहो, देहिनां क्षणभंगुरः ।**
**तत्रापि दुलभं मन्ये वैकुंठ प्रिय दर्शनम् ॥**

વળી વિશેષમાં શ્રી પ્રલ્હાદજીએ ઉત્સાહપૂર્વક જણાવ્યું છે કે-**कौमार्य आचरेत्प्राज्ञो धर्मान् भागवतानिह ।** ઇત્યાદિ વચનોથીજ જણાય છે કે મનુષ્ય દેહ મહા દુર્લભ છે। તે ક્ષણમાં નાશવંત છે। તેથી દરેક જીવો જો પ્રથમ કર્ત્તવ્ય, શ્રી ભગવાનના દર્શન અને સેવા એ પરમશ્રેયસ્કર જાણી તો તે કાર્ય ઉત્તમ અને શ્રેષ્ટ છે. આ ભગવદ્દ ધર્મ

કામાર્યવસ્થામાંજ કરવો યોગ્ય છે. સ્ત્રી કે પુરૂષના દરેક જીવો ને આત્મામાં જેવો સ્નેહ રહેલો છે તેવો બીજે કોઇ પણ સ્થળે હોતો નથી, એટલે જે જીવોને વિષે આત્મા તે ગુપ્ત ભગવાન રૂપ છે માટે એવાં અંતર્યામી ભગવાનને ક્ષણેક્ષણે ભજનાર જીવ અંતે મુક્તિને પામે છે એમ ધર્મશાસ્ત્રો કહે છે. તો પછી પુરૂષ કરતાં સ્ત્રીનો હક્ક ઓછો છે અથવા પુરૂષ ઉચ્ચ અને સ્ત્રી નીચ છે એ માનવું ખોટું છે. દરેક જીવ (સ્ત્રી પુરૂષ) ને આ જગતમાં પોતાનું કર્ત્તવ્ય એક સરખી રીતે કરવાનું છે.

સ્ત્રીઓથી જ સંસારનું રહસ્ય જણાય છે. નાનું બાળક પુરૂષ કરતાં સ્ત્રીઓના સહેવાસમાં વધુવાર રહી ઉછરે છે તેથી તે પ્રથમ માતાને ઓળખે છે. વળી બાળકની જીંદગીનો આધાર પણ ઘણો ખરો માતા પર છે માટે બાળકો ભવિષ્યમાં સારાં નીવડે તે અર્થે દરેક સ્ત્રીઓને સુશિક્ષણ આપી ઉત્તમ બનાવવી એ ખાસ પુરૂષની ફરજ છે. કહ્યું છે કે **"બાપ જેવા બેટા અને મા જેવી દીકરી"** એ કથન મુજબ નાનું બાળક માતપિતાના સહવાસમાં હરહમેશ રહે છે તેથી તે બાળક તેમને માતપિતા તરીકે ઓળખે છે. કુમળા હૃદયનાં છોડરૂપ બાળક માતાની પાસે વધુ વખત રહે છે અને પિતાની પાસે પણ એથી ઓછો વખત રહી શકે છે એટલે બાળકો માતપિતાના અનુકરણ કરે છે માટે તેમણે બન્નેએ પોતાનું વર્ત્તન સુધારવું જરૂરનું છે.

બાળકને પિતા કરતાં માતાપર મમતા સારી હોય છે કારણ કે તે હમેશાં તેણીની પાસે રહીને ઉછરે છે. માટે વિશેષ તો જરૂરનું એજ કે સંસારનું ખરૂ સુખ મેળવવું હોય તો, ને પોતાની પ્રજાને સુખી કરવા ઇચ્છતા હો તો પ્રથમ સ્ત્રીઓને સુઘડ કેળવણીવાળી સુશિક્ષણ અને વિવેકી

બનાવવી જોઇએ. એ વિષે મી. નેપોલિયને કહ્યું છે કેઃ—

કહે નેપોલિયન દેશને, કરવા આબાદાન;
સરસ રીત તો એજ કે, **દો માતાને જ્ઞાન.**

બાળકને જેવી સોબત તેવી અસર તરતજ થાય છે. જો તેઓ વિવેકી તથા કુલીન માણસોના સહેવાસમાં રહે તો તે તેવુંજ નીવડે છે અને જો છાકટા, વ્યસની, ગંજેરી, ગમારની સોબતમાં રહે તો તેવા જ નિવડે એમાં સંદેહ નથી. બાળકો લાયક ઉમરના થાય ત્યારે તેમને શારીરિક, માનસિક, નૈતિક તથા ધાર્મિક કેળવણી આપવી જોઇએ. આ વિષય પૂર્ણ પણે જાણવા માટે ઘણા પુસ્તકો લખાયલા છે તેથી તેને આ સ્થળે લંબાવી વાંચનારને કંટાળો આવવો એ રાસ્ત ધાર્યું નથી. પરંતુ એટલું તો ખરૂજ કે બાળકો યોગ્ય ઉમ્મરના થાય એટલે પ્રથમ તેમને અંગ કસરતનો શોખ વધારી શારીરિક કેળવણી આપવી જોઇએ. તથા યોગ્ય ઉમરનો થયે તેને ગુજરાતી, ઇંગ્રેજી વગેરે ભિન્નભિન્ન પ્રકારનું સારૂ જ્ઞાન અપાવવું જોઇએ. જેણે વિદ્યા સંપાદન કરી નથી, જેણે જ્ઞાન મેળવ્યું નથી કે સદાચાર, સ્વધર્મ પાળ્યો નથી યા સદ્‌ગુણ સંપાદન કર્યા નથી, તેવાં સઘળાં મનુષ્યો આ ભૂમિપર તદન ભારરૂપ છે. અને તે મનુષ્યોના રૂપમાં મૃગોની માફક આ ભૂમિમાં ફર્યા કરે છે. જેમ મૃગોનો શિકાર રાજા કરે છે તેમ અજ્ઞાન મનુષ્યરૂપી મૃગોનો શિકાર દવિજનો કરે છે માટે વિદ્યા ગમે તેમ કરીને સંપાદન કરી કેળવણીનો પૂર્ણ લાભ દરેક સ્ત્રી પુરૂષોએ મેળવવા ઇચ્છા રાખવી એટલે સુશિક્ષણ પ્રાપ્ત કરનારને અંતે સ્પષ્ટ રીતે સમજાશે કે પૂર્વે આપણે સઘળાંઓ એવાં ચોકસ કર્મો કરેલાં હોવા જોઇએ કે તે ભોગવવા માટે આપણે બધાએ અમુક ન્યાતીમાં

જન્મ લીધા છે અને એ કર્મો જ્યાં સુધી ભોગવાય નહીં ત્યાંસુધી આપણે આપણી જ્ઞાતિના પૂર્ણ દેવાદાર છીએ. દરેકજને પોતાની જ્ઞાતિની ઉન્નતિ કરવા પ્રયત્ન કરવો એ આપણું મુખ્ય કર્તવ્ય છે, છતાં જો તે વિરૂદ્ધ વર્તન થાય તો ખરેખર આપણે જ આપણી જીંદગીનો નાશ કર્ત્તા છીએ એમ થાય છે. એટલે જો સ્ત્રીઓ અને પુરૂષોને જીંદગી સફળ કરવા, અને સંસારનું ખરૂં સુખ અનુભવવા, જ્ઞાતિનું હિત કરવા અને આ ભવસાગર તરવા, ઇચ્છા હોય તો પાઠશાળો, જ્ઞાતિના અનાથ બાળકાશ્રમો, ધર્મની જ્ઞાનશાળાઓ, કસરતશાળાઓ, સંગીત શાળાઓ, હાઇ સ્કુલો વગેરે નવીન ઉઘાડી, અથવા જે એવી રીતે સ્થપાયલી છે તેનો પૂર્ણ લાભ દરેક સ્ત્રી પુરૂષે પૂર્ણપણે લેઇ ઉંચ કેળવણી સંપાદન કરવા પ્રયત્ન કરવો અને બીજાને કરાવવો; એટલે આપણો ધર્મ શું છે તે સમજી શકાય, અને દયા, ક્ષમા, પરોપકાર, ઉદારતા, દીનતા વગેરેના સદ્‌ગૂણોનુ દર્શન પણ થાય તો પછી ગમે તેવા મહત્ કાર્યો કરવામાં પુરૂષની સાથેજ સ્ત્રીઓ ધર્મશાસ્ત્રો મુજબ ભાગ લેઇ સંસારરૂપી ભવસાગરને તરી જઇ વિજય વાવટો ફરકાવી પોતાનો જન્મ કૃત્ય કૃત્ય કરે ! !

# કોન્ફરન્સ.

## શ્રીમંતો અને વિદ્વાનોને વિજ્ઞપ્તિ.

(આવજો આવજો આવજોરે.)

ભરાવજો ભરાવજો ભરાવજોરે, **લાડબન્ધુનું** મંડળ ભરાવજો;
વિદ્યા વિષયો ચર્ચાવજોરે, લાડ.
સંપવણેનોપાઠ બહુ હોંસે ભણાવજો, પ્રેમ પરિક્ષા નિહાળશોરે. લાડ.
રૂઢીનોભાર સ્કંધે વહોછો, તોડીને સુખ સંપડાવજોરે. લાડ.
અરીણી પેઠે શાને ઉંઘમાં ઘોરો, ફુંકીને શંખ જગાડશોરે. લાડ.
ભિન્નભિન્ન જ્ઞાતિનાં મંડળ ભરાતાં, જોઇને મન લલચાવશોરે. લાડ.
સુંદર સ્થળે **લાડમંડળ** ભર્યાથી, ઓળખ પરસ્પર કરાવશોરે. લાડ.
વિધવિધ મઝાઓ અલગ કરીને, જ્ઞાતિનું હિત કાંઇ ધરાવશોરે લાડ.

આ પુસ્તક હવે સમાપ્ત કરતા અંતે જ્ઞાતિના હિત ખાતર મારે જણાવવું જોઇએ કે લાડ કોમ શ્રેષ્ટ છતાં પણ તેની ઉંન્નતિ યા ઉજવળતા કાંઇ જ દૃષ્ટિગોચર થતી નથી. જુઓને બીજી ન્યાતોનું હીત કેવું સંભળાય છે આજ તો જૈન કોનફરન્સ, કાલે લુહાણા કોનફ્રન્સ એમ એકેકપર એકેક જ્ઞાતિકોન્ફરન્સ એકજ સ્થળે દેશો દેશના સ્વજ્ઞાતિના લોકોથી ભરાઇ વિદ્વતાની ને જ્ઞાતિના હિતની વૃદ્ધિ કરતાં જાય છે, તેથી દેશપરદેશ એ જ્ઞાતિના લોકો પોતાના ગામે કોન્ફરન્સ ભરાવવા માગણીઓ કરે જાય છે ને કહે છે કે આ વર્ષે મુંબઇ ભરાઇ, તો આવતે વર્ષે સુરત ભરૂચ ભરાની જોઇએ કેવા ઉંચ વિચારો ઉત્સાહીને જ્ઞાતિ હિતાર્થ છે ખરેખર ! એવા સજ્જનોને ધન્યવાદ આપીએ તો કાંઇ ઓછું નથી. જ્યારે એક બાજુ જ્ઞાતિહિતનું કર્તવ્ય ચાલે છે; ત્યારે બીજી બાજુ આ શ્રેષ્ટ લાડ કોમમાં

ઘણા સદ્દગૃહસ્થો અને વિદ્વાનો હોવા છતાં તે કોમ પાછળ પડતી જાય છે તેથી જ્ઞાતિબંધુઓનું હિત સચવાતું નથી

લાડકોમ માટે વિચારતાં હાલમાં માત્ર ભરૂચમાં દસા લાડના હિતાર્થે એક મંડળ તા. ૧૫-૧૨-૦૭ ના રોજ સ્થાપવામાં આવ્યું છે. આ મંડળ જ્ઞાતિમાં વિદ્યા, હુન્નર, સ્વધર્મ, આચારવિચાર, લગ્ન, મરણાદિ પ્રસંગોએ બ્હોળા હાથે થતાં બીનજરૂરી ખર્ચો કમી કરવાં, અને અનર્થકારક રીવાજો નાબુદ કરવા, જ્ઞાતિના નિરાધાર બાળકોને અનવસ્ત્રાદિ ને કેળવણી હુન્નરનું શિક્ષણ આપવા, તથા ટુંકામાં જ્ઞાતિની ચઢતી કરવાના શુભ અને ઉંચ હેતું માટે સ્થાપેલું છે તે ખુશ થવા સરખું છે. વળી એ મંડળ ખાતેથી એક માસિક પત્રિકા નીકળે છે, આ પત્રિકાના સંવત ૧૯૬૭ના પુસ્તક બીજાના પહેલા અંકમાં **લાડ બંધુઓની કોન્ફરન્સ** ભરવા પ્રયત્નો કરવાના વિચાર ઇસારારૂપ નીચે મુજબ દર્શાવ્યા છે—

## કોન્ફરન્સ ભરવા સબંધી.

રાહ. (બુટ્ટી પીલાકે હુન્નય ગયો કોઈ મને.)

જ્ઞાતિનું હિત ધારે વીરલાઓ જે હૃદયે,
શ્રીહરિ સદાયે રહેશે તેની, રે મદદે;— જ્ઞાતિનું.

જ્ઞાતિ ઐકયતાના સુવિચારો, પ્રકટાવે પ્રભુ ઉર;
જુના રીત રિવાજો નડતા, કંટક જેવા શુળ;
પ્રભુ પણ કરો તેહ સૌ દૂર;—જ્ઞાતિનું.

અન્ય કોમમાં મળતી જોઇએ, **કોન્ફરન્સ** જ્યાં ત્યાં;
લાડ કોમના નેતાઓ કેમ, ઘોરો નિંદ્રામાં;
ઐકયતાનું ખરૂ સાધન આ;—જ્ઞાતિનું.

માતૃભાવ વધવાના, શુભ ચિન્હો તેમાં દેખાય;
સ્વાનંદે હળીમળી રહેતાં જોઇ, પ્રભુ પણ પ્રસન્ન થાય
પછી ખરી ઐકયતાજ કહેવાય;—જ્ઞાતિનું.
**લાડવણીકો** ભેગા મળી, કરે પરસ્પર વિવાહ;
વિચારની અદલાબદલીમાં, મળશેકંઇ શુભસાર,
જેમાં જ્ઞાતિ ઐકય સંધાય;—જ્ઞાતિનું.
લાડ બન્ધુને વિજ્ઞપ્તિ, કેમ સુતાં હજી ઝોકો,
નિંદ્રા ત્યજી દો કુંભકરણની, પડી રહી છે પોકો,
હવે બસ ધારે મોકો;—જ્ઞાતિનું.

ઉપરના ઉચ્ચ અને શુભ ઉદ્‌ગારો જોતાં ખરખર ! તે જ્ઞાતિ હિતાર્થના અને ઉજ્વળતાના છે, એ આનંદની વાત છે. પરંતુ એ વિચાર હજુ અજવાળામાં આવ્યો નથી તેમ તે માટે કાંઇ હિલચાલ પણ જણાતી નથી. તેથી કદાચ રખેને એ વિચાર કાંઇ આપણા ડોશી શાસ્ત્રોના એકમતીલા લોકોએ હવામાં ઉરાડી દીધો હોય! યા તો તે કોઇ અંધારા ખૂણા ખોચરામાં રાખી મુકયા હોય! ભલે ને એમ હોય તોપણ શું! હવે તેઓ કાંઇ યુગના યુગ તો કાઢવાના નથીજને. જેમજેમ શિક્ષણનો પ્રચાર વધતો જશે તેમતેમ તેઓ જ્ઞાનના તેજથી અંજાઇ આપોઆપ અંધારા ખૂણામાં ખસતા જશે. એટલે પછી તેમનું કાંઇજ ચાલવાનું નથી.

વણીક જ્ઞાતિઓ તરફ દૃષ્ટિ કરતાં હાલમાં પ્રથમજ જ્ઞાતિ ઉન્નતિ માટે જાનેવારી સને ૧૯૧૧ માં **દશાદીશાવાળ**ની એક મોટી કોન્ફરન્સ અમદાવાદ મુકામે જ્ઞાતિહિતાર્થે હિતચિંતક વિદ્વાનો અને સદ્‌ગૃહસ્થોએ એક મત થઇ ભરી હતી તેમાં જુદા જુદા જ્ઞાતિ હિતાર્થે વિષયો ચર્ચાગ્યા હતા. એ વણીક જ્ઞાતિની ઉન્નતીનું ઉજવળતા ભરેલું પ્રથમ પગથીયું રચેલું જાણી ઘણા ખુશી થવાની જરૂર છે.

મારા આ પુસ્તકની ખબર થતાંજ કેટલાક દેશ પરદેશના જ્ઞાતિ હિતાર્થી લોકો લાડ જ્ઞાતીની કોન્ફરન્સ થવા માટે વારંવાર પોતાના હૃદયઃપૂર્વક આતુરતાના ઉદ્‌ગારો કાઢતા જણાયા છે. એ વાત પણ આ સ્થળે સુભ ચિન્હઃપૂર્વક ખુશ થવા સરખી છે. કારણ કે હવે દેશપરદેશના લોકો ધારેલા વખતમાં સહેજે મળી શકે છે. વાંચક જનો ! હવે જ્યાં ત્યાં રેલ્વે ટ્રેનો પુરતી થઇ ગઇ છે એટલે બહુ મુસ્કેલી પડવા જેવું છેજ નહીં માટે જો આખા ગુજરાતના બધા **દશા અને વીશાલાડ** જ્ઞાતિ ભાઇઓનો સમુહ એક મુક્કર સ્થળે એકઠો થઇ કોન્ફરન્સ ભરવામાં આવે, અને તેમાં જુદાજુદા દેશોદેશના સદ્‌ગૃહસ્થો, વિદ્વાનો ભાગ લેઇ, જ્ઞાતિનો સંપ ! વિદ્યાવૃદ્ધ, નિરાશ્રિતોને આશ્રય, ધર્મની અભિવૃદ્ધિ, કઢંગા રીવાજની નાબુદતા, વગેરે વિષયો ચર્ચાવવા એકમતે થાય તો બેશક જ્ઞાતિનું હિત સચવાય. અને આપણુ ખોવાયલું સુભાગ્ય કદાચ આર્યવતમાં પાછું મળી આવે એમાં સંકા નથી. કહેવત છે કે **ન્યાતે મરવું** કે **ન્યાતે તરવું** અ ખાસ અવિચળ કિર્તિ કરવા સરખુ છે; નહીંતો તે સિવાયનું બીજુતો ગણત્રીમાં ગણી શકાય નહીં. એ પ્રમાણે છે. એટલે હવે હું આશા રાખુ છું કે જો લાડ જ્ઞાતિના અને તે સિવાયના પણ અન્ય જ્ઞાતિના દરેક વિદ્વાનો, ઉત્સાહી, પરોપકારી, નીતિમાન ધર્માષ્ટ સદ્‌ગૃહસ્થો, તથા આપત્ય વર્ગના ઉમંગી સજનો, ઉપર દર્શાવેલા જ્ઞાતિહીતાર્થને ઉન્નતિના ઉજવળતાવાળાં, તથા સ્વાર્થ સાથે પરમાર્થનાં તરંગો સિદ્ધ કરવામાં ખરા અંતઃકરણથી ઉત્સાહપૂર્વક પ્રયત્ન કરશે તો તેમને ઇશ્વર કૃપાથી એવા સત્કાર્યો અલ્પ સમયમાં સત્વર સફળ થશે. અને દેશની ઉન્નતિ તથા તેવાં પરમાર્થી ઉત્સાહી સજન્નોની **જીંદગી સફળ થઈ અચળ કીર્તિ** થશે. એજ **મનુષ્ય જન્મનું ઉત્તમ સાર્થક** છે ! ! ! **અસ્તુ.**

* * * *

# અવલોકન સમાપ્તિ અને યાચના.

## રાહ-હરિગીત.

**લાડનો ઈતિહાસ** સર્વ, આપના આગળ ધર્યો
વાંચી ગયા, શું સપત લીધા ? સાર શું મનમાં ગ્રહ્યો ?
લક્ષ્મી થકી ભરપુર પ્હેલાં, પુત્રને પરિવાર બહુ,
એ હાલ આજે જ્ઞાત તે, કહું ઘેનથી જાગો સહુ. ૧
રૂઢી તણાં બંધન બહુ, પ્રસરી ગયાં છે હાલમાં,
ઘરબાર વેચી ખર્ચ થાએ, આબરૂના વ્હાલમાં,
રડતા પછી ખૂણે જઇ, રે' બાળબચ્ચાં કલેશમાં,
દેદાર તે બંધુ તણાં, જોઇ, આવજો આવેશમાં. ૨
જ્ઞાતિ તણા અગ્રેસરો, જો હિત ચ્હાતા ન્યાતનું,
આ ત્રાસનો કરી નાશને, કરો કાર્ય વિદ્યાદાનનું,
જગદીશની બહુ મ્હેરથી, જે પાસ લક્ષ્મી હોય છે,
કરતાં નહીં શુભ જ્ઞાતીનું તો, જન્મ વ્યર્થ ગણાય છે. ૩
હોએ અસી નામર્દ પાસે, બોજ રૂપ જણાય છે,
રક્ષાય નહીં સ્વદેહને, નહીં અન્યનું હિત થાય છે.
હા, હોય છે લક્ષ્મી તણા, સેવક બહુ આ જગતમાં,
પણ હૃદય તો પાષણનું, ગણુતા જનો મ્હાભક્તમાં. ૪
ઉજ્જવળ થવાને, ઐક્યતાનો, પાઠ આ મનમાં ધરો;
આ નગ્રને પરદેશના, ભ્રાતા સઉ ભેગા મળો;
જગવો જગાવો હાક પુરી, **લાડની દશ દિશામાં;**
ક્ષીરશાયી સ્હાયે પામશો, જયકાર છે, આશિષમાં. ૫

## દોહરો.

**લલ્લુભાઈ** તણો સુત, **પુરૂષોત્તમ** મુજ નામ;
કાર્યાન્તે પ્રભુ પ્રાર્થના, કરી માગું સુમતિ હામ.

**સમાપ્ત.**

વહેલો તે પહેલો ! તાકીદે લખી મોકલો ?
! ગયો વખત ફરી આવશે નહીં માટે આ
સોનેરી તકનો લાભ જલદી લ્યો !

# લાડ અવલોકન.

અથવા

## ( લાડનો પ્રાચીન સંક્ષિપ્ત ઇતિહાસ. )

એ નામનું પુસ્તક છપાતાં પહેલાંથીજ તેની ઉપરા ઉપરી માગણીઓ થવાથી હવે તેની ટુંક સમયમાં બીજી આવૃતિ છપાશે; તેમાં લાડજ્ઞાતિના પ્રાચીન અગર અર્વાચીન **નામાંકિત સજજનોની** જાણવા લાયક **ઇતિહાસની** હકીકતો **ફોટોગ્રાફ** સાથે દાખલ કરી તેઓનાં નામ અમર તરીકે કરવા ધારણા છે. માટે આ **જાહેરાતથી લાડ જ્ઞાતિના દેશોદેશના** સુપ્રસિદ્ધ **નામાંકિતઆગેસરો, શેઠ શાહુકારો, આબરૂદાર ગૃહસ્થો** તથા **વિદ્વાન** તરીકે મનાતાને પંકાતા સજ્જનો, અને ઇતરવર્ગના પણ સુપ્રસિદ્ધ દરેક સજજનોને જણાવવામાં આવે છે કે જે ગૃહસ્થો આ પુસ્તકમાં પોતાના જાણવા લાયક ઇતિહાસ અને ફોટુગ્રાફ પણ છપાવી અમરનામ કરવા ઇચ્છતા હશે તેઓએ એવાં ઇતિહાસ સ્વચ્છ અક્ષરે લખીને તથા પોતાનો ફોટુગ્રાફ એ બન્ને સારી રીતે પેક કરી અમારા તરફ નીચેના સરનામે તુરત મોકલી દેવા એટલે તે યોગ્ય રીતે છપાવી અમર નામ કરવામાં આવશે. નોટપેડ પત્ર લેવામાં આવશે નહીં.

વડોદરા-લાડવાડા. } લેખક. **પુરૂષોત્તમ લલ્લુભાઇ મહેતા.**

# દશાલાડ પત્રિકા.

ઉપલા નામનું ત્રિમાસીક ચોપાનીઉં સંવત ૧૯૬૬ ના કાર્તિક શુદ ૧ થી દર ત્રણ માસે નિયમસર ભરૂચમાંથી દશા લાડ મિત્ર મંડળ તરફથી બહાર પડે છે: એમાં ઇલાકામાં વસતા તમામ દશાલાડોની મળી શકતી જાણવાજોગ ખબરો, જ્ઞાતિમાં ચર્ચાતા વિષયો, થવા જોઇતા યોગ્ય સુધારા વિગેરે માત્ર સાંસારિક જ્ઞાતિ સુધારણાના વિષયો ચર્ચાવવામાં આવેછે. દેશપરદેશના દશાલાડોની એક કોન્ફરન્સ થોડા વખતમાં ભરવા સતત્ પ્રયાસ છે, માટે દરેક ગ્રામ્ય કે શહેરમાં વસતા દશાલાડોની વસ્તી, રીતરિવાજ વિ. જાણવાજોગ હકીકત લખી કોઇ પણ જ્ઞાતિ ગૃહસ્થ મોકલાવેથી ઉપકાર સહિત સ્વિકારી છપાવવામાં આવશે. દરેક દશાલાડબંધુ પત્રિકાનો ગ્રાહક થઇ અન્ય બંધુઓને ગ્રાહક થવા આગ્રહ કરશે. તેમજ કેળવણી પામેલા દશા લાડ ગ્રેજ્યુએટો અવારનવાર જ્ઞાતિ સુધારાણાના વિષયો અવકાશે લખી જણાવશે. પત્રિકાને લગતો સઘળો પત્રવ્યવહાર, **દશાલાડ મિત્રમંડળના પ્રમુખ** તરફ **ભરૂચને** સરનામે કરવો; તેમજ પત્રિકાના લવાજમનો વાર્ષિક રૂ. એક પણ ત્યાંજ મોકલાવો.

---

**કાપડીઆ બ્રધર્સ સોપ ફેકટરીનો કુદરતી**

# કારબોલીક સાબુ.

સાયંસની અનુભવી માણસોની મદદથી, ખાસ ખીલના દરદીઓને માટે આ સાબુ બહાર પાડવામાં આવ્યો છે. અજાયબ જેવું એ છે કે ચાંદાં, ખુજલી અને દરાજપર પણ અક્ષીર રીતે લાગુ પડે છે. ચામડીને કાંઇ ઇજા થતી નથી. તેમ કાળી પડતી નથી. નમુના માટે ફક્ત ૨ાા અઢી આનાની ટીકીટ મોકલી મંગાવી લ્યો. જથાબંધ ઑર્ડર ઉપર પુરતું ધ્યાન આપવામાં આવે છે.

| સોલ એજંટ<br>**એન.જે.કરીમએન્ડ કું**<br>**ચોકબજાર-સુરત.** | **કાપડીઆ બ્રધર્સ શોપ.**<br>**ફેકટરીના માલીકો.** |
|---|---|

જી. એમ. હકીમનું

# યુનાનિ અરકે તિહાલ

# બરોળ સારૂ ખાસ ઈલાજ

## ઘણા માણસો આ દવાથી સારા થાય છે.

નકલી દવાઓથી સંભાળ રાખજો.

બરોળ જેવા ભયંકર દરદીને આ દવા એક આશીર્વાદ સમાન છે એ બીમારી વધારે મુદ્દત રહેવાથી જળંધર પાંડુરોગ ( કમળો ) લાગુ પડે છે અને દિવસે દિવસે શરીર ગળતું જાય છે, ખોરાક પાચન થતું નથી શરીર સુસ્ત થાય છે અને અન ધાતુનો વધારો થતો નથી.

આ દવા દીન ૮ સુધી લેવાથી તરતની લાગુ થયેલી બરોળ તદન નાબુત થઇ જાય છે. અને ફરી થતી નથી લાંબી મુદત વાળા દર્દીને આ દવાની ૩ બાટલી વાપરવાથી સંતોષકારક આરાંમ થાય છે. દરેક જાતના તાવને પણ નાબુદ કરે છે.

દવા વાપરવાની રીત હકીમની બાટલી સાથેના લેબલ ઉપર આપેલી છે.

ત્રણ બાટલી સામટી લેનારને રૂ, ૨ પડશે બાટલી ૧ ના રૂ. ાા બહાર ગામ વાળાઓને પોસ્ટ અથવા રેલવે ખરચ જુદું.

**ગૌહરઅલી નુરૂદીન હકીમ,**

ઠે. રાવપુરા ચીમનાબાઈ ટાવર—વડોદરા.

# આતંકનિગ્રહ ગોળીઓ

ચાલુ જમાનાની તાકાત આપનારી તમામ ઔષધીમાં અગ્રેસર છે.

☞ આ ગોળીઓ

(૧) પાચનશક્તિની વિક્રિયાને દુર કરે છે.
(૨) નબળા પડતા જ્ઞાનતંતુઓને પુષ્ટિ આપેછે.
(૩) ઘટતી જતી સ્મરણશકિતને સતેજ કરે છે.
(૪) લોહીને સુધારી ઉમદા બનાવે છે.
(૫) તાકાત વધારે છે.
(૬) મર્મસ્થાનની શક્તિને ઉત્તેજીત કરે છે.

૩૨ ગોળીની ડબીનો રૂ. ૧—૦—૦

**વૈદ્યશાસ્ત્રી મણિશંકર ગોવિંદજી.**

જામનગર—કાઠિયાવાડ.

તા. ક.—વિશેષ જાણવા માટે પ્રાઇસ લિષ્ટ મંગાવો કે જેમાં શરૂઆતમાં શરીરસંરક્ષણ સંબધી સુંદર બોધક વિષય આપવામાં આવેલો છે.

!! જીંદગીને પવિત્ર કરવાની ઉત્તમ તક !!

# શ્રી દ્વારકાં બેટ દર્પણ

અ થ વા

## યાત્રાળુનો સાથી.

આ પુસ્તકમાં શું છે ?        ખાસ દ્વારકાં મહાત્મ્ય છે.

રસ્તા, ભાડુ, ઉતરવાની જગ્યા, આગબોટ, રેલવેની, મચ્છવાની, અને તમામ ઓખામંડળ (દ્વારકાં) ની સંપૂર્ણ માહિતી ઘેર બેઠાં આપી યાત્રાએ જવા ઉત્તેજીત કરે છે.

બીજા પુસ્તકોની માફક મોટા ખોટા ડોળ એમાં છેજ નહી કોઇ કહેશે કે એમાં શું છે ?

કળીયુગમાં હિંદુના પ્રત્યક્ષ દેવ કયાં છે. તે શાસ્ત્ર આધારે બતાવે છે ? યાત્રાળુ તેના વિશ્વાસુ મિત્રના અને અજ્ઞાન જનને પુર્ણ ઉપદેશ કરે છે–ઘરમાં રાખવા પિતૃઓને તૃપ્ત કરે છે. વળી આ પુસ્તક ઉંચા ને સારા કાગળ ઉપર છાપી અંદર સ્વધર્માભિમાની પુરૂષોનો ફોટો તેમ ત્યાંના વાઘેર (કાબા) લોકોના જુથનો ફોટો આપેલો છે. પુઠું પાકું, મજબુત ને સોનેરી અક્ષરવાળુ છે છતાં જુજ રૂ. ૧–૦–૦ કીંમત રાખી છે.

**સિદ્ધપુર ક્ષેત્ર મહાત્મ.** આ પુસ્તકમાં સીદ્ધપુરના તિર્થોની પૂર્ણ હકીકત લખી છે. પૃષ્ટ ૬૦ છતાં કીંમત રૂ. ૦–૪–૦ છે. બંને પુસ્તકો મંગાવનારને ટપાલ ખર્ચ માફ છે.

મળવાનું ઠેકાણું:—

કર્ત્તા,

**ભાઇલાલ દેસાઇભાઇ પટેલ.**

કલોલ આબકારી ઇન્સપેકટર.

મુ. કલોલ. ઉત્તર ગુજરાત.

જો તમે ઘણા ઘણા ઇલાજો કરાવી નાઉમેદ થયા છો
તો આ જરૂર વાંચો.

# મુડદાંઓને જીવતા કરવાની દવા.

જે લોકો બચપણમાં નાદાનીથી પોતાના કૌવતનો નાશ કરે છે એટલે, હાથરસ અથવા બીજા ખોટા કર્મોથી જુવાનીનો લાભ લઇ શકતા નથી અને પછે ખરેખરા વ. ખતપર આપઘાત કરવા જેવા ખોટા વિચારો ઉપજાવે છે અને એમજ સમજે છે કે આવા જીવવા કરતાં તો મરવુંજ બેહતર છે. આવા જીવતા જીવ મુડદાઓને સજીવન કરવા માટે અમોએ ઘણી મહેનત અને કોશીશથી એક લેપ તૈયાર કર્યો છે જેની કીંમત, મહેનત અને ફાયદાના પ્રમાણમાં રૂ.૨૫ રાખીએ તોપણ વાપરનાર તો સસતીજ સમજે પણ ગરીબ અને અમીર સરખો લાભ લઇ શકે તેટલાજ માટે ફક્તરૂ.૧) કીંમત રાખી છે. ફક્ત એકજ શીશી વાપરવાથી સઘળી નસો મજબુત થઇ જાય છે અને ગએલી શક્તિ પાછી આવી મળેછે.

હવે જેઓને હકીમો અથવા ડોકટરોને પોતાની હાલત કહેતાં શરમાવું પડે છે તેવા નીરાશ થએલા દરદીઓને માટે અમોએ જાદુઇ ગોળીઓ તઇયાર કરી છે, જેની ફક્ત એકજ શીશી જેમાં ૪૦)ચાલીસ ગોળીઓ છે તે વાપરવાથી સઘળી જાતના ગંભીર નુકસાનો દુર કરી પોતાનો જાદુઇ ચમત્કાર દેખાડે છે. આ ગોળીઓ વીર્યને ઘટ કરે છે, યાદશક્તીને તેજ કરે છે, ખોરાકને હજમ કરે છે, પેટના કીરમોનો નાશ કરે છે, કમરના દુખારાને મટાડે છે. ચેહરાના ફીકા પડેલા રંગને ગુલાબી બનાવી દે છે. આ ગોળીમાં કાંઇપણ રસાયણ નાખી નથી. આ ગોળીઓ જન્મના નામરદ શીવાય ગમે તેવો નામરદ હોય તેને ખરેખરો જાદુઇ ચમત્કાર દેખાડે છે. એના ચમત્કારોની વાપરવાથીજ ખાત્રી થશે. એકવાર મંગાવો અને ખાત્રી કરો. કીંમત ફક્ત રૂ. ૧-૦-૦. પાંચ રૂપીઆની દવા મંગાવનારને ગોળીઓની બે શીશીઓ મફત મોકલવામાં આવશે. અમારે ત્યાં દરેક જાતની દવાઓ તૈયાર મળે છે.

મળવાનું ઠેકાણું:— **એમ. ઇ. હકીમ.**
સિધપુર, ઉત્તર (ગુજરાત)

આઠ આનામાં માસીક !

# લુહાણા હીતેચ્છુ

આ માસિક ફેબ્રુઆરી સને ૧૯૧૧ થી શરૂ થશે જેની અંદર જ્ઞાતીની ઉન્નતી એથી સારા વીષયો ચર્ચાવવામાં આવશે તે ઉપરાંત વરસમાં સુંદર પણ ભેટો આપવામાં આવશે આવું છતાં વાર્ષિક લવાજમ ફકત **આઠજ આના** પોસ્ટેજ ચાર આના. હીંદુસ્તાન બહાર પોસ્ટેજ આઠ આના ભરતાની સાથે **વિષયાદેવી યાને ઝેરનો પ્યાલો** તથા **કોન્ફરન્સના પ્રમુખ સાહેબની છબી** ભેટ મળશે માટે તાકીદે નામ નોંધાવો. આવી અમુલ્ય તક કોઇપણ બંધુ જવા દેશે નહી **વિદ્યાર્થીઓને પોસ્ટેજ માફ.**

લુહાણા હિતેચ્છુ ઓફીસ.

વડનગર, ( ગુજરાત )

જલદી ખરીદો ! ! જલદી ખરીદો ! !

માત્ર થોડીજ નકલો છે !

# લાડ અવલોકન

અથવા

## ( લાડનો પ્રાચીન સંક્ષિપ્ત ઇતિહાસ )

આ પુસ્તક ઇતિહાસિક જાણવાજોગ હોવાથી તે સ્ત્રીઓ, પુરૂષો અને બાળકોને પણ ખાસ ઉપયોગી થઇ પડે તેવું મનન કરવા લાયક છે. તેથી પુસ્તક લખતાંજ તેની વગર પૂછે ઉપરા ઉપરી માગણીઓ થયા કરે છે આથી હવે તેની જુજ નકલો છે. માટે શોખીન અને શિક્ષણ સંગ્રહ કરવા ઇચ્છનારાઓએ નીચેના સરનામેથી એ પુસ્તક તુરત મંગાવી લેવું. એટલે વેલ્યુપેબલથી મોકલવામાં આવશે પાછળથી પુસ્તક શીલક હશે તો મોકલવામાં આવશે.

આ પુસ્તકમાં લાડનો પ્રાચીન ઇતિહાસ, તથા ખેડાવાળ બ્રાહ્મણોનો ઇતિહાસ, અને પ્રથમના ને હાલના રીતરીવાજનો વિચાર વગેરે બાબતો અસરકારક રીતે લખાયેલી છે માટે દરેક જણે તેનો સંગ્રહ કરવાની જરૂર હોવાથી પાકા ક્લોથબાઇડીંગ, સોનેરી અક્ષરવાળું પુંઠું કરવામાં આવ્યું છે તે પુસ્તકની કીંમત માત્ર રૂ. ૦-૧૦-૦ છે અને સાદા કાચા પૂઠાંની કીંમત માત્ર ૦-૮-૦ રાખવામાં આવ્યાં છે. માટે તુરત મંગાવો. પોસ્ટેજ જુદુ પડશે. નોટપેડ પત્ર લેવામાં આવશે નહી. જથાબંધ પુસ્તકો લેનારને સારૂ કમીશન આપવામાં આવશે. પત્રવ્યવહાર નીચેના સરનામે કરો.

લાડવાડા-વડોદરા. | લેખક,
પુરૂષોત્તમ લલ્લુભાઇ મહેતા.

!! સ્ત્રી પુરૂષોને ખાસ ઉપયોગી !!

વહેલો તે પહેલો. જલદી ખરીદો.

# બાળલગ્ન દુઃખદર્શક રસિક વાર્તા.

આ પુસ્તક અદ્‌ભુત શૃંગાર અને હાસ્યરસથી ભરપુર છે. બાળલગ્ન નામના દુષ્ટ કુચાલથી આર્યોની જે દુઃખદ સ્થિતિ આવી પડે છે તે અટકાવવા અને કેળવણીથી થતા લાભાલાભ તથા પ્રેમ પરિક્ષાનું અસરકારક બ્યાન આપેલું છે પુસ્તક સ્ત્રી પુરૂષો, અને બાળકોને ખાસ પોકેટ ડાયરી-રૂપ ઉપયોગી થઇ પડયું છે તેથી તેની નવીન આવૃત્તિ છપાવવામાં આવી છે માટે જલદીથી મંગાવો. કીંમત ૦—૪—૦ રૂ. માત્ર રાખ્યા છે. ગ્રાહક થનારે નીચેના સરનામે પત્રવ્યવહાર ચલાવવો. પોસ્ટેજ જુદુ પડશે. નોટપેડ પત્ર લેવામાં આવશે નહી.

લેખક,

લાડવાડા—વડોદરા. } પુરૂષોત્તમદાસ લલ્લુભાઈ મહેતા.

જલદી વાંચી મિત્રમંડળમાં બતાવો ?

સ્ત્રી પુરૂષોને મનન કરવા યોગ્ય

# રત્નગ્રંથી

અથવા

# ટુંકી વાર્ત્તાઓ.

આ પુસ્તકમાં ખાસ રત્નો જેવી શિક્ષણુપયોગી વાર્ત્તાઓ જુદા જુદા વિષયપર લખાયેલી છે, જે વાંચતાંજ વાંચકને કોઇ જુદા પ્રકારનો વિચાર થઇ પુસ્તક ફરીથી વાંચવાની ઇચ્છા થાય છે. સંસારની ખટપટોથી મનુષ્યની મનોવૃત્તિમાં કેવી જાતનો ફેરફાર થાય છે. તે અસરકારક રીતે જણાવેલું છે જેથી બાળકોએ તો ખાસ ખરીદ કરી પોતાની પાસે રાખવાની જરૂર છે, તેથી પુસ્તકની કીંમત રૂ. ૦–૪–૦ માત્ર રાખેલા છે. માટે નીચેના સરનામે પત્રવ્યવહાર કરી મંગાવો. પોસ્ટેજ જુદું પડશે.

મળવાનું ઠેકાણું:—

વડોદરા લાડવાડા. } **પુરશોત્તમ લલ્લુભાઇ મહેતા.**
વડોદરા–લાડવાડા.

! હજારો નકલો ખપી ગઈ છે !

! વગર પુછે માગણીઓ થયાં કરે છે !

# શિક્ષણની સાફલ્યતા.

આ લઘુ પુસ્તક છતાં તેમાં સ્ત્રી પુરૂષોએ શિક્ષણ લેવાની જરૂર, અને તેથી શા લાભ થાય છે, અજ્ઞાન રહેવાથી શું હાનિ થાય છે, ગરીબાઈનો સંસાર કેમ ચલાવાય છે, વગેરે ઘણા વિષયોનું અદ્ભુત રીતે વર્ણન કરેલું છે તેથી તે દરેક જણને ખાસ ઉપયોગી મનન કરવા યોગ્ય હોવાથી તેની કીંમત માત્ર ૦-૧-૦ રાખ્યો છે પોસ્ટેજ જુદું પડશે. જથાબંધ પુસ્તકો લેનારને સારૂ કમીશન મળશે.

મળવાનું ઠેકાણું.—

વડોદરા-લાડવાડા. } પુરૂષોતમ લલ્લુભાઈ મહેતા.

! મનુષ્ય જન્મની સાર્થકતા ઇચ્છતા હોતો !

# સંસાર સાર કે અસાર.

એ નામનું પુસ્તક તુરત મંગાવો. એટલે તેમાં મનુષ્ય પોતાની જીંદગીમાં કેટલી હદ સુધી જાય છે; તેમાં તેને કેટલું સહન કરવું પડે છે, અને જ્યારે સંસારના વ્યવહારોથી તે જાણીતો થાય છે ત્યારે તેના વિચારો કેવા હવામાં ઉડી જઇ બદલાઇ જાય છે વળી પોતાની જીંદગીની ઉપયોગતા અને જન્મની સાર્થકતા કેમ થાય છે તેનો આબેહુબ ચિતાર ટુંકામાં દર્શાવ્યો છે તેથી તે દરેક સજ્જનોને ઉપયોગી છે માટે તેની કીંમત માત્ર રૂ. ૦—૧—૦ રાખી છે. પોસ્ટેજ જુદું પડશે. જથાબંધ લેનારને સારૂં કમીશન આપવામાં આવશે.

મળવાનું ઠેકાણું.—

વડોદરા-લાડવાડા. } પુરૂષોતમ લલ્લુભાઇ મહેતા.

ગુજરાતી, મરાઠી, ઉર્દુ, અંત્યજ શાળાઓના
દરેક બાળકોને શિક્ષકોપયોગી

# વ્યાકરણનું ઝાડ.

આ ઝાડ એવી અદ્‌ભુત રીતે ચીતરેલું છે કે તેમાં લઘુ વ્યાકરણ અને મોટા વ્યાકરણનો સમાસ થયેલો છે, તેથી તે દરેક શાળાના ધોરણ—૨ જા થી તે ધો. ૬ ઠ્ઠા સુધીના બાળકોને ખાસ વિદ્યાર્થીઓનોસાથી તરીકે ઉપયોગી થઇ પડી વ્યાકરણનું ઉત્તમ શિક્ષણ મળી શકે એમ છે માટે જે બાળકો, અને શાળાના મહેતાજીઓ વ્યાકરણનું સારૂં જ્ઞાન-લેવા ઇચ્છતા હોય તેમણે સદર ઝાડની કીંમત રૂ. ૦—૦—૬ પાઇ કલદાર મોકલી તુરત મંગાવી લેવું. કારણ કે જોઇતીજ નકલો કઢાવવામાં આવી છે એટલે પાછળ શીલક હશે તોજ મળશે. વળી શાળાના મહેતાજીઓ જેઓએ આ ઝાડ પોતાની શાળાના માટે ખાસ ખરીદવા ઇચ્છા રાખતા હોય તેમણે બોર્ડ ઉપર ચોઢેલું ઝાડ રૂ.૦-૧-૦ કીંમત મોકલી મંગાવી લેવું. નોટપેડ પત્ર લેવામાં આવશે નહીં. પોસ્ટેજ જુદુ પડશે.

ઠે. લાડવાડા-વડોદરા. } કર્તા.
પુરૂષોતમ લલ્લુભાઇ મહેતા.

રંગ બેરંગી સરસ કામ.

!! હરેક જાતના નામના પાટીઆ !!

રંગ બેરંગી ઓઇલ પેઇન્ટીંગના હરેક જાતના પાટીઆં ઇંગ્રેજી, ગુજરાતી, મરાઠી, ઉરદુ ભાષામાં જુજ કીંમતે, અક્ષરો ફેશનેબલ જુદી જુદી રીતથી છાપખાનાની બરોબરી કરી શકે એવાં કાળજીપૂર્વક સસ્તા ભાવથી ચીતરવામાં આવે છે. માટે કામ કરાવનારે નીચેના સરનામે લખવું.

**S. P. Mehtta & Co.**

BARODA, LADWADA.

---

વાર્ષિક લવાજમ રૂ. ૧။ ટપાલ સાથે રૂ ૨။

# "ગુજરાતી પંચ."

સસ્તામાં સસ્તું અને સર્વોત્તમ

અઠવાડિક પત્ર.

દર વર્ષે બે પુસ્તકની ભેટ ઉપરાંત "દીવાળી" ના જેવા ખાસ અંકનો લાભ આપવામાં આવે છે.

---

# "ગુજરાત પ્રીન્ટીંગ પ્રેસ"

માં

સર્વ પ્રકારનું છાપવાનું કામ કિફાયત, વેળાસર અને સુંદર કરી આપવામાં આવે છે.

બન્નેનું ઠેકાણું:—રીચીરોડ, **અમદાવાદ.**

! જલદી ખરીદો ને મિત્રમંડળને ખરીદવા આગ્રહ કરો !

## ગ્રાહકોને સોનેરી તક.

## ! જો તમારે સંસારમાં ઉત્તમ સુખ ભોગવવું હોય તો !!

અમારા તરફથી પ્રગટ થયેલાં પુસ્તકો જેવાં કે—**બાળલગ્નદુઃખદર્શક** કીંમત માત્ર રૂ. ૦-૪-૦, **રત્નગ્રંથી** રૂ. ૦-૪-૦, **સંસાર સાર કે અસાર** કીંમત રૂ. ૦-૧—૦, **શિક્ષણની સાફલ્યતા** કીંમત માત્ર રૂપીઆ રૂ. ૦—૧—૦ તથા હાલનું નવું પ્રગટ થયેલું પુસ્તક **લાડ અવલોકન** કીંમત રૂ. ૦-૧૦-૦ આના છે તે તમામ પુસ્તકો ઘણાજ શિક્ષણુપયોગી સંગ્રહ કરવા લાયક છે. માટે તુરત મંગાવો

જે ગ્રાહકો ઉપરનાં પાંચ પુસ્તકો એક સામટા ખરીદ કરશે તો તેમને માત્ર રૂ. ૧—૦—૦ આપવામાં આવશે. માટે જલદીથી મંગાવો. કારણ કે નકલો થોડી છે. એટલે પાછળથી શીલક હશે તોજ મળશે. જથાબંધ લેનારને સારૂ કમીશન મળશે. નોટપેડ પત્ર લેવામાં આવશે નહીં. પત્રવ્યવહાર નીચે મુજબ કરવો.

ઠેકાણું. વડોદરા—લાડવાડા. } પ્રકાશક, **પુરૂષોત્તમ લલ્લુભાઇ મહેતા.**

! વૈષ્ણવ બંધુઓમાં ચાલતી ભારે લુંટ !

# શ્રી નાથજીનું પ્રાગટય.

વૈષ્ણવ બંધુઓને અતિ ઉપયોગી ચમત્કારીક બાબતોથી ભરપુર દરેક બંધુઓને દરરોજ અધ્યયન કરવા લાયક તૈયાર છે. શ્રીનાથજી સુંદર છબી સાથે માત્ર આઠ આના કીંમત છે છબી વિનાના પુસ્તકની કીંમત તદન ઘટાડી ચાર આના રાખવામાં આવ્યા છે. થોડીજ નકલો શીલક છે માટે તાકીદે મગાવો.

જો તમારે સ્વદેશીની હીમાયત સાથે સ્વધર્મ સાચવી પૈસા કમાવા હોયતો ફક્ત આપણા દેશના શુદ્ધ તેલથી પવીત્ર—**સાબુ બનાવવાનો હુન્નર** માટે ફક્ત ત્રણ આનાની ટીકીટો મોકલી હુન્નર શીખો. કીંમત ઘટાડી છે. થોડીજ નકલો શીલક છે.

**નટવરલાલ સી. ઠક્કર.**

**વડનગર—ગુજરાત.**

!! માત્ર એક પૈસામાં જીંદગી સફળ કરો !!

# દુખનાશક દેશી ચાહ.

**ઉત્તમ તન્દુરસ્તી પ્રાપ્ત કરવાને આ સહેલો ને સોંઘો રસ્તો શોધી** કાઢયો છે. આ **ચાહ** જોતાંજ તેની સુગંધી મધુર અને ખુશબોદાર હોવાથી દીલપસંદ થઇ પડે છે. જો તમે લોહીને સુધારવા, તન્દુરસ્તી મેળવવા, જીર્ણ-જ્વર બંધ કરવા, ખાંસી, ક્ષય વગેરે હૃદયરોગને નાબુદ કરવા, ધાતુપ્રકોપનું દુઃખ દૂર કરી મગજ તર કરી દરેક અવયવો મજબુત કરી, જ્ઞાનતંતુઓ સતેજ કરી આયુષ્યમાં વૃદ્ધિ કરવા ઇચ્છતા હો તો એકવાર આ **દીલપસંદ દુઃખનાશક દેશી ચાહ**ના નમુનાનું એક પડીકું માત્ર રૂ. ૦-૦-૩ થી મંગાવી વાપરી ખાત્રી કરો.

**ગ્રાહકોને ઉત્તમ તક.**

**શિક્ષણની સાફલ્યતાનું પુસ્તક મફત**-જો આ ઉત્તમ ચાહનો એક રતલનો એક ડબો માત્ર રૂ. ૦-૯-૦ આનામાં ખરીદ કરશો તો તે સાથે આ જણાવેલું રસમય પુસ્તક મફત આપવામાં આવશે.

**રત્નગ્રંથીનું પુસ્તક મફત**-જો આ ચાહના એક રતલના અડધો ડઝન ડબા એકી વખત ખરીદશો તો તે સાથે આ જણાવેલું શિક્ષણ સાહિત્યનું એક ઉપયોગી પુસ્તક પણ મફત મળશે. જથાબંધ માલ લેનારને સારૂ કમીશન મળશે. લાયક અને મહેનતુ એજન્ટો કમીશનથી તથા પગારથી જોઇએ છે. નોટપેડ પત્ર લેવામાં આવશે નહીં પોસ્ટેજ જુદુ પડશે. પત્રવ્યવહાર નીચેના સરનામે કરશો.

એજંટ-લુહાણાહિતેચ્છુ
ઓફીસ.
વડનગર-ગુજરાત.

મળવાનું ઠેકાણું.
**એસ. પી. મહેતા.**
વડોદરા લાડવાડા.